بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


**બરકાતે ખ્વાજા** (માસિક)

**તા. ૦૧/નવેમ્બર/૨૦૧૬**

મુહર્રમુલ હરામ-સફરુલ મુઝફ્ફર

હિજરી સન : ૧૪૩૮

વર્ષ : ૧૩, અંક : ૧૧, સળંગ અંક : ૧૫૫



સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી




● અનુક્રમણિકા ●


01 નવા ઈસ્લામી વર્ષમાં આપણે શો મનસૂબો બનાવ્યો ? 02

02 ત્રણ તલાકના બારામાં ગવર્નમેન્ટની દખલના આઘાત પ્રત્યાઘાત 03

03 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન 07

04 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત 09

05 અસ્માઉલ હુસ્ના 11

06 હદાઈકે બખ્શિશ 12

07 હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત 15

08 સીરતે રસૂલે મુખ્તાર ﷺ 17

09 કાનૂને શરીઅત 19

10 ઈમામ અહમદ રઝાની પોલિટિકલ નિપૂણતા 23

11 મદ્રસાના ફારિગોમાં દઅવતી વિચારધારા તથા... 26

12 હઝરત મુફ્તીએ આ'ઝમ રાજસ્થાન رحمۃ اللہ علیہ 31

13 મરાકશના કામિલો (વલીઓ)ના સાત નૂરાની ચહેરા 36

14 મુસ્લિમ પર્સનલ લોમેં કિસીકી દખલગીરી નહીં.... 38

15 બરકાતે ખ્વાજાની ટપાલ 46


**મન્કબત : ઈરશાદે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہ

અહમદ રઝા કા તાઝા ગુલિસ્તાં હૈ આજ ભી
ખુર્શિદે ઈલ્મ ઉન્કા દરખ્શાં હૈ આજ ભી
અરસા હુવા વો મર્દે મુજાહિદ ચલા ગયા
સીનોંમેં એક સોઝિશ પિન્હાં હૈ આજ ભી
ઈમાન પા રહા હૈ હલાવત કી નેઅમતેં
ઔર કુફ્ર તેરે નામસે લરઝાં હૈ આજ ભી
સબ ઉનસે જલનેવાલોં કે ગુલ હો ગએ ચિરાગ
'અહમદ રઝા' કી શમ્એ ફરોઝાં હૈ આજ ભી
કિસ તરહ ઈત્ને ઈલ્મ કે દરયા બહા દિએ
સર ચશ્મએ નિશાતે સુખન દાં હૈ આજ ભી
તુમ ક્યા ગએ કે રૌનકે મેહફિલ ચલી ગઈ
શેઅરો અદબ કી ઝુલ્ફ પરેશાં હૈ આજ ભી
બઅદે વિસાલ ઈશ્કે નબી ﷺ કમ નહીં હુવા
રૂહે રઝા હુઝૂર પર કુર્બાં હૈ આજ ભી
'મિર્ઝા' સરે નિયાઝ ઝુકાતા હૈ ઈસ લિએ
ઈલ્મો અમલ પે આપ કા એહસાં હૈ આજ ભી




# નવા ઈસ્લામી વર્ષમાં આપણે શો મનસૂબો બનાવ્યો ?

**અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

સન હિ. ૧૪૩૭ આપણાથી વિદાય થયું અને આપણને એ પયગામ આપી ગયું કે ઘણુ બધું તમો ગુમાવી ચૂક્યા છો, તમારા ઘણા બધા દેશો તબાહ થઈ ગયા અને કરોડો લોકો બેઘર થઈને રેફયુજી (શરણાર્થી) કેમ્પોમાં સૂકા નાનની આશામાં તાકી તાકીને દરેક આવનારાને જોઈ રહ્યા છે ! સર્વ મિલ્કતો તબાહ તથા બર્બાદ કરી દેવામાં આવી અને દેશો ખંડેરોમાં તબદીલ થઈ ચૂક્યા છે. પઢવા પઢાવવાનો (દરેક પ્રકારની તાલીમ)નો ક્રમ કપાય ગયો છે. વિદ્યાર્થીઓ તથા ટીચરો માટે શિક્ષણ કેન્દ્ર સુધી પહોંચવું મુશ્કેલ થઈ ગયું છે. ગયું ઈસ્લામી વરસ આપણા માટે અજંપા તથા બેચૈની અને જાન તથા માલની બર્બાદીનું રહ્યું કે જેની સર્વ હકીકત જાહેર છે કાંઈ છુપી નથી.

હવે આપણે નવા ઈસ્લામી વરસમાં કદમ રાખ્યો છે તો આપણા શું મનસૂબાઓ છે ? જો મુસ્લિમ ઉમ્મતને એ પૂછવામાં આવે કે આપણે નુકસાનની ભરપાઈ માટે શું આયોજન કર્યું છે ? તો જવાબ મળશે, કેવો પ્લાન ? હું સમજુ છું કદાચ જ જવલ્લે જ અમુક લોકોને એનો એહસાસ હોય, નહીં તો મોટાભાગના લોકો બેપરવાઈ તથા બિન જિમ્મેદારીભર્યી જિંદગી પસાર કરી રહ્યા છે. આજે સામૂહિકપણે આપણે હોશિયાર થવાની જરૂરત છે, આપણી અંદર મુસ્લિમ ઉમ્મતનું દર્દ તથા રંજોગમ પેદા કરવાની જરૂરત છે, તેમની તકલીફોના નિવારણ માટે યથાશક્તિ કોશિશ કરવાની જરૂરત છે. આર્થિક, શૈક્ષણિક, ઈસ્લાહી (સુધારણમય) તથા અખ્લાકી (સંસ્કારિક્તાને લગતી) ઉચ્ચતા તરફ લઈને જવા માટે આયોજન કરવાની જરૂરત છે. વિલાદત (જન્મ)ના સમયથી લઈ મહશરના દિવસ સુધી આકાએ કરીમ ﷺનો મહાન પયગામ તથા અમલ એ જ છે અને એ જ રહેશે, "ઉમ્મતની ફિક્ર !" જો તમે પણ ઉમ્મતનું ભલુ ચાહશો તો ઈન્શાઅલ્લાહ ! આપનુ પણ જરૂર ભલુ થશે.

પરંતું અફસોસ ! સેંકડો અફસોસ ! આજે આપણે સ્વાર્થી બની ગયા છીએ. પોતાની ઈચ્છાઓને પૂરી કરવા માટે ગમે તે હદે કાંઈ પણ કરવું પડે, અમે કરવા તૈયાર થઈ જઈએ છીએ, પરંતુ મુસ્લિમ ઉમ્મતની ભલાઈ તથા બેહતરી તથા તેની હાજતરવાઈ (મદદગારી) માટે અમુક કદમ ચાલવું પણ આપણા માટે મુશ્કેલ છે !

ખુદારા ! આ નવા વરસમાં પોતાની સોચને બદલો ! નિશ્ચિય કરો કે જ્યાં સુધી જીવંત રહીશું ત્યાં સુધી કેવળ પોતાના માટે નહીં, બલ્કે પૂરી મુસ્લિમ ઉમ્મતના માટે પણ ચિંતાતુર રહીશું. હુઝૂર રહમતે આલમ ﷺએ આ ભાવના સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم أجمعينના દિલોમાં ભરી આપી હતી, ત્યારે જ તો એમની શાનમાં આયતે કરીમા નાઝિલ થઈ :–

وَ يُؤْثِرُوْنَ عَلٰٓى اَنْفُسِهِمْ وَلَوْ كَانَ بِهِمْ خَصَاصَةٌ وَمَنْ يُّوْقَ شُحَّ نَفْسِهٖ فَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ

"અને પોતાનાથી એમને અગ્રતા આપે છે, ભલે તેમને સખત મોહતાજી હોય, અને જે પોતાના નફસથી બચાવવામાં આવ્યો તે જ કામયાબ છે." *(સૂ. તગ઼ાબૂન, આ. ૧૬, પારા : ૨૮)*

શું કદી આપણે વિચારણા કરી કે સૈયદુશ્શોહદા ઈમામે હુસૈન رضی اللہ عنہએ કુર્બાની કેમ આપી ? એ તો પેદાઈશી જન્નતી હતા ! બલ્કે જન્નતના નવજવાનોના સરદાર હતા ! અસલમાં તેમણે તથા અહલે બયતના ખાનદાને કુર્બાની એટલા માટે આપી કે જેથી અસલ દીન આપણા સુધી પહોંચે. પરંતું અફસોસ ! સેંકડો અફસોસ ! ઈમામ હુસૈન رضی اللہ عنہની શહાદત પર ગમ મનાવનારા એમનો પયગામ તથા એમનો મકસદ ભૂલી ચૂક્યા છે.

વધુ પેજ નં. ૨૨ પર

# ત્રણ તલાક઼ના બારામાં

## ગવર્નમેન્ટની દખલના આઘાત પ્રત્યાઘાત

ખાસ કરીને છેલ્લા અઢી વરસથી જ્યારથી કેન્દ્રિય ગવર્નમેન્ટમાં સત્તાની તબદીલી થઈ છે ત્યારથી આજ સુધી કોઈપણ નિષ્પક્ષ ભારતીય નાગરીક દેશમાં બની રહેલા બનાવોનો સર્વે કરશે તો જાણવા મળશે કે ઈસ્લામ અને મુસલમાનો વિરુદ્ધ બોલવાની જાણે હોડ લાગી છે, જાણે કે અંદરખાને તેઓને છૂટ મળી છે અથવા પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા હોય તેમ ઈસ્લામની બાબતે તથા મુસ્લિમો બાબતે બેફામ બોલવામાં આવે છે જેના પર કોઈ રોકટોક નથી થતી, તેમજ લઘુમતિ મુસ્લિમ તેમજ ક્રિશ્ચનોને યેનકેન પ્રકારે હેરાન કરવાના પરેશાન કરવાના બનાવો દિન પ્રતિ દિન વધતા આપણે જોઈ રહ્યા છીએ. અમુક સ્વાર્થી તત્વો, તકસાધુઓ, અમુક ભાગલાવાદી તત્વો અંગત લાભ ખાતર એ પ્રવૃત્તિમાં પડેલા છે કે જેનાથી દેશબાંધવોમાં ભાતૃભાવની ભાવના ખત્મ થઈ જાય. એક તરફ વિકાસ વિકાસના ડંકા વાગી રહ્યા છે, બીજી બાજુ અસહિષ્ણુતાનો, ક઼ૌમી વૈમનસ્યનો માહોલ વિસ્તરતો જઈ રહ્યો છે. જ્યારે દેશમાં અશાંતિ અને અજંપો વધતો જશે તો પછી દેશનો વિકાસ થશે કે અધોગતિ થશે, એ વિચારવાની વાત છે.

આવા નાઝુક માહોલમાં ખુદ કેન્દ્ર સરકાર તરફથી મુસ્લિમોના તલાક઼ના મસ્અલા સંબંધે સીધી દખલગીરીનું ક઼દમ હાલમાં જ ભરવામાં આવ્યું, જેનાથી અફસોસની સાથે આશ્ચર્ય પણ થાય છે. **જ્યારે હિંદુસ્તાનના બંધારણે મુસ્લિમોને તેમના "પર્સનલ લો" પ્રમાણે પોતાના મામલા સુલઝાવવાની છૂટ આપેલી છે, પછી એમાં કોઈની દખલગીરી કોઈ રીતે યોગ્ય નથી.** મહિલાઓની લાગણી દર્શાવવાના ઓઠા હેઠળ "મુસ્લિમ પર્સનલ લો"માં દખલગીરી અસ્વીકાર્ય બાબત છે. દેશભરની મહિલાઓના ભલા માટે સુલઝાવવા જેવા આથી પણ ગંભીર અનેક મસ્અલા જગ જાહેર છે, તેના માટે ચિંતા કરવાને બદલે કેવળ મુસલમાનો પાછળ પડવું કોઈ રીતે યોગ્ય નથી. જેથી અમારી ગવર્નમેન્ટને વિનંતિ છે કે "મુસ્લિમ પર્સનલ લો"માં હસ્તક્ષેપથી પોતાને અલિપ્ત રાખે.

### મુસ્લિમ લીડરોના આ બાબતે પ્રત્યાઘાતોની ઝલક

ત્રણ તલાક઼ના હવાલાથી કેન્દ્ર સરકાર તરફથી દાખલ કરવામાં આવેલ સોગંદનામા પર વિચારણાના માટે દારુલ ક઼લમ, ઝાકિર નગર દિલ્હીના સેમીનાર હોલમાં તા. ૯–૧૦–૨૦૧૬ના રોજ યોજાયેલ ચર્ચાના પ્રોગ્રામમાં ઉલમાએ કિરામ તથા ક઼ૌમના દાનિશ્વરો (વિચારકો)ને સંબોધન કરતાં મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી સાહબે કહ્યું કે, "એ જૂઠ છે કે (કહેવામાં આવ્યું) ૨૫

મુસ્લિમ દેશોમાં ત્રણ તલાક઼ પર પાબંદી છે.'' અમુક આઝાદ ખયાલ અને નામના મુસલમાન સત્તાધારીઓએ પોતાની મનમાની કરી હોય તો ઈસ્લામી શરીઅત તથા ઉલમાએ શરીઅતથી એને કોઈ સંબંધ નથી, અને આમ મુસલમાનો પણ એને સ્વીકારવા માટે તૈયાર નથી. અને અમારા માટે કોઈ અન્ય દેશનો ગૈર શરઈ ક઼ાનૂન સ્વીકાર્ય નથી. **અમારા માટે તો ''કુર્આન'' તથા ''હદીષ'' દલીલ છે, અને ''ઈજમાઅ'' તથા ''ક઼યાસ'' પર અમો યક઼ીન ધરાવીએ છીએ. અને દેશની બાબતો તથા મામલાઓમાં હિંદના બંધારણને અમો અમારા માટે સ્વીકાર પાત્ર માનીએ છીએ.''**

સુપ્રિમ કોર્ટમાં કેન્દ્ર સરકારના સોગંદનામાનું ક઼ાયદાકીય નિરીક્ષણ કરતાં એંજિનિયર સૈયદ ફઝલુલ્લાહ ચિશ્તીએ કહ્યું કે, ''અસલમાં ત્રણ તલાક઼ને સ્ત્રીઓ વિરુદ્ધ જુલ્મ ઠરાવવું અને હિંદુસ્તાની સમાજના માટે અસ્વીકાર્ય લખવું આ એક રાજનૈતિક સાઝિશ છે. તેમણે કહ્યું કે જજ સાહબો હિંદના બંધારણની ક઼લમો અને હાઈકોર્ટ તથા સુપ્રિમકોર્ટમાં આપવામાં આવેલ તથા કરવામાં આવેલા ફૈંસલાઓ પર અને એમની દલીલોના આધાર પર ફૈંસલા આપે છે. **પરંતુ હિંદુ મેરેજ એક્ટના હેઠળ કેટલાયે ફૈંસલા ઉગ્રવાદી હિંદુઓની ભાવનાઓ તથા હિંદુ પબ્લિકનું માન રાખવાના નામ પર પણ સામે આવ્યા છે. જેમ કે જૈન ધર્મના પેશવાને નાગા રહેવાનો હક્ક છે, જ્યારે કે હિંદુસ્તાની સંસ્કૃતિ અને સમાજની નજરમાં એ બેહૂદગી તથા બેહયાઈ છે. પરંતુ કોર્ટનો ફૈંસલો એ છે કે જૈનોનું માનવું છે કે નગ્ન રહેવું એ એમનો ધાર્મિક હક્ક઼ છે એટલા માટે એમને એ હક્ક઼ આપવામાં આવ્યો.''**

મૌલાના અશરફુલ કૌષર મિસ્બાહીએ કહ્યું કે **ત્રણ તલાક઼ તથા અન્ય તમામ મસાઈલ પર મીડિયા, ગવર્નમેન્ટ તથા નામ માત્રના કહેવાતા બુદ્ધિજીવીઓ (દીની જ્ઞાનથી કોરા !)ની તરફથી પાયાહિન મંતવ્યો, નિવેદનો જે થાય છે તે મુસલમાનોને દિમાગી રીતે, આયોજનાત્મક તથા સામાજિક રીતે પરેશાન કરીને બેચૈન તથા અજંપાની સ્થિતિમાં રાખવાનો તરીક઼ો છે, કે જેથી તેઓ ભવિષ્યમાં પોતાના માટે કોઈ યોગ્ય આયોજન તૈયાર કરવાને પાત્ર ન રહે.** મેહફિલમાં દિલ્હીની મસ્જિદોના વિવિધ ઈમામો, ઉલમા, વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ, દીની સંસ્થાઓના કાર્યકરો, મોર્ડન એજ્યુકેશન સંસ્થાઓના ઉસ્તાદો, વિદ્યાર્થીઓ, સંશોધકો તથા માનનીય હઝરાત હાજર રહ્યા.

''મુસ્લિમ પર્સનલ લો બોર્ડ'' (દિલ્હી)એ પણ જાહેર કરી આપ્યું છે કે ''મુસ્લિમ પર્સનલ લો''માં ફેરફાર નથી થઈ શકતો. મૌલિક અધિકારને માનીને ત્રણ તલાક઼વાળા મામલામાં સુપ્રિમ કોર્ટ સુનવાઈ ન કરે, કેમ કે આ ધર્મનો મામલો છે. તેમજ દેશભરમાં સ્ત્રીઓ તલાક઼ના મામલે કુર્આન, હદીષના હુકમ પર રાજી છે એ દર્શાવતી સહી ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, કેમ કે અમુક કહેવાતી મુસ્લિમ ઔરતોના ત્રણ તલાક઼વાળા મસ્અલાની વિરોધમાં નિવેદનો તથા ટીવી પર ઉભા કરેલ હોબાળા સામે કરોડો મુસ્લિમ સ્ત્રીઓ છે જેઓ કુર્આન હદીષના દરેક હુકમને દિલો જાનથી માનવા રાજી છે એ જાહેર કરી શકાય.

## શરીઅતના મામલે કેન્દ્ર ખામોશ રહે : મુફ્તી અખ્તર રઝાખાં

સુપ્રિમ કોર્ટમાં કેન્દ્રના સોગંદનામા તથા 'કોમન સિવિલ કોડ'ને લઈને અહલે સુન્નતના બરેલી મર્કઝના ઉલમાએ સરકાર વિરૂધ્ધ મોરચો ખોલી આપ્યો છે. નબીરએ આ'લા હઝરત તાજુશ્શરીઆ મુફ્તી અખ્તર રઝાખાં અઝહરી મિયાંએ કેન્દ્રને શરીઅતના મામલે દખલ ન દેવાની નસીહત કરી. તેમણે કહ્યું કે હુકૂમત માને તો ઠીક નહીં તો 'શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા' એકશન લેશે. શહેર કાઝી મૌલાના અસ્જદ રઝાખાં કાદરી તથા મૌલાના સઈદ નૂરી (સેક્રેટરી : રઝા એકેડેમી–મુંબઈ) 'કોમન સિવિલ કોડ'ને સખત શબ્દોમાં વખોડી કાઢયો.

હુઝૂર તાજુશ્શરીઅહ مدظلہ العالی એ વધુમાં કહ્યું કે કેન્દ્રિય હુકૂમત તથા કેન્દ્રિય કાનૂન આયોગ (લો કમિશન)ને ત્રણ તલાકના મસ્અલામાં કોઈ રીતે પણ હસ્તક્ષેપ કરવાનો અધિકાર નથી. એક સાથે ત્રણ તલાક બોલવાથી ત્રણ જ માનવામાં આવશે, એ જ કુર્આન કહે છે. રિસાલતકાળથી આજ સુધી (લગભગ ૧૪૫૦ વરસોથી) એના પ્રમાણે જ ફેંસલા થતા રહ્યા છે, આ જ ઈસ્લામી માન્યતા હેઠળ કચેરીઓમાં ફેંસલા થતા રહ્યા. વધુમાં કહ્યું કે હુકૂમતે પોતાનો ફેંસલો પરત ન લીધો તો 'શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા' બરેલી શરીફથી દેશભરમાં વિરોધ પ્રદર્શનનો કરવા મજબૂર થશે. *(અમર ઉજાલા–૧૬–૧૦–૨૦૧૬, વારાણસી)*

## દેશની એકતા, શાંતિ સલામતી માટે શરીઅતનો કાનૂન જ શ્રેષ્ઠ માર્ગ !

અમદાવાદ (મિર્ઝાપુર) ખાતે શયખુલ ઈસ્લામ હઝરત સૈયદ મદનીમિંયા અશરફીના અધ્યક્ષપણા હેઠળ હુઝૂર મુહદ્દિષે આ'ઝમ હિંદ رحمۃ اللہ علیہ ના ઉર્સ નિમિત્તે 'જશ્ને સૈયદ' મનાવાયો. આ પ્રસંગે હઝરત સૈયદ હસન અસ્કરી મિયાં અશરફીએ જણાવ્યું કે, ''શરીઅતનો કાનૂન કોઈ વ્યક્તિનો નહીં પણ અલ્લાહનો બનાવેલો છે, તેમાં કયામત સુધી ફેરફાર થઈ શકશે નહીં. શરીઅતનો કાનૂન બદલનારાઓ સમજી લે કે જો દેશ કે વિશ્વમાં એકતા, શાંતિ સલામતી ભાઈચારો કાયમ કરવો હશે તો શરીઅતનો કાનૂન જ સર્વ શ્રેષ્ઠ છે. ......... આ દેશને આઝાદ કરવા માટે મુસ્લિમોએ પણ કુર્બાનીઓ આપી છે, અને હજીય દેશને બચાવવા કે દેશની એક ઈંચ જમીન બચાવવા માટે મુસ્લિમો કુર્બાની આપતાં ખચકાશે નહીં, પરંતું શરીઅતના કાનૂનમાં ફેરફાર કરવામાં આવશે તો હરગિઝ સાંખી લેશે નહીં.....*(ગુજરાત ટુડે, ૧૭–૧૦–૨૦૧૬)*

## મુસ્લિમો મરી જશે પરંતું કુર્આનના કાયદાને બદલવા નહીં દે !

હિંદના દરેકે દરેક રાજ્યોમાં ખૂણે ખૂણેથી તલાકના મસ્અલામાં ગવર્નમેન્ટના હસ્તક્ષેપને લઈને વિરોધ ઉભો થયો છે અને દિન પ્રતિ દિન વધી રહ્યો છે. અમદાવાદની જામા મસ્જિદના પેશ ઈમામ શબ્બીર આલમ સિદ્દીકીએ જામા મસ્જિદ ખાતે મિટિંગમાં જણાવ્યું કે મુસ્લિમો પાસેથી રોટી, કપડાં, મકાન બધુ છીનવી લેશો તો ચાલશે પરંતુ તેમની પાસેથી કુર્આનના કાયદાને બદલવા કે રદ કરવા દઈશું નહીં. *(ગુજરાત ટુડે, તા. ૧૫–૧૦–૨૦૧૬)*

અહલે સુન્નત સિવાય અન્ય ફિર્કાવાળાઓ પણ એકી અવાજે મુસ્લિમ પર્સનલ લોમાં હસ્તક્ષેપનો વિરોધ દર્શાવી રહ્યા છે.

## ભરૂચ જિલ્લાના મુસ્લિમોએ પણ વિરોધ ઠરાવ જાહેર કર્યો

દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ ખાતે તા. ૧૬–૧૦–૨૦૧૬ રવિવારે ઝહોરબાદ ભરૂચ જિલ્લાના વિવિધ દારૂલ ઉલૂમોના ઉલમા તેમજ સુન્ની મુસ્લિમ આગેવાનો, દીનના હમદર્દોની, બુધ્ધિજીવીઓની એક મીટિંગ આ જ બાબતે થઈ જેમાં મુફ્તી મોહસીન થામવાળાની અધ્યક્ષતામાં હાફેઝ સઈદ ખાનપૂરી, મૌલાના અલ્તાફ ચાંચવેલી, મૌલાના ઝહીર મિસ્બાહી દહેગામીએ ત્રણ તલાક઼ના મસ્અલાની સ્પષ્ટતા કરી, તેમજ પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)એ વિરોધ દર્શાવતો ઠરાવ વાંચી સંભળાવ્યો જેને જિલ્લાભરમાંથી આવેલ ઉલમા તથા જિમ્મેદારોએ સર્વાનુમતે મંઝૂર કર્યો. ઠરાવનો ટૂંકસાર એ છે કે 'મુસ્લિમ પર્સનલ લો'એ કોઈ માનવીનો બનાવેલો ક઼ાનૂન નથી બલ્કે કુર્આનમાં રબના આદેશો તથા હદીષમાં હુઝૂર ﷺનાં ફર્માનો પરથી જે ૧૪૫૦ વરસોથી અમલમાં છે જેમાં કોઈને ફરેફાર કે છેડછાડ કરવાનો અધિકાર નથી. હિંદના બંધારણમાં મુસલમાનોને પોતાના અંગત મામલામાં એ જ લો પ્રમાણે ફેંસલાનો અધિકાર આપ્યો છે, જેથી એમાં થતી ગવર્નમેન્ટની દખલગીરીનો અમો સર્વે વિરોધ દર્શાવીએ છીએ..... વધુમાં કલેક્ટરશ્રીને આવેદન પત્ર પણ આ બાબતે આપવામાં આવનાર છે.

આ જ પ્રમાણે દેશભરમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યાં છે તથા સ્ત્રીઓની સહી ઝુંબેશ ચાલી રહી છે, સર્વ મુસ્લિમો નારાઝગીનો ઈઝહાર કરી રહેલ છે. આ સંજોગોમાં હુકૂમતની જવાબદારી બને છે કે આ મુસ્લિમોની ધાર્મિક બાબત છે, બંધારણે જેની એમને છૂટ આપી છે અને મુસલમાનોની પૂરી અકષરિયત એમાં હુકૂમતની છેડછાડને પસંદ નથી કરતી તો એ વાતને પડતી મૂકવી જોઈએ. મુસ્લિમ પર્સનલ લો કોઈ અન્ય જાતિ માટે તો નથી, અને જેમના માટે છે તેઓ સૌ એમાં હસ્તક્ષેપના વિરોધી છે તો વાતને હવે વધારવી ન જોઈએ અને અમ્નો શાંતિ બરક઼રાર રહે એવા નિર્ણયો લેવા જોઈએ. ❒❒❒


## 'અલ–અશરફ નૂરાની કેલેન્ડર' ૨૦૧૭

★ ૧૮'' × ૨૩'' સાઈઝના ડબલ ગ્લેઝ આર્ટ પેપર પર મલ્ટીકલર પ્રિન્ટીંગ ★ ૧૨ મહિનાના ઉર્સ–સંદલની યાદી ★ બોધદાયક, ગાગરમાં સાગર સમાન ઈસ્લામી લેખો ★ દેશ–વિદેશના મુક઼દસ આસ્તાનાઓની રંગીન તસ્વીરો ★ નઅત શરીફ, મનક઼બત, દુરૂદ શરીફ....વગેરે ઘણુ બધુ.

ટપાલથી મંગાવનારે પ્રકાશકના નીચેના સરનામે **રૂા. ૪૦/–**નો મનીઓર્ડર કરવો.

**મોહદ્દિસે આઝમ મિશન ગુજરાત પ્રદેશ (મિરઝાપૂર બ્રાન્ચ)**

૧૫, પેરેડાઈઝ કોમ્પલેક્ષ, મિરઝાપુર, અહમદાબાદ–૩૮૦૦૦૧. ટેલિફેક્ષ : ૦૭૯ ૨૫૫૦૦૯૪૭

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન


અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

અનુવાદક : મૌલાના હસન
આદમ કોલવનવી رحمۃ اللہ علیہ


સૂરએ બક્રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.

تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ ۘ
مِنْهُمْ مَّنْ كَلَّمَ اللّٰهُ وَرَفَعَ بَعْضَهُمْ دَرَجٰتٍ ؕ وَاٰتَيْنَا
عِيْسَى ابْنَ مَرْيَمَ الْبَيِّنٰتِ وَاَيَّدْنٰهُ بِرُوْحِ الْقُدُسِ ؕ
وَلَوْ شَآءَ اللّٰهُ مَا اقْتَتَلَ الَّذِيْنَ مِنْۢ بَعْدِهِمْ
مِّنْۢ بَعْدِ مَا جَآءَتْهُمُ الْبَيِّنٰتُ وَلٰكِنِ اخْتَلَفُوْا
فَمِنْهُمْ مَّنْ اٰمَنَ وَمِنْهُمْ مَّنْ كَفَرَ ؕ وَلَوْ شَآءَ اللّٰهُ
مَا اقْتَتَلُوْا ۟ وَلٰكِنَّ اللّٰهَ يَفْعَلُ مَا يُرِيْدُ ۝
يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اَنْفِقُوْا مِمَّا رَزَقْنٰكُمْ مِّنْ قَبْلِ اَنْ
يَّاْتِيَ يَوْمٌ لَّا بَيْعٌ فِيْهِ وَلَا خُلَّةٌ وَّلَا شَفَاعَةٌ ؕ
وَالْكٰفِرُوْنَ هُمُ الظّٰلِمُوْنَ ۝

## સૂરએ બક્રહની તફસીર

આ[1] રસૂલો છે કે એમનામાં એકને બીજા શ્રેષ્ઠ પર કર્યા,[2] એમનામાં કોઈની સાથે અલ્લાહે વાત ફર્માવી,[3] અને કોઈ તે છે, જેને બધા પર (કંઈ કેટલાયે) દરજજાઓ બુલંદ (ઉચ્ચ) કર્યા,[4] અને અમે મરયમના પુત્ર ઈસાને સ્પષ્ટ નિશાનીઓ આપી,[5] અને પવિત્ર રૂહ દ્વારા એની સહાય કરી,[6] અને (જો) અલ્લાહ ઈચ્છતે તો એમની પાછળવાળા અંદરોઅંદર ન લડતે, એ પછી કે એમની પાસે સ્પષ્ટ નિશાનીઓ આવી ગઈ,[7] પણ તેઓ જુદા પડી ગયા, એમનામાં કોઈ ઈમાન પર રહ્યો અને કોઈ કાફિર થઈ ગયો,[8] અને (જો) અલ્લાહ ઈચ્છતે તો તેઓ લડતે નહીં. પણ અલ્લાહ જે ઈચ્છે તે કરે,[9] (૨૫૩) હે ઈમાનવાળાઓ ! અમારા આપેલામાંથી અલ્લાહના માર્ગમાં ખર્ચ કરો તે દિવસ આવતાં પહેલાં જેમાં ખરીદ વેચાણ નથી, ન કાફિરો માટે દોસ્તી, ન શફાઅત, અને કાફિરો પોતે જ જાલિમ છે[10] (૨૫૪)

**સમજૂતી :** **૧.** આ પાક લોકો જેમનો ઉલ્લેખ પાછળ અને ખાસ કરીને اِنَّكَ لَمِنَ الْمُرْسَلِيْنَમાં થયો.

**૨.** આથી ફલિત થયું કે અંબિયા علیہم السلامના મરતબાઓ જુદા જુદા છે. અમુકથી અમુક શ્રેષ્ઠ છે, જો કે નુબુવ્વતમાં કશો ફેર નથી. નુબુવ્વતના ગુણમાં બધા જ સરખા છે. પરંતુ લાક્ષણિકતાઓ તેમજ કમાલોની દ્રષ્ટિએ મરતબાઓમાં ફેર છે. આ આયતમાં આ બાબત જ બયાન કરવામાં આવી છે, અને આયતના આ સાર પર જ સમસ્ત ઉમ્મતની એકમતિ છે. *(ખાઝિન, મદારિક)*

**૩.** એટલે કે કોઈની પણ દરમ્યાનગીરી વગર. જેમ કે હઝરત મૂસા علیہ السلامને તૂર પર્વત પર

વાતચીત કરવાનો લહાવો આપ્યો, અને હુઝૂર ﷺ સાથે મેઅરાજની રાત્રે વાતચીત ફર્માવી. *(જુમલ)*

**૪.** તે હુઝૂર પુરનૂર સૈયદે અંબિયા મુહમ્મદ મુસ્તફા ﷺ છે કે આપને અન્ય અંબિયા કરતાં કંઈ કેટલાએ દરજ્જાઓની શ્રેષ્ઠતા આપી. આના પર સમસ્ત ઉમ્મતની એકમતિ છે. તેમજ કંઈ કેટલીએ હદીષોથી આ વાત પુરવાર થાય છે.

આયતમાં હુઝૂર ﷺના નામ મુબારકનો ઉલ્લેખ કર્યા વગર આપની આ ઉચ્ચ શાન અને ઉચ્ચ મર્તબાનું જે બયાન કરાયું છે તો એનાથી પણ હુઝૂર ﷺની શ્રેષ્ઠતા પ્રગટ કરવાનો હેતુ છે, બધા અંબિયા عليه السلامની ફઝીલતનું જ્યારે બયાન કરવામાં આવે અને વચમાં આટલા ઉચ્ચ દરજ્જાનો ઉલ્લેખ હોય તો બધા જ એ બાબત સમજી જાય કે હુઝૂરેવાલાની ઝાતે પાક સિવાય આ ગુણ કોઈને પણ બંધ બેસતો આવતો જ નથી. અને જેથી કોઈને શંકા કરવાનું કારણ પણ ન મળી રહે, (અર્થાત તમામ પૈગમ્બરો દરમિયાન હુઝૂરનો મર્તબો એટલો બધો ઊંચો છે કે જ્યારે એનું બયાન કરવું હોય ત્યારે એ મર્તબા સાથે આપના નામે પાકનો ઉલ્લેખ કરવાની આવશ્યક્તા જ રહેતી નથી, કારણ કે દરેક સાંભળનાર એ વાત સમજી જાય છે, કે આ ઉચ્ચ પદવી હુઝૂર ﷺ માટે જ છે એટલે કે હુઝૂરનો મર્તબો અતિશય જગ જાહેર છે.)

હુઝૂર ﷺની તે લાક્ષણિકતાઓ અને કમાલો જેમ કે આપ બીજા તમામ અંબિયા કરતાં ઉચ્ચ અને ચઢિયાતા છે અને જેમાં આપનો કોઈ સમકક્ષ નથી, તે અસંખ્ય છે. કુર્આને કરીમમાં આ મુજબ કહેવાયું છે કે કંઈ કેટલાએ દરજ્જાઓ બુલંદ કર્યા, આ દરજ્જાઓની કોઈ ગણત્રી કુર્આન મજીદમાં બયાન થઈ નથી, તો પછી કોણ એની હદ નક્કી કરી શકે છે ? એ અસંખ્ય કમાલોમાંથી અમુકનું ટૂંક બયાન આ મુજબ છે કે આપની રિસાલત તમામ કાએનાત માટે છે. તમામ કાએનાત આપની ઉમ્મત છે. અલ્લાહપાકે ફર્માવ્યું : **اَرْسَلْنَاكَ اِلَّا كَآفَّةً لِّلنَّاسِ بَشِيْرًا وَّ نَذِيْرًا** "અને તમને તમામ લોકો માટે રસૂલ ખુશખબરી સંભળાવનાર અને ડરાવનાર બનાવીને મોકલ્યા છે." બીજી આયતમાં છે : **لِيَكُوْنَ لِلْعَالَمِيْنَ نَذِيْرًا** "જેથી તમને બધાય આલમ માટે ડરાવનાર બનાવીએ."

મુસ્લિમ શરીફની હદીષમાં છે : **وَمَآ اُرْسِلْتُ اِلَى الْخَلَآئِقِ كَآفَّةً** "હું તમામ મખ્લૂક માટે રસૂલ બનાવીને મોકલવામાં આવેલ છું" અને આપની જાતે પાક પર નબુવ્વત સંપૂર્ણ કરવામાં આવી. કુર્આન મજીદમાં આપને "ખાતમુન્નબીય્યીન" કહેવામાં આવ્યા. હદીષ શરીફમાં ફર્માવ્યું : **خُتِمَ بِیَ النَّبِيُّوْنَ** "મારા પછી નબીઓ નહીં આવે." સ્પષ્ટ નિશાનીઓ અને જગજાહેર મુઅજિઝાઓમાં આપને બધા અંબિયા કરતાં શ્રેષ્ઠ કરવામાં આવ્યા. આપની ઉમ્મતને બધી ઉમ્મતો કરતાં બેહતર કરવામાં આવી. શફાઅતે કુબરા આપને આપવામાં આવી, અલ્લાહની ખાસ નજીકી એટલે કે મેઅરાજ આપને કરાવવામાં આવી, ઈલ્મી અને અમલી કમાલોમાં આપને સહુથી ચઢિયાતા બનાવવામાં આવ્યા. અને એ સિવાય પણ અસીમ શ્રેષ્ઠતાઓ આપને આપવામાં આવી. *(ખાઝિન, મદારિક, જુમલ, બયઝાવી વિગેરે)*

**૫.** જેમ કે મૃત્યુ પામેલાઓને સજીવન કરવા, રોગીઓને આરોગ્ય આપવું, માટીમાંથી પક્ષીઓ બનાવીને તેને જીવતાં કરવાં, ગેબની ખબરો આપવી વિગેરે.

**૬.** એટલે કે જિબ્રઈલ عليه السلام દ્વારા જેઓ હમેશાં આપની સાથે જ રહેતા હતા.

**૭.** એટલે કે અંબિયા عَلَيْهِمُ السَّلَامના મુઅજિઝાઓ.

**૮.** એટલે કે આગળના અંબિયાની ઉમ્મતો પણ ઈમાન અને કુફ્રમાં વહેંચાએલી રહી, બધી જ ઉમ્મત તાબેદાર બની ગઈ હોય એવું બન્યું નથી.

**૯.** તેના રાજ્યમાં તેની વિરૂદ્ધ કશું થઈ શકતું નથી, અને એ જ ખુદાની શાન છે.

**૧૦.** કે એમણે દુનિયાના જીવન દરમ્યાન જરૂરતના દિવસ માટે એટલે કે કયામત માટે કશું જ કર્યું નહીં.

**હદીષ : (ત્રીજો વિભાગ)** : હઝરત અબૂ જહીમ ઈબ્ને હારિષ ઈબ્ને સિમ્મહ رضی اللہ عنہ થી ફર્માવે છે કે નબી ﷺ ચાહે જુમલની તરફથી તશરીફ લાવ્યા[1] તો આપને એક શખ્સ મળ્યો, એણે સલામ કરી, હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ જવાબ ન આપ્યો, ત્યાં સુધી કે આપ એક દિવાલની પાસે તશરીફ લાવ્યા તો ચેહરો તથા હાથોનો મસહ કર્યો, પછી તેને સલામનો જવાબ આપ્યો[2]. (મુસ્લિમ, બુખારી)

હઝરત અમ્માર બિન યાસર رضی اللہ عنہ થી રિવાયત છે, તે વર્ણન કરતા હતા કે સહાબાએ પાક માટી વડે ફજરની નમાઝ માટે તયમ્મુમ કર્યું જ્યારે કે તે હુઝૂર ﷺ ની સાથે હતા. તો માટી પર પોતાના હાથ ફેરવ્યા પછી એકવાર પોતાના મોઢા પર હાથ ફેરવી લીધા, પછી બીજીવાર માટી પર હાથ માર્યા તો પોતાની હથેળીથી પૂરા હાથોનો ખભાઓ અને બગલો સુધી મસહ કર્યો[3].

**મસ્નૂન ગુસ્લ[4] વિશે પ્રકરણ** : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈ જુમ્આના માટે આવે તો ગુસ્લ કરી લીધા કરે[5]. (મુસ્લિમ, બુખારી)

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, દરેક મુસલમાન પર લાઝિમ છે કે દર સાત દિવસમાં એક દિવસ ગુસ્લ કરે જેમાં પૂરુ શરીર ધૂએ[6]. (મુસ્લિમ, બુખારી)

**(બીજો વિભાગ)** : હઝરત સમુરહ ઈબ્ને જુન્દુબ رضی اللہ عنہ થી, ફર્માવે છે કે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું કે જો જુમ્આના દિવસે વુઝૂ કરે તો ભલુ તથા સારું કર્યું, અને જો નહાય તો નહાવું ખૂબ જ સારું છે. (અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, દારમી)

**સમજૂતી** : **૧.** જુમલ એક વસ્તી છે જેને મદીના પણ કહે છે, આ કૂવો (ચાહ) એની તરફ સંબંધિત છે. અને હવે એ વસ્તીનું નામ જ બિઅરે જુમલ (જુમલનો કૂવો) પડી ગયું છે. અહીં જ હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم તથા આઈશા સિદીક઼ા رضی اللہ عنہا ની જંગ (જંગે જુમલ) થઈ.

**૨.** એટલે કે તયમ્મુમ બાદ. એનું વર્ણન હમણા થોડા અગાઉ વર્ણન થઈ ચૂક્યું અને પૂરી તેહકીક઼ ''બાબુ મુખાલત઼તિલ જુનુબ''માં વર્ણન થઈ ચૂકી.

**૩.** આ હદીષના આધારે ઈમામ ઝુહરી ફર્માવે છે કે તયમ્મુમમાં હાથોનો મસહ બગલો સુધી કરવામાં આવે. પણ સહીહ એ જ છે કે કોણીઓ સુધી મસહ કરવામાં આવે. કેમ કે તયમ્મુમ વુઝૂનો નાયબ છે અને વુઝૂમાં હાથ કોણીઓ સુધી જ ધોવામાં આવે છે. એ સહાબાનું આ કામ ખુદ પોતાના ઈજતેહાદથી હતું, ન કે હુઝૂર ﷺ ના ઈર્શાદથી. તેમણે કુર્આને કરીમની આ આયત જોયી **فَامْسَحُوْا بِوُجُوْهِكُمْ وَاَيْدِيْكُمْ مِّنْهُ**. અને અમુક સહાબીઓના ઈજતેહાદ પર અમલ કરવો વાજિબ નથી, જ્યારે કે તે મરફૂઅ હદીષ વિરુદ્ધ જાહેર થઈ જાય. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ વુઝૂમાં બગલ સુધી હાથ ધોતા હતા. હઝરત અમ્માર ઈબ્ને યાસર ગુસ્લના તયમ્મુમના માટે જમીન પર આળોટતા હતા.

**૪.** ગુસ્લ ''ગ઼યન''ના ઝબરથી ધોવાના અર્થમાં,

ગ.યનના ઝેરથી નહાવાનું કે ધોવાનું પાણી, ગ.યનના પેશથી નહાવાના અર્થમાં. અહીં ત્રીજો અર્થ મુરાદ છે ગુસ્લ પાંચ પ્રકારનું છે. ફર્ઝ, વાજિબ, સુન્નત, મુસ્તહબ, મુબાહ. **ફર્ઝ** ગુસ્લ ત્રણ છે : હૈઝથી, નિફાસથી, જનાબતથી ગુસ્લ. મૈયતને ગુસ્લ આપવું **વાજિબ** છે. **સુન્નત** ગુસ્લ પાંચ છે : જુમ્આનું, ઈદોનું, એહરામ વખતે, અરફાના દિવસે. **મુસ્તહબ** ગુસલો કેટલાંક છે, જેમ કે : મૈયતને નવડાવ્યા બાદ, લોહી ચૂંસાવ્યા (હિજામા) પછી, ઈસ્લામ લાવતી વખતે. ઠંડક સફાઈ વગેરેને માટે નહાવું **મુબાહ** ગુસ્લ છે. આ પ્રકરણમાં સુન્નત તથા મુસ્તહબ ગુસ્લોનું વર્ણન થશે.

**૫.** ઈમામે આ'ઝમ તથા જમહૂર ઉલમાની નજીક આ હુકમ વાજિબ હોવાનો નથી, બલ્કે સુન્નતનો છે. અને આ હદીષ મન્સૂખ નથી, બલ્કે મોહકમ છે. ઈમામ માલિક તથા ઈમામ અહમદની નજીક આ હુકમ વજૂબી (વાજિબ હોવું) છે. તેમને ત્યાં જુમ્આનું ગુસ્લ વાજિબ છે. પણ ઈમામે આ'ઝમનો ક઼ૌલ ક઼વી (મજબૂત) છે જેવું કે આગળ સહી રિવાયતમાં આવી રહ્યું છે કે જુમ્આનું ગુસ્લ વાજિબ હોવું મન્સૂખ થઈ ચૂક્યું છે. યાદ રાખશો કે જુમ્આની નમાઝ માટે ગુસ્લ **"સુન્નત"** છે, જેથી જેમના પર જુમ્આ ફર્ઝ નથી તેમના પર આ ગુસ્લ સુન્નત પણ નથી. જેવું કે આ હદીષથી એ જાણવા મળ્યું. અમુક ઉલમાએ أَحَدُ (અહ઼દ)ને نصب અને جُمُعَةٌને ضم પઢયું છે, અને હદીષનો અર્થ એ કર્યો કે જ્યારે તમારામાંથી કોઈની પાસે જુમ્આનો દિવસ આવે તો ગુસ્લ કરે, તેમની નજીક જુમ્આનુ ગુસ્લ મુત્લક઼ન (બિન શર્તી) સુન્નત છે, જુમ્આની નમાઝ ફર્ઝ હોય કે ન હોય. જેથી જોઈએ કે ગુસ્લ સવાર (સુબ્હ સાદિક઼) પછી કરવામાં આવે, રાતમાં કરી લેવાથી આ સુન્નત અદા થશે નહીં.

**૬.** જો વાજિબ અષાબત (સાબિત હોવાના)ના અર્થમાં હોય તો હદીષ મોહકમ છે મન્સૂખ નથી, અને જો જરૂરીના અર્થમાં છે તો મન્સૂખ છે, જેવું કે આગળ આવી રહ્યું છે. આ હદીષથી જાણવા મળ્યું કે **જુમ્આનું ગુસ્લ જુમ્આના દિવસના કારણે છે, ચાહે જુમ્આની નમાઝ ફર્ઝ હોય કે ન હોય.** ઘણા બધા ઉલમાનો આ જ ક઼ૌલ છે.

**૭.** અહીં એક દિવસથી મુરાદ જુમ્આનો દિવસ છે જેવું કે અન્ય બીજી રિવાયતોથી જાણવા મળ્યું. અને લુઝૂમ (લાઝિમ હોવા)થી શબ્દકોશનું લુઝૂમ મુરાદ છે, ન કે શરઈ. મતલબ એ છે કે અઠવાડિયામાં જુમ્આના દિવસે ગુસ્લ કરી લેવું જોઈએ જેથી કરીને શરીર પણ સાફ થઈ જાય અને કપડાં પણ, અને જુમ્આની ભીડમાં મુસલમાનોને તકલીફ ન થાય. કેમ કે માથામાં મેલ જૂવો અધિક થઈ જાય છે, એટલા માટે ખાસ કરીને એનું વર્ણન કરવામાં આવ્યું, નહીં તો શરીરમાં એ પણ સામેલ હતું. ગુસ્લમાં કુલ્લી (કોગળો) અને નાકમાં પાણી લેવું અને પૂરા શરીરને ધોવું આપણે ત્યાં ફર્ઝ છે. ગુસ્લ પહેલાં વુઝૂ કરી લેવું, જમણી બાજુથી શરૂ કરવું એ સુન્નતો છે.

**૮.** આ હદીષ જમહૂર ઉલમાની દલીલ છે કે જુમ્આનું ગુસ્લ ફર્ઝ કે વાજિબ નથી પણ સુન્નત છે. એનું સમર્થન મુસ્લિમ શરીફની રિવાયતથી પણ થાય છે કે ફર્માવ્યું, હુઝૂર صلى الله عليه وسلمએ ફર્માવ્યું, **જે જુમ્આના દિવસે ગુસ્લ કરીને નમાઝના માટે આવે, મારી નજીક બેસે, ખામોશીથી ખુત્બો સાંભળે, તો તેના દસ દિવસના ગુનાહ માફ થઈ જશે.**


## નિકાહ રજીસ્ટર 3 કોપીમાં

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

### અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના

લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ ક઼ાદરી**

*(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડીસ્મિથ, સા. આફ્રિકા)*

અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**

## અર્રશીદ الرَّشِید

**(હિદાયત તથા ભલાઈનો માલિક)**

**સમજૂતી** : તે ઝાતે અક઼દસ (પવિત્ર જાત) જેની તદબીરો પોતાના હેતુઓ સુધી હમેશાં સહીહ અંદાઝથી જારી તથા ચાલુ રહે છે, અને તે પોતાની તદબીરોના લાગુ કરવામાં ન કોઈ સલાહકારનો મોહતાજ હોય છે અને ન કોઈ રાય સૂચવનારનો મોહતાજ હોય છે, કેમ કે એ તો રશીદ તથા હકીમ છે.

**દર્સ તથા સબક઼** : નામ મુબારક الرَّشِید **"અર્રશીદ"**થી બંદાના માટે દર્સ એ છે કે તે પોતાની તદબીરોમાં પોતાની હિદાયત તથા ભલાઈના પ્રમાણમાં દુરુસ્ત તથા મજબૂત રહે અને દીન તથા દુનિયાના મક઼સદોમાં સીધા માર્ગ તથા સીધી કેડી પર રહે, અને કોઈ મોડ પર ટેઢી ચાલ તથા ભાગવાની વૃત્તિનો શિકાર ન બને.

**ફાયદાઓ તથા ખાસિયતો** : ઈશાની નમાઝ પછી જે શખ્સ یَارَشِیدُ **"યા રશીદ"**થી એકસો વાર પઢશે તેના અમલો ઈન્શાઅલ્લાહ ! મક઼બૂલ થશે.

## અસ્સ઼બૂર الصَّبُورُ

**(અતિશય સબ્ર તથા ધૈર્યવાળો)**

**સમજૂતી** : સ઼બૂર તે છે જે કામને અંજામ આપવામાં ઉતાવળથી કામ નથી લેતો. અને કામનો સમય આવવાથી પહેલાં ઉતાવળાપણાને પ્રદર્શિત નથી કરતો. હા ! જ્યારે કામોનો સમય આવી જાય છે તો તેને કરવામાં મોડુ પણ નથી કરતો. બલ્કે એના થકી સર્વ કામો તેના સમય પર અંજામ પામે છે. ઉતાવળના કારણે એ કામોને આગળથી નથી કરતો, બલ્કે કામોનો જે તદ્દન સહીહ તથા યોગ્ય સમય હોય છે એ સમયે એ કામોને અંજામ આપે છે. અને જાહેર છે કે એની સામે એ કામોને અંજામ આપવામાં કોઈ ચીજ આડ નથી થઈ શક્તી. અને બંદાના સબ્રનો મામલો એ છે કે એણે ઘણી રુકાવટોનો સામનો કરવાનો હોય છે, એકબાજુ નફ્સાની ખ્વાહિશો પોતાની તરફ ખેંચે છે, બીજી બાજુ ઈસ્લામી તા'લીમ સબ્રની હિદાયત કરે છે. આ પ્રમાણે એ બંદાની સામે બે વિરોધાભાસી હરકતો ઉપસ્થિત થાય છે. જો તે ઈસ્લામી હિદાયતને મજબૂતીથી થામી લે અને નફ્સાની ઈચ્છાઓને દબાવી દે તો તે "સબૂર" થશે, અને રબ તઆલા બંદાઓની કમજોરીઓથી પાક છે, એટલા માટે (હક઼ીક઼ી) સબૂર તો તે જ છે, હા ! એની તૌફીક઼ તથા કરમથી અંબિયા عَلَیْهِمُ السَّلَام અને ખુદાની બારગાહના મહબૂબ બંદાઓ પણ "સબૂર" હોય છે.

**દર્સ તથા સબક઼** : નામ મુબારક الصَّبُورُ **"અસ્સ઼બૂર"**માં બંદાના માટે દર્સ એ છે કે સબ્રનો દામન થામી રાખીને ફર્માંબરદારીમાં વ્યસ્ત રહે અને ગુનાહોથી દૂર અને બચેલો રહે. વધુ ટાઈટલ ૩૫....

# હ઼દાઈકે઼ બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)

:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**મો'મિન હૈ વો જો ઉન્કી ઈઝ્ઝતપે મરે દિલસે**
**તા'ઝીમ ભી કરતા હૈ નજદી તો મરે દિલસે**

*(મરે દિલસે = કુર્બાન થાય, તાઝીમ કરના = ઈજ્જત કરવી, નજદી = મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ નજદીના અક઼ીદાવાળા ગુસ્તાખે નબી, મરે દિલસે = મરેલા દિલથી, કમને)*

**અર્થાત** : મો'મિનની ઓળખ એ છે કે તે દિલો જાનથી, કોઈ મજબૂરી તથા દુનિયવી ફાયદા વિના નબી કરીમ ﷺની તારીફ કરે છે. જ્યારે કે ગુસ્તાખ નજદી વહાબીની હાલત એ છે કે હુઝૂર ﷺની તાઝીમની વાત કરે છે તો મુર્દાદિલી અને મજબૂરીના કારણે કરે છે, કેમ કે તેને એવી લાલચ હોય છે કે આવી વાતો કરીને લોકોને પોતાની જાળમાં ફસાવી લઉં, અને લોકો સમજશે કે આ તો ગુસ્તાખ નથી, કેમ કે ગુસ્તાખ ન હોત તો કિતાબોમાં કાંઈ અલગ અને ઝબાન પર કાંઈ અલગ, એવું ન હોત.

જ્યારે કે સાચો મો'મિન પોતાના ઈમાનના તક઼ાઝા હેઠળ અલ્લાહના રસૂલ ﷺની ઈજ્જત કરે છે, કેમ કે હદીષ શરીફમાં છે : **لا یومن احد کم حتی اکون احب الیه من ولده ووالده والناس اجمعین** હુઝૂર ﷺને આખી સૃષ્ટિ કરતાં બલ્કે મા બાપ, ઔલાદ કરતાં અધિક મહબૂબ ન સમજે તે મો'મિન જ નથી થઈ શકતો. બલ્કે એક હદીષમાં છે કે પોતાની જાનથી અધિક પ્રિય જાણે તો જ કામિલ મો'મિન ગણાશે. હુઝૂર ﷺના ગુલામોના ક઼દમોની ખાક બની જવું અને આપના ગુસ્તાખોના માટે નગ્ન તલ્વાર બની જવું ઈમાનની નિશાની છે. સહાબાએ કિરામ તો રસૂલુલ્લાહ ﷺના ગુસ્તાખોને આ પ્રમાણે લલકાર્યા કરતા હતા : **والله لحمار رسول الله ﷺ اطیب ریحامنك** "અમારા આક઼ા ﷺના ગધેડાથી પણ ખુશ્બુ આવે છે અને હે ગુસ્તાખો ! તમારાથી તો અમને બદબૂ આવે છે, કેમ કે ગુસ્તાખીની બદબૂને દુનિયાની કોઈ ખુશ્બુ ખત્મ નથી કરી શકતી ! સારાંશ કે : (શેઅર)

*બહુત સાદા સા હૈ અપના ઉસૂલે ઝિંદગી "કૌષર" – જો ઉનસે બેતઅલ્લુક઼ હૈ વો હમારા હો નહીં સકતા.*

**વલ્લાહ ! વો સુન લેંગે, ફર્યાદકો પહુંચેંગે**
**ઈતના ભી તો હો કોઈ જો આહ કરે દિલસે**

*(વલ્લાહ = ખુદાની ક઼સમ !)*

**અર્થાત** : હે સરકારે મદીના સરવરે ક઼લ્બો સીના ﷺના સાચા ઉમ્મતી ! કોઈ ગુસ્તાખની વાતોમાં ન આવી જતો કે નઊઝુબિલ્લાહ ! નબી મરીને માટીમાં ભળી ગયા, હવે કાંઈ નથી કરી શકતા ! કે આ સર્વ એમની બકવાસ છે. મારા આક઼ા ﷺ પોતાના ઉમ્મતીની ફરિયાદ તથા પુકારને સાંભળે છે, ન કેવળ

સાંભળે છે બલ્કે ફર્યાદરસી (મદદે પહોંચવું, મદદ કરવું) પણ કરે છે અને અહલે હક્ક અહલે સુન્નત હમેશાં આપ ﷺની તથા વલીઓની મદદને ખુદાઈ (ખુદા તરફની) મદદ જ સમજતા રહ્યા છે. જેમ કે એક જગાએ આ'લા હઝરત ફર્માવે છે :

*અપને દિલકા હૈ નહીંસે આરામ, સાંપે હૈં અપને ઉન્હી કો સબ કામ*
*લૌ લગી હૈ કે અબ ઈસ દરકે ગુલામ, ચારાએ દર્દ 'રઝા' કરતે હૈં*

આ'લા હઝરત ફર્માવે છે : એટલું તો હોવું જોઈએ કે ઉમ્મતી દિલથી આપને યાદ કરે, પછી જુએ કે આપની મદદ કવી રીતે એને પહોંચે છે ?! હુઝૂર ﷺએ ફર્માવ્યું, **انی اریٰ ما لا ترون واسمع مالا تسمعون** "હું તે જોઉં છું જે તમે નથી જોઈ શક્તા, અને હું તે સાંભળું છું જે તમે નથી સાંભળી શક્તા !"–*(બુખારી)*

મતાલિઉલ મસર્રાત શરહે દલાઈલુલ ખયરાત"માં છે : આપ ﷺએ ફર્માવ્યું, **اسمع صلاۃ اھل محبتی واعر فھم** "મહોબ્બતવાળા જ્યાંથી પણ મારા દુરૂદો સલામ પઢે છે, હું ખુદ સાંભળુ છું અને તેમને ઓળખુ છું."

**બિછળી હૈ ગલી કૈસી બિગળી હૈ બની કૈસી**
**પૂછો કોઈ યહ સદમા અરમાનભરે દિલ સે**

**અર્થાત :** હે લોકો ! શું પૂછો છો કે જ્યારે મારાથી મદીનાની ગલી છૂટી તો મારા દિલ પર શું ગુજર્યું ?! હાય ! મારી સંવરેલી કિસ્મત બગડી ગઈ ! આ કોઈ મામૂલી સદમો છે ?! એની તકલીફ પૂછવી હોય તો કોઈ આશિકે મુસ્તફા ﷺના દર્દભર્યા દિલને પૂછો.

*મરકે જીતે હૈં જો ઉન્કે દરપે જાતે હૈં "હસન"–જીકે મરતે હૈં જો આતે હૈં મદીના છોળકર*

*–(હસન રઝા رحمۃ اللہ علیہ)*

**ક્યા ઉસ્કો ગિરાએ દહર જિસ પર તૂ નઝર રખ્ખે**
**ખાક ઉસકો ઉઠાએ હશ્ર જો તેરે ગિરે દિલસે**

*(દહર = જમાનો, હશ્ર = કયામતનો દિવસ, ગિરે દિલસે = દિલથી ઉતરી જાય)*

**અર્થાત :** હે મારા પ્યારા આકા ! જમાનો એ ખુશનસીબનું શું બગાડી શકે છે ! જેના પર આપ ﷺની નિગાહે કરમ હોય ? અને એ બદનસીબને તો હશ્ર પણ નહીં ઉઠાવી શકે જેને આપે આપના દિલથી ઉતારી કાઢયો અને એનાથી નિગાહે કરમ ફેરવી લીધી. "હશ્ર ઉસ્કો ખાક ઉઠાએગા" એનો મતલબ એ નથી કે તે હશ્રના દિવસે કબ્રએથી નહીં ઉઠે, અને તેનો હિસાબ કિતાબ નહીં થાય, બલ્કે મુહાવરારૂપે આ વાક્ય વપરાયું છે કે તેની હશ્રના દિવસે પણ દસ્તગીરી કરવાવાળો કોઈ નહીં હોય જેનાથી આપે નજરો ફેરવી લીધી. અને 'ઉઠના' તથા 'ગિરના'નો મતલબ એ નથી કે જમીન પરથી ઉઠવું તથા જમીન પર પડવું હોય, બલ્કે નેકબખ્તી તથા બદબખ્તી મુરાદ છે.

સામાન્યત : હશ્રનો શબ્દ વાતની અંતિમ હદ માટે ઉપયોગમાં લેવામાં આવે છે, દા.ત. કહે છે કે ફલાણાએ તો હશ્ર ખડો કરી દીધો ! મતલબ એ છે કે જેનાથી હુઝૂર ﷺએ રહમતની નજર ફેરવી લીધી તે પછી હશ્ર સુધી નહીં ઉઠી શકે.

*તેરી નઝરસે સબકી સલામત હૈ ઝિંદગી – તેરા કરમ ન હો તો કયામત હૈ ઝિંદગી*

**બહકા હૈ કહાં મજનૂ લે ડાલી બનૂકી ખાક**
**દમભર ન કિયા ખૈમા લયલાને પરે દિલસે**

**અર્થાત :** હે પાગલ મજનૂ ! તું ક્યાં બહેકેલો અને ભટકેલો ફર્યા કરે છે ?! અને જંગલોની ખાક છાની રહ્યો છે ? તારી લયલાએ તો તને એક ક્ષણ માટે પણ પોતાના તંબૂથી જુદો નથી કર્યો. દીવાના ! અમને જરા પૂછ કે જુદાઈનો સદમો શું હોય છે ? જો મહ્બૂબના કદમોથી અલગ થઈ રહ્યા છીએ તો દિલ પર કરવતીઓ ચાલી રહી છે !

અથવા એનો મતબલ એ છે કે જે મજનૂ (ઈશ્કે નબીમાં દીવાના આ'લા હઝરત) કદી પોતાના મહબૂબના દરે અકદસથી અલગ ન થયો હતો, તે મદીનાથી પરત આવીને હવે હિંદુસ્તાનના જંગલોની ખાક છાની રહ્યો છે

પરંતું આ અર્થ એટલા માટે મુનાસિબ નથી, કેમ કે આ બનાવ હેઠળ આપ એ વાંચી ચૂક્યા છો કે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ અખ્તર હાપૂરીની નઅતની તસ્હીહ (સુધારણા) કરતાં "મજનૂ ખળે હૈં ખૈમાએ લયલા કે સામને" આ મિસ્રાના વિશે ફર્માવ્યું હતું કે, આ શેઅર સરકાર ﷺની શાનને પાત્ર નથી, કેમ કે એમાં રોઝાએ અકદસને લયલાના ખૈમા (તંબૂ) સાથે સરખાવેલ છે. જેથી આ પ્રમાણે કહો, "કુદ્સી ખળે હૈં અર્શે મુઅલ્લા કે સામને."

તો ત્યાં આ'લા હઝરત رحمۃ اللہ علیہ જે શબ્દોને સરકાર ﷺની શાનના માટે અયોગ્ય ઠરાવે, તો પછી અહીં બેઠા એ જ શબ્દો કેવી રીતે વાપરી શકે છે !

*અદબગાહેસ્ત ઝેરે આસ્માં અઝ અર્શ નાઝુકતર – નફસ ગુમકર્દા મી આયદ જુનૈદો બાયઝીદ ઈંજા*

**સોનેકો તપાએँ જબ કુછ મેલ હો યા કુછ મેલ**
**ક્યા કામ જહન્નમકે ધરે કો ખરે દિલ સે**


*(તપાએँ = ગરમ કરે, પીગળાવે, મેલ = મેલ કુચેલ, મેલ =મિલાવટ, એકમાં મીમ પર ઝબર બીજામાં ઝેર, ધરે = ભળકતી આગ, ખરે = સાફ સુથરા)*

**અર્થાત :** સોનાનું ખરૂ કે ખોટુ માલૂમ કરવા માટે એ તરીકો છે કે એને આગમાં તપાવીને પીગાળી દેવામાં આવે છે આ રીતે એમાંની મેલ કુચેલ, મિલાવટ દૂર થઈ જાય છે. આવું એવા સોના સાથે કરવામાં આવે છે જેનો હાલ માલૂમ ન હોય અથવા ખબર હોય કે એમાં મેલ કુચેલ અથવા અન્ય ધાતુની મિલાવટ છે પરંતું જ્યારે યકીન હોય કે સોનુ ખરૂ છે તો તેને આગ પર તપાવવા કે પીગળાવવાની જરૂરત નથી હોતી اَلْحَمْدُ لِلّٰه (અલ્હમ્દુલિલ્લાહ !) આશિકાને મુસ્તફા ﷺનાં દિલ રસૂલુલ્લાહ ﷺના રહેવાની જગા છે, એમનામાં મેલ કુચેલ કે મિલાવટનો પડછાયો પણ નથી, પછી જહન્નમની આગને એનું શું કામ ?!

હદીષ શરીફમાં છે કે મો'મિન જ્યારે પુલસિરાતથી પસાર થશે તો દોઝખ પોકારી ઉઠશે, જલ્દી પસાર થઈ જા ! તારા નૂરે ઈમાનથી મારી આગ ઠંડી થઈ રહી છે આ'લા હઝરત رحمۃ اللہ علیہ બીજા ઠેકાણે ફર્માવે છે.

*અય ઈશ્ક તેરે સદકે જલનેસે છૂટે સસ્તે – જો આગ બુઝા દેગી વો આગ લગાઈ હૈ*

રાહતુલ કુલૂબ



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

સંપાદક : મહબૂબે ઈલાહી હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمة الله عليه ❑ અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

### બુઝુર્ગોના સફરના અનુભવ

ત્યાર બાદ શયખુલ ઈસ્લામ શયખ કુત્બુદ્દીન બખ્તિયાર કાકી અવશી رحمة الله عليهના બારામાં વાત શરૂ થઈ, તો ઝબાન મુબારકથી ફર્માવ્યું કે શયખ કુત્બુદ્દીન અને શયખ જલાલુદ્દીન તબરેઝી رحمة الله عليهما જ્યારે આપસમાં મળ્યા તો સફરમાં થયેલ અનુભવો વિશે વાત શરૂ થઈ. હું પણ ખિદમતમાં હાજર હતો. શયખ જલાલુદ્દીન તબરેઝી رحمة الله عليهએ આ પ્રમાણે શરૂઆત કરી કે એકવાર હું કર્શાની તરફ મુસાફિર હતો. મેં ઘણા બુઝુર્ગોની ખિદમત કરી. એક બુઝુર્ગની ખિદમતમાં પહોંચ્યો જે શહેરની નજીક એક ગુફામાં રહેતા હતા. એ સમયે તે નમાઝમાં વ્યસ્ત હતા. જ્યારે નમાઝથી ફારિગ થયા તો મેં સલામ કરી. સલામના જવાબમાં કહ્યું, વઅલૈકુમુસ્સલામ ! હે શયખ જલાલુદ્દીન ! હું આશ્ચર્યમાં પડી ગયો કે એમણે મારું નામ કેવી રીતે જાણી લીધું ?! તેમણે કહ્યું, જે તને અહીં લાવ્યો છે તેણે તારુ નામ બતાવ્યું છે. હું આદાબ બજાવી લાવ્યો. હુકમ થયો, બેસી જા ! હું બેસી ગયો. તેમણે આ પ્રમાણે વાતની શરૂઆત કરી કે એકવાર મેં એક દુરવેશ ૧૫૦ વરસનો ખૂબ અઝમતવાળો જોયો જે ખ્વાજા હસન બસરી رحمة الله عليهના મુરીદોમાંથી હતો. જે મુસલમાન વગેરે જે કામ લઈને બુઝુર્ગની ખિદમતમાં આવતા, હજી પહોંચી ન શક્તા એટલામાં તેમની મુરાદ પૂરી થઈ જતી.

### દુનિયાની મહોબ્બત તમામ ગુનાહોની જડ

ત્યારબાદ ફર્માવ્યું કે મેં એક હજાર સાતસો પીરોની ખિદમત કરી છે, દરેકે કાંઈ ન કાંઈ નસીહત કરી છે. અંતિમવાર ખ્વાજા શમ્સુદ્દીન વલ આરિફીન رحمة الله عليهએ મને એ નસીહત કરી કે હે દુરવેશ ! જો ખુદા રશીદા કે તેની નજીક થવા ચાહે છે તો દુનિયા તથા દુનિયાવાળાઓથી બેઝાર (બેપરવા) થઈ જા, તેમનાથી દૂર થઈ જા. દુરવેશ દુનિયવી સંબંધોને કારણે લાચાર થઈ જાય છે, કેમ કે દુનિયાની મહોબ્બત જ તમામ ગુનાહોની જડ છે. જે દુનિયાવાળાઓથી બેઝાર હોય તે જ ખુદા રશીદા થઈ ગયો. તો હે જલાલુદ્દીન ! મર્દાને ખુદા (અલ્લાહના વલીઓ)એ સૌથી સંબંધ કટ કર્યો છે ત્યારે જઈને ક્યાંક ખુદા રશીદા બન્યા છે.

### બુઝુર્ગની નસીહત તથા કરામત

પછી શયખ જલાલુદ્દીને ફર્માવ્યું. હું રાત ત્યાં જ રોકાયો. ઈફતારના સમયે શું જોઉં છું કે જવની રોટીઓ આલમે ગયબથી જાહેર થઈ. એ બુઝુર્ગે એક મારી સામે રાખી કે ઈફતાર કર. જ્યારે ઈફતાર કર્યો તો ફર્માવ્યું, ખૂણામાં જઈને યાદે ઈલાહીમાં મશગૂલ થઈ જા. રાતનો ત્રીજો પહોર ગુજર્યો હતો એવામાં મેં એક ટાટ પહેરેલ મર્દને જોયો જેની સાથે સાત સિંહ હતા. તેણે આવીને સલામ કરી અને એ બુઝુર્ગની સામે આવીને બેસી ગયો. અને ક્યારેક સિંહ એની આસપાસ ફરતા હતા. હું એ જોઈને કાંપી ઉઠયો કે ઈલાહી ! આ કેવો માણસ છે કે સિંહ સાથે મહોબ્બત રાખે છે. તેણે કલામુલ્લાહ પઢવાનું શરૂ કર્યું અને અંતિમ પહોર સુધીમાં દસવાર ખત્મ કર્યું.

તિલાવત બાદ ઉઠયા અને તાજુ વુઝૂ કરીને ફરી

Web : www.barkatekhwaja.net

તિલાવતમાં મશગૂલ થઈ ગયા. જ્યારે સવાર થઈ તો મેં પણ તેમની સાથે નમાઝ અદા કરી. એ બુઝુર્ગે મને ફર્માવ્યું કે આ મારા ભાઈ ખિઝર છે. એમને જોવાની મને આરઝૂ હતી. જ્યારે આ વાત કહી તો મેં બીજીવાર મુસાફો કર્યો. મારા પર ખૂબ જ હેત (પ્રેમભાવ) દર્શાવ્યો. ત્યારબાદ તે બુઝુર્ગ તથા સિંહો આદાબ પેશ કરી પરત ચાલ્યા ગયા. પછી મેં વિદાય થવા ચાહ્યું, તો એક બુઝુર્ગે ફર્માવ્યું કે, જલાલુદ્દીન ! તું જાય છે પણ ખુદાના બંદાઓની ખિદમત કરજે અને સ્વજાતને તેમના હવાલે કરજે અને અલ્લાહના કામમાં સુસ્તી ન કરતો, તો તું કોઈ મક઼ામ પર પહોંચી જઈશ. પરંતુ આ માર્ગમાં કે તું જાય છે, એક નદી છે, એના કિનારે બે સિંહ રહે છે. તું ત્યાં પહોંચીશ તો તેઓ તને ઈજા પહોંચાડવા ચાહશે, તું મારું નામ લેજે તો સલામતી સાથે પાર થઈ જઈશ.

ત્યારબાદ શયખ જલાલુદ્દીન رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે હું આદાબ બજાવી લાવીને પરત થઈ ગયો. જ્યારે ત્યાં પહોંચ્યો તો શું જોઉં છું કે બંને સિંહ ગર્જના કરતા મારી તરફ મને ફાડી ખાવા માટે આવ્યા. જ્યારે નજીક આવ્યા તો મેં તેમને લલકાર્યા કે હું ફલાણા બુઝુર્ગની પાસેથી આવી રહ્યો છું ! જેવું તેમણે બુઝુર્ગનું નામ સાંભળ્યું તેવા જ દોડીને મારા ક઼દમોમાં માથુ ઘસવા લાગ્યા ! અને પછી પરત ચાલ્યા ગયા અને હું સહીસલામત મારા સ્થળે પહોંચી ગયો.

## અનોખા સફરની અનોખી દાસ્તાન

પછી શયખુલ ઈસ્લામે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે જ્યારે શયખ જલાલુદ્દીન رحمۃ اللہ علیہ હિકાયત ખત્મ કરી ચૂક્યા તો શયખ કુત્બુદ્દીન رحمۃ اللہ علیہએ પોતાના સફરની હિકાયત આ પ્રમાણે શરૂ કરી કે શરૂના દિવસોમાં હું એક શહેરમાં પહોંચ્યો જ્યાં એક દુરવેશ ઉજ્જડ વેરાન થયેલી મસ્જિદમાં રહેતા હતા. કહેવાય છે કે શરૂમાં એ મસ્જિદના સાત મીનારા હતા, હવે ત્યાં કેવળ એક જ રહી ગયો છે. એ દુરવેશની ખિદમતમાં એક દુઆ પહોંચી જેને હફ્ત દુઆ કહે છે. બે રકાત નમાઝમાં જે આ દુઆને પઢે એને ખિઝર علیہ السلامની મુલાક઼ાત નસીબ થાય છે. શયખ કુત્બુદ્દીન رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, મેં માહે રમઝાનની એક રાત્રે જ્યારે હું તે મસ્જિદમાં ગયો અને બે રકાત અદા કરીને એ મીનારા પર ચઢયો અને એ દુઆ પઢી અને નીચે ઉતરીને થોડીવાર રોકાયેલો રહ્યો, પછી ત્યાં કોઈને ન જોતાં નાઉમ્મીદ થઈને પરત ચાલ્યો ગયો. જ્યારે દરવાજાથી બહાર થયો તો અચાનક એક શખ્સે લલકાર્યો કે આ મકાનમાં શા માટે આવ્યો હતો ? મેં કહ્યું, એટલા માટે કે ખિઝર علیہ السلامની મુલાકાત થાય, બે રકાત નમાઝ પઢીને દુઆ પણ પઢી, પરંતું એ દૌલત નસીબ ન થઈ. હવે હું ઘેર જઈ રહ્યો છું. તેણે કહ્યું, ખિઝરને શું કરીશ ? એ પણ તારી જેમ જગા જગા ફરી રહેલ છે ! એમને જોઈને શું થવાનું છે ? કદાચ તું દુનિયા તલબ કરવા માગે છે ! કહ્યું, નહીં ! જણાવ્યું, આ શહેરમાં એક માણસ રહે છે જેના દરવાજા પર ખિઝર આવ્યા કરે છે. બાર વખત ગયા છે, પણ અંદર જવાની ઈજાઝત નથી મળી. હું અને તે આ જ વાતો કરી રહ્યા હતા એવામાં એક નૂરાની મર્દ લીલા પોશાકમાં જાહેર થયા. તે ખૂબ જ તાઝીમ સાથે એની પાસે ગયો અને એમના પગો પર ગબડી પડયો. જ્યારે તે પછી મારી પાસે આવ્યો તો એ મર્દની તરફ ઈશારો કરીને કહ્યું, શું તમે આ દુર્વેશને જાણો છો ?! કહ્યું, તે દુનિયા તલબ કરે છે કે સોનુ. કહ્યું, ન દુનિયા ન ઝર (સોનુ) પરંતું મારી તથા તારી આરઝૂ જેમ મુલાકાતની આરઝૂ ધરાવે છે. આ જ વાત ચાલી રહી હતી એવામાં નમાઝની અઝાન સાંભળી. ચોતરફથી દુરવેંશ તથા સૂફી આવ્યા. તકબીર કહીને એક ઈમામ બન્યો અને નમાઝ અદા કરાવીને તરાવીહમાં ૧૨ સિપારા ખત્મ કર્યા. મારા દિલમાં આવ્યું, જો વધારે હોત તો બેહતર હતું. સારાંશ કે નમાઝ અદા કરીને દરેક કોઈ ન કોઈ બાજુ ચાલ્યો ગયો. હું મારા સ્થાને ચાલ્યો આવ્યો. જ્યારે બીજી રાત થઈ તો વહેલી સવારે જ વુઝૂ કરીને મસ્જિદમાં ગયો. પરંતું સવાર સુધી કોઈ માણસને ન જોયો. જ્યારે શયખુલ ઈસ્લામ આ ફવાઈદ ખત્મ કરી ચૂક્યા તો નમાઝમાં વ્યસ્ત થઈ ગયા, અને સર્વ લોકો અને દુઆગો પરત ચાલ્યા આવ્યા.

اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِكَ




હપ્તો ૨

❑ લેખક ❑

મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી

❑ અનુવાદક ❑

હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી

*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર)*

**(પ્રકરણ : 3)**

## ખાનદાની શરાફત

**શજરએ નસબ (વંશવેલો)** : આપણા નબી ﷺનો વંશ પિતાના તરફથી આ પ્રમાણે છે:

હઝરત મુહમ્મદ ﷺ બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબ, બિન હાશિમ, બિન અબ્દેમનાહ, બિન કુસય, બિન કિલાબ બિન મુર્રહ, બિન કાઅબ, બિન લુઅય, બિન ગાલિબ, બિન ફિહ્ર, બિન માલિક બિન નઝર, બિન કિનાનહ, બિન ખુઝય્મહ, બિન મદરીકહ, બિન ઈલ્યાસ, બિન મુઝર બિન નિઝાર બિન, મઅ્દ બિન અદ્નાન.

અને વાલિદાની તરફથી આ પ્રમાણે છે :–

હઝરત મુહમ્મદ ﷺ બિન આમેના બિન્તે વહબ બિન અબ્દે મનાફ બિન ઝહરદ, બિન કિલાબ, બિન મુર્રહ.

હુઝૂર ﷺ ના માતા પિતાનો વંશ કિલાબ બિન મુર્રહથી ભેગો થઈ જાય છે.

મુલ્કે અરબમાં હિજાઝની અંદર એક બહુજ મશહૂર તથા શરીફ ખાનદાન કુરૈશ આબાદ હતું. આપણા નબી ﷺ આજ ખાનદાનના એક કબીલા બનુ હાશિમમાં પેદા થયા.

તમે રસૂલુલ્લાહ ﷺના શજરએ નસબ (વંશવેલો)માં ફિહ્ર બિન માલિકનું નામ વાંચ્યું તેમનું નામ કુરૈશ હતું. એટલા માટે તેમની ઔલાદને કુરૈશ અથવા કુરૈશી કહેવામાં આવે છે.

ફિહ્ર બિન માલિકને કુરૈશ એટલા માટે કહેવામાં આવે છે કે કુરૈશ એક સમુદ્રિય જાનવરનું નામ છે જે બહુ તાકતવર હોય છે અને સમુદ્રના જાનવરોને ખાય છે એટલે બધા જ જાનવરો પર પ્રભાવ ધરાવનાર હોય છે. અને ફિહરા બિન માલિક પણ પોતાની તાકત તથા બહાદુરીના આધારે અરબના બધા જ કબીલાઓ પર પ્રભાવ ધરાવતા હતા. એટલા માટે તેમનો લકબ કુરૈશ પડી ગયો અને એ જ લકબથી મશહૂર થઈ ગયા.

**હાશિમ** : નબી કરીમ ﷺના પરદાદાનું નામ હાશિમ છે. બહુ ઈજ્જતદાર તથા સારા સંસ્કારવાળા હતા. પોતાના બાપ અબ્દેમનાફના મૃત્યુ બાદ તેમના જાનશીન અને કા'બા શરીફના મુતવલ્લી થયા. તેમનું અસલ નામ "અમ્ર" હતું. બહુ જ સખી અને મહેમાન નવાઝ હતા.

એક વખત અરબમાં બહુ જ સખત દુકાળ પડી ગયો. લોકો દાણા દાણાના મહોતાજ થઈ ગયા. હાશિમ મુલ્કે શામથી સૂકી રોટલીઓ ખરીદી હજ્જના દિવસોમાં મક્કા શરીફમાં પહોંચ્યા. અને રોટલીઓનો ચુરો કરી ઊંટના ગોશ્તના સેરવા (રસો)માં ભેગુ કરી તમામ હાજીઓને પેટ ભરીને ખવડાવ્યું. તે દિવસથી લોકો આપને હાશિમ કહેવા લાગ્યા, એટલે રોટલીઓનો ચુરો કરવાવાળો.

હઝરત ઈસ્માઈલ علیہ السلامની ઔલાદમાં જે

Web: www.barkatekhwaja.net

રીતે કુરૈશ મુમતાઝ હતા, તેવી જ રીતે કુરૈશની ઔલાદમાં હાશિમ મુમતાઝ હતા. તેમનુ મૃત્યુ ૨૫ વર્ષની વયે ''ગઝ્ઝા''માં થયું.

**અબ્દુલમુત્તલિબ** : હાશિમની શાદી મદીના મુનવ્વરામાં બનૂ નજ્જારના ખાનદાનની એક સ્ત્રી સાથે થઈ. તેમનાથી એક બાળક પેદા થયું. જેનું નામ ''શૈબા'' રાખવામાં આવ્યું. પછીથી તે ''અબ્દુલ મુત્તલિબ''ના નામથી મશહૂર થયા. આ જ આપણા નબી ﷺના દાદા હતા. બહુ નેક તથા ઈબાદતગુઝાર હતા. ગારે હિરામાં જઈ ખુદાની ઈબાદતમાં લાગેલ રહેતા. તેમની પેશાનીમાં હુઝૂર ﷺ નું નૂર ચમકતું હતું. મક્કાવાસીઓ પર જ્યારે કોઈ મુસીબત આવી પડતી તો તેઓ અબ્દુલ મુત્તલિબના વસીલાથી દુઆ કરતા તો દુઆ કૃબૂલ થઈ જતી. આપની સખાવત એવી હતી કે ઈન્સાન તો ઈન્સાન પક્ષીઓને પણ ખવડાવતા. જેથી આપનો લકૃબ (مُطْعِمُ الطَّيْرِ) ''મુતઈમુત્તય્ર'' પડી ગયો એટલે પક્ષીઓને ખવડાવનાર.

દૂર દૂરથી આવેલા હાજીઓને ખાવા, પીવા અને રહેઠાણની સુવિધા તે જ કરતા. એક જબરદસ્ત કામ તેમણે એ કર્યું કે હઝરત ઈસ્માઈલ علیہ السلامના જમાનાનો કૂવો જેને ઝમઝમનો કૂવો કહેવામાં આવે છે. તે લોકોની બેદરકારીના લીધે પૂરાઈ ગયો હતો. જેને સાફ કરાવી લોકો માટે આમ કરી દીધો. આ તે જ કૂવો છે જેનું પાણી બહુ બરકત અને નફાવાળુ છે. જેને હાજીઓ પીએ છે અને તબુર્રકના તૌર પર પોતાના કુટુંબીજનો માટે પણ લાવે છે. હઝરત અબ્દુલ મુત્તલિબ પણ પોતાના પિતાના જાનશીન અને કા'બા શરીફના મુતવલ્લી હતા.

## હઝરત અબ્દુલ્લાહ અને હઝરત આમેના رضی اللہ عنہا

હઝરત અબ્દુલ્લાહ આપણા નબી ﷺના પિતા અને હઝરત આમેના આપનાં માતા છે. અબ્દુલ મુત્તલિબના દસ પુત્રો હતા. જેમાંથી પાંચ બહુ વિખ્યાત થયા. હઝરત અબ્બાસ અને હઝરત હમ્ઝા رضی اللہ عنہما ઈસ્લામ લાવવાના લીધે. હઝરત અબ્દુલ્લાહ હુઝૂર ﷺના પિતા હોવાના કારણે, અબ્દુલ મુત્તલિબ હુઝૂર ﷺની પરવરિશના અને આપની મહબ્બતના કારણે અને અબૂ લહબ હુઝૂર ﷺની દુશ્મનીના કારણે.


હઝરત અબ્દુલ્લાહ હઝરત અબ્દુલ મુત્તલિબના બધા જ પુત્રોમાં સૌથી વધુ પ્યારા હતા. કેમ કે તેમની પેશાનીમાં નૂરે મુહમ્મદી પૂરી શાન અને શૌકત સાથે ઉજ્જવળ હતું. એટલા માટે હુસ્નો ખૂબી અને સીરત તથા કિરદારમાં બહુ જ શ્રેષ્ઠ હતા. કબીલએ કુરૈશની કેટલીય સ્ત્રીઓ તેમનાથી શાદી કરવા ઈચ્છતી હતી પરંતુ અબ્દુલમુત્તલિબ તેમના માટે એક એવી સ્ત્રીની શોધમાં હતા જે ખૂબસૂરત સાથે સાથે ખાનદાન તથા શરાફત અને શરમો હયામાં પણ શ્રેષ્ઠ હોય.

શામના યહૂદીઓએ તેમને કેટલીક નિશાનીઓથી ઓળખી લીધા હતા કે આ જ નબીએ આખિરુઝ્ઝમાં ﷺના પિતા છે. જેથી તેઓ હઝરત અબ્દુલ્લાહના કૃત્લ કરવા માટે યોજના બનાવવા લાગ્યા. એક દિવસ હઝરત અબ્દુલ્લાહ શિકાર માટે જંગલમાં તશરીફ લઈ ગયા. તેમની પાછળ યહૂદીઓની એક જમાઅત પણ જંગલમાં ગઈ કે કોઈપણ બહાને આજે અબ્દુલ્લાહને કૃત્લ કરી દેવામાં આવે. પરંતુ અલ્લાહ તઆલાના કરમે તેમને બચાવી લીધા. તેનો બનાવ એવો બન્યો કે એકાએક કેટલાક ઘોડેસવાર નમુદાર થયા જે દુનિયાના માણસોથી એકદમ અલગ હતા. તેમણે યહૂદીઓને મારીને ભગાડી મૂક્યા અને હઝરત અબ્દુલ્લાહને સુરક્ષિત રીતે તેમના ઘર સુધી પહોંચાડી દીધા. ''વહબ બિન મનાફ'' પણ જંગલમાં હતા.

વધુ પેજ નં. ૨૫પર

Web: www.barkatekhwaja.net

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## મોહર્રમાતનું બયાન

જે ઓરતો સાથે નિકાહ કરવો હરામ છે તે ઓરતોને મુહર્રમાત કહેવામાં આવે છે. (નિકાહ) હરામ હોવાના કેટલાક સબબ છે અને એ સબબોને કારણે હરામ હોવાવાળી ઓરતોના બે પ્રકાર છે. પહેલા પ્રકારમાં તે ઓરતો છે જે નસબના કારણે હરામ છે. એ પ્રકારમાં સાત ઓરતોનો સમાવેશ થાય છે : **(૧)** મા **(૨)** બેટી **(૩)** બહેન **(૪)** ફોઈ **(૫)** માસી **(૬)** ભત્રીજી **(૭)** ભાણકી. માથી મુરાદ તે ઓરતો છે જે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એમની ઓલાદમાંથી હોય. જેથી દાદી, નાની, પરનાની ભલે ગમે તેટલી ઉમરની હોય, બધી જ હરામ છે અને આ બધીનો સમાવેશ મામાં છે. એટલા માટે કે આ બધી બાપ યા મા યા દાદા યા દાદી, નાના–નાનીની માતાઓ જ છે. બેટીથી મુરાદ તે ઓરતો છે જે એમની ઓલાદમાંથી છે જેથી પોત્રી, પપોત્રી, નવાસી, પરનવાસી, ભલે વચમાં ગમે તેટલી પુશ્તોનું (પેઢીઓનું) અંતર હોય તો પણ એ હરામ છે.

**મસ્અલા** : બહેન ભલે સગી હોય એટલે કે બન્નેનાં મા બાપ એક હોય, યા સોતેલી (મત્રાઈ) હોય, એટલે કે બન્નેનો બાપ સગો હોય અને મા બે અલગ અલગ હોય અથવા તો બાપ અલગ અલગ હોય અને બન્નેની માં એક હોય એ બધી હરામ છે.

**મસ્અલા** : બાપ, મા, દાદા, દાદી, નાના, નાની વગેરેની ફોઈઓ, માસીઓ એ તમામ પોતાની ફોઈ અને માસીના હુકમમાં છે ભલે પછી તેઓ સગી હોય કે સોતેલી (મત્રાઈ) હોય. એ જ રીતે ફોઈની ફોઈ અને માસીની માસી એ તમામની સાથે નિકાહ કરવો હરામ છે.

**મસ્અલા** : ભત્રીજી, ભાણકીથી ભાઈ બહેનની ઓલાદમાં મુરાદ છે. એમની પોત્રીઓ, નવાસીઓની ગણતરી પણ એમાં જ થાય છે. એ તમામની સાથે હરામ છે.

**મસ્અલા** : બદ્‌કારી (ઝિના)થી પેદા થયેલ બેટી, પોત્રી, બહેન, ભત્રીજી, ભાણકી પણ મુહર્રમાત ગણાશે. *(હિદાયા વગેરે)*

**મસ્અલા** : જે ઓરતથી પોતાના ધણીએ **લિઆન** કર્યું હોય (જે પુરૂષે પોતાની ઓરત પર ઝિનાનો આક્ષેપ કર્યો હોય અને કાઝી સમક્ષ હાજર થઈને પોતાના તરફથી ચાર વખત કસમની સાથે એવું કહે કે "હું સાચો છું" અને પાંચમી વાર એવું કહે કે "જૂઠા પર ખુદાની લાનત." એવી જ રીતે સ્ત્રી કરે, પછી કાઝી બન્નેને છૂટા પાડે તેને લિઆન કહેવામાં આવે છે) જો કે તેની પુત્રી પોતાની મા તરફથી નિસ્બત ધરાવતી હોવા છતાં તે માણસ પર તે પુત્રી હરામ છે *(રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

બીજા પ્રકારમાં તે ઓરતો આવે છે જેઓ રિશ્તએ મુસાહરતના કારણે હરામ છે. તેઓ આ પ્રમાણે છે : **(૧)** જૌઝએ મૌતુતાની છોકરીઓ (જે ઓરત સાથે વતી (સંભોગ) કર્યો હોય તેની પુત્રીઓ) **(૨)** પત્ની માતા, દાદીઓ, નાનીઓ **(૩)** બાપ, દાદા વગેરે ઉસૂલ (અસલો)ની પત્નીઓ **(૪)** પુત્ર, પૌત્ર વગેરેની પત્નીઓ.

Web : www.barkatekhwaja.net

**મસ્અલા** : ખલવતે સહીહા (ઓરત, મર્દ બન્નેનું હમબિસ્તરી માટે એકલા હોવું અથવા જાઈઝ શારીરિક સંબંધો)ની ગણતરી પણ સંભોગના હુકમમાં જ આવે છે. એટલે કે ખલવતે સહીહા ઓરતની સાથે થઈ ગઈ તો એની પુત્રી હરામ થઈ ગઈ ભલે પછી સંભોગ ન કરેલ હોય. *(રદુલ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : જે સ્ત્રીની સાથે નિકાહ કર્યા પછી સંભોગ કરતા પહેલાં જ જુદાઈ થઈ ગઈ હોય તેની પુત્રી એના પર હરામ નથી. *(રદુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : ફાસિદ નિકાહથી મુસાહરતની હુર્મત સાબિત થતી નથી, જ્યાં સુધી કે સંભોગ ન કર્યો હોય. *(હિંદીયા, રદુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : સંભોગ ચાહે હલાલ તરીક઼ાથી હોય કે હરામ, ગમે તે સંજોગોમાં મુસાહરતની હુર્મત સાબિત થઈ જશે. *(હિંદીયા, રદુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : મુસાહરતની હુર્મત જે રીતે સંભોગથી થાય છે એ રીતે કામેચ્છા (વાસના)ના ઈરાદે સ્પર્શવા તથા ચુંબન કરવા તથા ગુપ્તાંગ પ્રતિ નજર કરવાથી પણ થઈ જાય છે, ચાહે જાણી બુઝીને, ભૂલથી કે ગલતીથી કે મજબૂરીથી કરવામાં આવે. ગમે તેમ પણ મુસાહરત સાબિત થઈ જશે. *(હિંદીયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : મુસાહરતની હુર્મત માટે શર્ત એ છે કે ઓરત નવ વર્ષથી ઓછી ઉંમરની ન હોય તેમજ જીવિત હોય. જો નવ વર્ષથી ઓછી ઉંમરની છોકરી યા મુર્દા ઓરતને કામેચ્છાથી અડકયા તો હુર્મત સાબિત થશે નહીં. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : કોઈ પુરૂષે એક ઓરતથી નિકાહ કર્યા અને તે માણસના છોકરાએ તે જ ઓરતની છોકરી સાથે નિકાહ કર્યા જે બીજા ધણીથી પેદા થયેલ હોય તો કોઈ વાંધો નથી. એ જ રીતે એ માણસના છોકરાએ ઓરતની માં સાથે નિકાહ કર્યા તો પણ એ જ હુકમ છે. *(હિંદીયા, બહાર)*

**ત્રીજા પ્રકાર**માં તે ઓરતો આવે છે કે જેમાંથી એક તો મરદ સાથે નિકાહમાં રહી શકે છે અને તેમાંથી બે એક સાથે એક જ મરદના નિકાહમાં રહી શકતી નથી. જે ઓરતોમાં પરસ્પર એવો રિશ્તો હોય કે જો મરદ એકને ફર્ઝ કરે તો બીજીની સાથે એનો નિકાહ હરામ થઈ જતો હોય, જેમ કે બે બહેનો, જેમાંની એકને મરદ ફર્ઝ કરે તો બીજી સાથે એનો ભાઈ બહેનનો સંબંધ થયો અથવા ફોઈ ભત્રીજી હોય તો જો મરદ ફોઈને ફર્ઝ કરે તો કાકા ભત્રીજીનો સંબંધ થયો અને જો ભત્રીજીને ફર્ઝ કરે તો ફોઈ ભત્રીજીનો સંબંધ થયો અથવા માસી ભાણકી હોય જેમાં માસીને ફર્ઝ કરે તો મામા ભાણકીનો સંબંધ થયો અને ભાણકીને ફર્ઝ કરે તો માસી ભાણેજનો સંબંધ થયો. આવા પ્રકારની બે ઓરતોને એક સાથે નિકાહમાં ભેગી કરી શકાય નહીં. બલ્કે જો તલાક દીધી હોય તો જ્યાં સુધી ઈદ્દત પૂરી ન થાય ત્યાં સુધી નિકાહ કરી શકાશે નહીં. *(હિદાયા વગેરે)*

**મસ્અલા** : એવી બે ઓરતો કે જેમનો પરસ્પરનો સંબંધ (સગાઈ) એવા પ્રકારનો હોય (ઉપર વર્ણન કર્યા મુજબનો) જે વંશજને કારણે ન હોય બલ્કે દૂધનો રિશ્તો હોય તો પણ બન્નેને ભેગી કરવી (બન્ને સાથે નિકાહ કરવો) હરામ છે. જેમ કે ઓરત અને એની દૂધ બહેન અથવા દૂધ માસી અથવા દૂધ ફોઈ. *(હિંદીયા, બહાર).*

**મસ્અલા** : બે ઓરતોમાં જો એવો સંબંધ (સગાઈ) જોવા મળે કે જો મર્દ એકની સાથે નિકાહ કરે તો બીજી એને માટે હરામ થઈ જતી હોય અને જો મર્દ બીજી ઓરત સાથે નિકાહ કરે તો પહેલી ઓરત હરામ ન થતી હોય તો એવી બન્ને ઓરતોને

ભેગી કરવામાં કોઈ વાંધો નથી. જેમ કે ઓરત અને એના ધણીની છોકરી કેમ કે જો મર્દ તે છોકરી સાથે નિકાહ કરે તો તે ઓરત એના માટે હરામ થઈ જશે. કેમ કે તે એની મત્રાઈ (સોતેલી) મા થઈ અને તે ઓરત સાથે મર્દ નિકાહ કરે તો છોકરી સાથે કોઈ સંબંધ પેદા નહીં થાય. એ જ રીતે ઓરત અને એની વહુ. *(દુર્રે મુખ્તાર, બહાર).*

**ચોથા પ્રકાર**માં એવી ઓરતો આવે છે જેઓ પોતાના માલિકીપણામાં હોવાના કારણે હરામ છે. જેમ કે પોતાની બાંદી. ભલે તે ઉમ્મે વલદ (માલિકથી સગર્ભા થયેલ બાંદી) અથવા મુકાતબા કે મુદબ્બરા હોય પરંતુ મુતાખ્ખેરીનની નજીક સાવચેતી પૂરતુ નિકાહ કરવો સારો છે.પરંતુ એના પર નિકાહના ફળ સ્વરૂપે મહર તથા તલાક઼ વગેરે લાગુ ન થશે. *(હિંદયા, બહાર)*

**મસ્અલા** : ઓરત પોતાના ગુલામ સાથે નિકાહ કરી શકતી નથી, ભલે તે એકલો એની માલિકીમાં હોય યા બીજો કોઈ એમાં ભાગીદાર હોય. *(હિંદીયા, દુર્રે મુખ્તાર, બહાર)*

**પાંચમાં પ્રકાર**માં તે ઓરતો આવે છે જેમની સાથે શિર્કને કારણે નિકાહ હરામ છે.

**મસ્અલા** : મુસલમાનનો નિકાહ મજૂસી (અગ્નિપૂજક), મૂર્તિપૂજક, સૂર્યને પૂજનાર, સિતારાઓને પૂજનાર ઓરત સાથે થઈ શકતો નથી. બલ્કે કિતાબી સિવાયની બીજી કોઈ કાફિર ઓરત સાથે મુસલમાનના નિકાહ થઈ શકતા નથી. *(ફત્હુલ કદીર, બહાર વગેરે)*

**મસ્અલા** : યહૂદી, નસરાની સ્ત્રી સાથેથી મુસલમાનનો નિકાહ થઈ શકે છે, પરંતુ કરવો ન જોઈએ. કેમ કે એનાથી ઘણી ખરાબીઓ પેદા થવાનો ભય રહેલો છે. *(હિદાયા, આલમગીરી)*

**ચેતવણી** : પરંતુ એ જાઈઝ હોવું ત્યારે જ થશે જ્યારે કે (તે) પોતાના યહૂદી મઝહબ અથવા નસરાની મઝહબ પર હોય અને જો ફકત નામની જ યહૂદી કે નસરાની હશે અને ખરી રીતે તે નેચરી કે દહરિયા (નાસ્તિક જેવો) મઝહબ અપનાવતી હશે, જેમ કે ખાસ કરીને આજકાલ નસારાઓનો કોઈ મઝહબ જ નથી, તો એની સાથે નિકાહ થઈ શકશે નહીં. એમનું ઝુબહ કરેલ જાનવર પણ જાઈઝ નથી. હવે તો એઓ ઝુબહ કરતા પણ નથી. *(બહાર)*

**મસ્અલા** : મુસલમાન ઓરતનો નિકાહ મુસલમાન મર્દ સિવાય બીજા કોઈ સાથે થઈ શકતા નથી. *(હિંદિયા, બહાર વગેરે)*

**મસ્અલા** : મુર્તદ તથા મુર્તદા સ્ત્રી (જેમ કે ક઼ાદયાની, વહાબી, દેવબંદી, અહલે હદીષ, મૌદૂદી, શિઆ, ખોજા વગેરે કલ્મો પઢી કુફ્ર કરનારાઓ)નો નિકાહ કોઈની સાથે થઈ શક્તો નથી. *(ખાનિયા તથા બહાર)*

**મસ્અલા** : મર્દ અને ઔરત બન્ને કાફિર હતાં અને બંને મુસલમાન થઈ ગયાં તો એમણે જે કુફ્રની હાલતમાં (શાદી કરી હતી) તે બાકી રહેશે, ફરીથી નિકાહ પઢવાની જરૂરત નથી. અને જો ફક્ત મર્દ મુસલમાન થઈ ગયો તો ઓરતને ઈસ્લામ કબૂલ કરવાનું કહેશે, જો તેણી મુસલમાન થઈ જાય તો તે એની ઓરત ગણાશે અને જો ઈસ્લામ નહીં લાવે (મુસલમાન નહીં બને) તો બન્નેને અલગ કરી દેવાં. એ જ રીતે જો ઓરત પ્રથમ ઈસ્લામ કબૂલ કરે તો મર્દને ઈસ્લામ કબૂલ કરવાનું કહેવામાં આવશે. જો ત્રણ હૈઝ આવતા પહેલાં મર્દ મુસલમાન થઈ ગયો તો એનો પહેલો નિકાહ (શાદી) બાકી રહેશે અને જો ઈસ્લામ કબૂલ ન કર્યો તો પછી ઓરત જેની સાથે ઈચ્છે તેની સાથે નિકાહ કરી શકે છે. એને કોઈ અટકાવી શકશે નહીં. *(હિદાયા, બહાર વગેરે)*

**છઠ્ઠા પ્રકાર**માં તે બાંદી આવે છે જેની સાથે નિકાહ હુર્રા (આઝાદ સ્ત્રી) પર કરવામાં આવે.

Web: www.barkatekhwaja.net

**મસ્અલા** : આઝાદ ઓરત જે શરીઅતની રૂએ બાંદી નથી તે નિકાહમાં હોય અને બાંદી સાથે નિકાહ કર્યો તો એ નિકાહ દુરસ્ત ગણાશે નહીં. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : પ્રથમ બાંદીથી નિકાહ કર્યા અને ત્યારબાદ આઝાદ સાથે તો બન્ને નિકાહ દુરસ્ત ગણાશે. *(હિંદિયા, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**સાતમાં પ્રકાર**માં તે સ્ત્રીઓ છે જે એ કારણે હરામ છે કે તેમની સાથે ગૈરનો હક્ક સંબંધિત છે.

**મસ્અલા** : બીજાના નિકાહમાં હોય તેવી ઓરત સાથે નિકાહ થઈ શકશે નહીં. બલ્કે બીજાની ઈદ્દતમાં હશે તો પણ નિકાહ નહીં થઈ શકે. ભલે તે ઈદ્દત તલાકને કારણે હોય કે મોતને કારણે અથવા તો ફાસિદ નિકાહને કારણે હોય. *(ફત્હુલ્ ક઼દીર, હિદાયા વગેરે)*

**મસ્અલા** : જે ઓરતને ઝિનાનો હમલ (ગર્ભ) હોય એની સાથે નિકાહ થઈ શકશે, વળી જો એ હમલ (ગર્ભ) એનો જ (નિકાહ કરનારનો) હોય તો સંભોગ પણ કરી શકે છે, અને જો બીજાનો છે તો જ્યાં સુધી બાળક પેદા ન થઈ જાય ત્યાં સુધી સંભોગ જાઈઝ નથી. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : જે ઓરતના હમલ (ષાબિતુન્નસબ) ચોક્કસ વ્યક્તિનો હોવાની ખબર હોય તેનાથી નિકાહ થઈ શકતો નથી. *(હિંદિયા તથા બહાર)*

**આઠમા પ્રકાર**માં તે ઓરતો આવે છે જે ગણતરીની મર્યાદા કરતાં વધારે હોવાને કારણે હરામ થાય છે.

**મસ્અલા** : આઝાદ મર્દને એક સાથે ચાર ઓરતોથી અને ગુલામ મર્દને એક સાથે બે ઓરતોથી વધારે ઓરતો સાથે નિકાહ કરવાની ઈજાઝત નથી. આઝાદ મર્દને કનીઝ બાંદીનો ઈખ્તિયાર છે, એને માટે કોઈ હદ (મર્યાદા) નથી. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : મુત્અહ (ટેમ્પરરી નિકાહ) હરામ છે. (શીઆ લોકોમાં અમુક મુદ્દત નક્કી કરી નિકાહ કરવામાં આવે છે) એ જ રીતે અમુક ખાસ મુદ્દત સુધીના નિકાહ કર્યા તો એ નિકાહ પણ થશે નહીં. ભલે પછી ૨૦૦ વર્ષની મુદ્દત નક્કી કરી હોય. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**નવમા પ્રકાર**માં તે ઓરતો આવે છે જે દૂધના રિશ્તાને કારણે હરામ થાય છે.

**મસ્અલા** : જે ઔરતો નસબના રિશ્તાને કારણે હરામ થાય છે તે દૂધના રિશ્તાના કારણે પણ હરામ થાય છે. થોડાક અપવાદ સિવાય જેનું વર્ણન હવે પછી આગળ આવશે.

પેજ નં. **૦૨** નું ચાલુ...

ખુદાને ખાતર સ્વાર્થીપણાની દુનિયાથી બહાર નીકળો ! હુઝૂર ﷺની ઉમ્મતના માટે ઈખ્લાસ (નિખાલસતા) સાથે કાંઈ કરી જાવ, અલ્લાહ ﷻ તથા તેના પ્યારા નબી ﷺ રાજી થઈ જશે.

પાકો નિશ્ચિય કરો કે આ નવા વરસમાં દીની, તાલીમી, અખ્લાક઼ી તથા સંસ્કારિક કામોમાં આગળ વધી વધીને હિસ્સો લઈશું અને બેચૈનીની ખીણોમાં થઈને પસાર થનારાઓના માટે અમ્નો ચૈનની દુઆ કરીશું. કેમ કે હુઝૂર રહમતે આલમ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ કોઈ મુસલમાનના માટે તેની પીઠ પાછળ દુઆ કરે છે, એ દુઆનો મક઼ામ મુસલમાનનું એહરામની હાલતમાં અરફાતના મેદાનમાં દુઆ કરવા બરાબર છે.

હે અલ્લાહ ! તારા નબી તાજદારે કૌનૈન ﷺ અને આપના મુક઼દ્દસ સહાબાઓના સદક઼ા વ તુફૈલ મુસલમાનોને ચૈન તથા સુકૂનની દૌલતથી માલામાલ ફર્માવી આપ. અને આ નવુ ઈસ્લામી વરસ મુસલમાનોના માટે બરકતવાળુ બનાવી આપ. (આમીન)

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, નવેમ્બર–૨૦૧૬)*

ઉર્સ : ૨૫ સફર

# ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ની

## ❁ પોલિટિકલ નિપૂણતા ❁

–કાર્યાલય

૨૦મી સદીની શરૂઆતના ઈતિહાસનો અભ્યાસ, સંજોગો તથા કૈફિયતોનું પરીક્ષણ અને ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની કિતાબોનો બારીક દષ્ટિએ અભ્યાસ કર્યા બાદ મૌલાના કૌષર નિયાઝી જેવો નિષ્પક્ષ વિધ્વાન શખ્સ પણ એ પરિણામે પહોંચે છે કે :

"ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ પોલિટિશ્યન નહીં સ્ટેટમેનિયન હતા, રાજકીય લીડર ન હતા પણ મુદબ્બિર (સલાહકાર) હતા. પોલિટિશ્યન તથા રાજકીય નેતા પબ્લિકની ઈચ્છાના તાબે હોય છે, જ્યારે કે સ્ટેટમેનિયન તથા મુદબ્બિર દીર્ઘ દષ્ટિ વડે સંજોગોની દિશા નિશ્ચિત કરે છે." *(ઈમામ અહમદ રઝા એક હમા ઝેહત શખ્સિયત)*

મૌલાના કૌષર નિયાઝીના મંતવ્યના આધારમાં જે બનાવો તથા હકીકતો છે એનું સમર્થન આ વાતથી પણ થાય છે કે જ્યારે ગાંધીજીની નેતાગીરીમાં ગૈરોએ જિંદગીના અન્ય ક્ષેત્રોની સાથોસાથ એજ્યુકેશન ક્ષેત્રે પણ મુસલમાનોને હેઠા પાડવા માટે તેમનાં તે સમયનાં બે મહત્વનાં એજ્યુકેશન સેન્ટર્સ મુસ્લિમ યુનિવર્સિટી અલીગઢ તથા ઈસ્લામિયા કોલેજ લાહોરને તબાહ વ બર્બાદ કરી દેવાની ગુપ્ત સાઝિશ કરી તો એમાં કેટલાક જાણી જોઈને તો કેટલાક અભાનપણે ઘણા બધા મુસલમાનો પણ શરીક થઈ ગયા. જેમાં મૌલાના મહમૂદુલ હસન દેવબંદી, મૌલાના અબુલ કલામ આઝાદ અને મૌલાના શૌકત અલી તથા મુહમ્મદ અલી આગળ પડતા હતા. તેમણે આ અવાજો બુલંદ કરી : "અર્વાચીન (મોર્ડન) એજ્યુકેશન ઈસ્લામિયાતની વિરુદ્ધ છે. અંગ્રેજી હિંદી ભણીને મુસલમાન બાળકો સાચા અર્થમાં મુસલમાન નથી રહેતાં. એ એજ્યુકેશન સંસ્થાઓ ગવર્નમેન્ટની સહાયથી ચાલ છે, જ્યારે કે ગવર્નમેન્ટ મુસલમાનોની દુશ્મન છે." (જો કે બાદમાં મૌલાના મુહમ્મદ અલી જૌહર તથા શૌકત અલી જૌહરે ઈમામ અહમદ રઝાના ખલીફા મૌલાના નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہના હાથો પર તૌબા કરી લીધી.) *(હયાતે સદરુલ અફાઝિલ, પેજ : ૧૭૩, ૧૭૪)*

ઉપર વર્ણવ્યા તેવા અવાજો બુલંદ કરીને મુસલમાનોને એનાથી દૂર રાખવા અને એનો બોયકોટ કરવા માટે પ્રોત્સાહિત કરવાનું કામ શરૂ કર્યું. ખુદ મૌલાના મહમૂદુલ હસન દેવબંદીનું બયાન "તર્કે મવાલાત" મદીના પ્રેસ બિજનોરમાં પ્રસિદ્ધ થયું છે :–

"અલીગઢ કોલેજની પ્રારંભિક હાલતમાં દીનદાર ઉલમાએ સામાન્યતઃ આ પ્રકારની તા'લીમ નાજાઈઝ હોવાથી જે સંપૂર્ણપણે ગવર્નમેન્ટના રંગમાં રંગાયેલી હોય તેનાથી રોકયા. બદ્કિસ્મતીથી તે રોકાય ન શકી. હવે જ્યારે કે તેનાં પરિણામો તથા ફળો આંખોથી જોઈ લીધાં તે કૌમને એનાથી બચાવવું ચોક્કસપણે એક જરૂરી બાબત છે." *(પેજ : ૧૧, ઉપર મુજબ)*

પ્રોફેસર હાકિમ અલી સાહબ લખે છે : "મૌલાના અબુલ કલામ આઝાદે ૨૦–૧૦–૧૯૨૦ની જનરલ કાઉન્સિલની કમિટીમાં આવીને એ જાહેર કરી આપ્યું કે જ્યાં સુધી ઈસ્લામિયા કોલેજ લાહોરની સરકારી સહાય બંધ ન કરી દેવામાં આવે અને યુનિવર્સિટીથી એનું જોડાણ કટ ન કરવામાં આવે ત્યાં સુધી અંગ્રેજો સાથે તર્કે મવાલાત (આપસમાં એકતા) નથી થઈ શક્તો. અને ઈસ્લામિયા કોલેજના છોકરાઓને એ ફત્વો આપી દીધો કે જો એવું ન થાય તો કોલેજ છોડી આપો. જેથી આ રીતે કોલેજમાં બેચૈની ફેલાવી દીધી જેથી

web: www.barkatekhwaja.net

પઢાઈમાં સખત નુકસાન શરૂ થઈ ગયું. *(ફતાવા રઝવિય્યહ, ૧૦ નિસ્ફ આખિર, પેજ–૨૭૯)*

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં એ સમયના ટીચર જનાબ મક્સૂદ અલી સાહબ લખે છે : "૧૧ ઓક્ટોબરે મૌલાના શૌકત અલી તથા મુહમ્મદ અલી અલીગઢ આવ્યા. અને તેમણે અમને વિદ્યાર્થીઓને એવું સમજાવ્યું કે ગવર્નમેન્ટ મુસલમાનોની દુશ્મન છે.... આ સમયે ગવર્નમેન્ટથી મુસલમાન સંબંધ કટ કરી લે, અને કોલેજના વિદ્યાર્થીઓને એ બતાવ્યું કે કોલેજમાં ગવર્નમેન્ટ રૂપિયા આપે છે જેથી અમો વિદ્યાર્થીઓ કોલેજ છોડી દઈએ." *(ફતાવા રઝવિય્યહ, ૬/૧૭૧)*

જેનાથી મુસલમાનોમાં આમ બેચૈની અને અજીબ કશ્મકશની હાલત પેદા થઈ ગઈ, અને તેમણે આ પ્રકારના સવાલો મોકલીને ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہથી શરીઅતના હુકમો પૂછયા કે :

- ★ શું આ સમયે કોલેજ છોડી આપવી આપણા લોકોનો મઝહબી ફરીઝો છે ?
- ★ મુસલમાનોને અલીગઢ કોલેજની સહાય હરામ છે કે નહીં ?
- ★ અંગ્રેજી તથા હિંદીનું શિક્ષણ મુસલમાનો માટે જાઈઝ છે કે નહીં ?

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ એક મુદબ્બિરની હૈસિયતથી મુસલમાનોને ગૈરોની આ ધોકાથી ભરેલ સાઝિશથી માહિતગાર કર્યા, અને ઈસ્લામી શરીઅતની રોશનીમાં સ્પષ્ટ કરી આપ્યું કે ગવર્નમેન્ટથી મદદ લેવાના લીધે એ સંસ્થાઓમાં નોકરી કરવી અથવા શિક્ષણ મેળવવું એ નાજાઈઝ નથી.

એ જ પ્રમાણે મોડર્ન એજ્યુકેશન અથવા અંગ્રેજી તથા હિંદી ભણવું ભણાવવું પણ નાજાઈઝ નથી. જો એ સંસ્થાઓમાં મોડર્ન ઈલ્મો તથા વિદ્યાઓને ઈસ્લામી રંગમાં ભણાવવામાં આવે તો મદદ આપવામાં પણ કોઈ ગુનોહ નથી, એ જાઈઝ છે. *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૬, પેજ : ૯)*

અંગ્રેજો અખંડ ભારતમાં વેપારીની હૈષિયતથી આવ્યા પણ પછી રાજકીય હાલતોથી ફાયદો ઉઠાવીને દેશની રાજનીતિમાં દાખલ થઈ ગયા અને ક્રમે ક્રમે અખંડ ભારત પર કબજો જમાવી બેઠા. વતનવાસીઓએ અંગ્રેજની સત્તાને દિલથી ક઼બૂલ કરી ન હતી, જેથી આંત્રિક રીતે આગ સળગી રહી હતી જે અચાનક ઈ.સ. ૧૮૫૭માં એક ક્રાંતિમય ઘટનાથી ભડકી ઉઠી. ૧૮૫૭ અખંડ ભારતના ઈતિહાસનું મહત્વનું વરસ હતું. અંગ્રેજ સત્તાને ખત્મ કરવાના માટે આઝાદીની આખરી જંગ લડવામાં આવી જેમાં વતનવાસીઓની હાર થઈ અને અંગ્રેજ હાકિમોએ વતનના ચાહકોને જે જુલ્મો સિતમનું નિશાન બનાવ્યા તેનું દૃષ્ટાંત ઈતિહાસમાં જવલ્લે જ જોવા મળશે. આ હારે જિંદગીના દરેક ક્ષેત્રને અસર પહોંચાડી છતાં પબ્લિકનો સ્વતંત્રતા પામવાનો જોશ નષ્ટ ન થઈ શક્યો, અને આ દબાયેલી ચિન્ગારી કેટલાક અરસા પછી ફરી ભડકી ઉઠી.

૧૮૫૭ની ક્રાંતિના લગભગ ૨૫ વરસ પછી જ્યારે કે અંગ્રેજોનો કહેર જરા ધીમો પડયો. હિંદના વાઈસરોય લોર્ડ ડેફરનના નિર્દેશ પર "ઈન્ડિયન નેશનલ કોંગ્રસ"ની સ્થાપના થઈ. એ વખતે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہની ઉમર લગભગ ૨૮ વરસ હશે. કોંગ્રેસની સ્થાપનાનો મતલબ એ હતો કે હિંદુસ્તાનીઓની માગણીઓ સામૂહિક રીતે બ્રિટનની અંગ્રેજ ગવમેન્ટ સામે રજૂ કરવામાં આવે. દરેક ધર્મ તથા જાતિના લોકો એમાં સામેલ હતા. મુસલમાનોના ભાગ લેવાના બારામાં ફત્વો લેવામાં આવ્યો તો અમુક ઉલમાએ મુસલમાનોને ભાગીદારી કરવું જાઈઝ હોવાનો ફત્વો આપ્યો. દા.ત. મોલ્વી રશીદ અહમદ ગંગોહી તથા મોલ્વી મહમૂદ દેવબંદીએ ઈ.સ. ૧૮૮૮માં એ જ પ્રકારનો ફત્વો આપ્યો. *(નુસ્રતુલ અબરાર, પેજ–૧૯ થી ૨૬, લાહોર)*

પરંતુ જ્યારે મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہથી ફત્વો લેવામાં આવ્યો તો એમણે મુસલમાનોની ભાગીદારીને એવી શરતો સાથે બંધનયુક્ત કરી આપી

કે જેનાથી અંદાઝો થાય છે કે આપ રાજનીતિમાં ખૂબ જ દષ્ટિવાન હતા અને ભાવિમાં આવનારા ખતરાઓને મહસૂસ કરી રહ્યા હતા. તેમણે આ પ્રમાણે ફત્વો આપ્યો :

"મુસલમાનોના શાણા બુધ્ધિજીવીઓ (દાના શખ્સો), રોશન રાય ધરાવનારા, તીવ્ર દ્રષ્ટિવાન અને અંજામને પારખનારાઓ ખૂબ જ સમીક્ષા, જાંચ પડતાલ કરી લે કે એનાથી ઈસ્લામ તથા મુસલમાનોનું વર્તમાનકાળમાં તથા ભવિષ્યમાં કોઈ નુકસાન લાગુ થતુ નથી." ***(Islam in India's Transition to Modernity-Karachi)***

મુહદ્દિષે બરેલ્વીએ કોંગ્રેસમાં મુસલમાનોના જોડાવામાં ખતરાઓ મેહસૂસ કરતાં ઈ.સ. ૧૮૮૫માં "જમાઅતે રઝાએ મુસ્તફા"ના નામથી એક સંસ્થાની સ્થાપના કરી, જેણે કેટલાંક મહત્વનાં કામો કર્યાં, એનો પાયાનો હેતુ મુસલમાનોનું સંગઠન તથા ઈસ્લાહ હતો.

મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہએ રાજકીય હાલતો તથા ઘટનાઓનો ધ્યાનપૂર્વક અભ્યાસ કર્યો અને વિવિધ ફત્વાઓમાં પોતાના ખયાલોને પ્રદર્શિત કર્યા. એમના ખયાલમાં "તેહરીકે ખિલાફત"નો મક઼સદ ઈસ્લામની ભલાઈનો ન હતો બલ્કે એના ઓઠા હેઠળ હિંદની આઝાદીની જિદો જેહાદ કરવાનો હતો, જેમાં મોટાભાગના લોકો ગૈર હતા અને તેમને જ આ ચળવળના લાભો પહોંચતા. જેમ કે તેહરીકે તર્કે મવાલાતથી આ'લા હઝરતના અંદેશાઓને સમર્થન મળે છે અને "શુધ્ધિ સંગઠન"ની ચળવળ (ઈ.સ. ૧૯૨૩)થી એ અંદેશો ઉઘાડી રીતે જાહેર થઈ જાય છે, જ્યારે કે ૧૯૧૯ થી ૧૯૨૧ સુધી દોસ્તીનો દમ ભરનારાઓએ મુસલમાનોને મુર્તદ બનાવવા (ઈસ્લામથી ફેરવવા) અને હિંદુ સંસ્કૃતિ તથા સંસ્કાર અપનાવવા માટે મજબૂર કરવા એક દેશવ્યાપી ચળવળ ચલાવી. *(હવાલો : ઈમામ અહમદ રઝા હક઼ાઈક઼કે ઉજાલેમેં, અઝ : મુફ્તી મતીઉર્રહમાન રઝવી, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ, અઝ : પ્રો. ડો. મુહમ્મદ મસ્ઊદ અહમદ)*

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની રાજનૈતિક તીવ્ર દ્રષ્ટિનાં નિષ્કર્ષણો એકદમ સહીહ તથા હક્ક઼ હતાં કે એ જ "શુધ્ધિ ચળવળ" ચલાવનારાઓની ઔલાદ આજે "ઘર વાપસી"ના નામે **RSS** થકી પોતાની દુષ્ટ પ્રવૃત્તિઓ ચલાવી હંગામા ખડા કરી રહી છે. અને એનું જ ફળ એ છે કે આજે મુસલમાનોના "પર્સનલ લો" પર બુરી દ્રષ્ટિ એ જ માર્ગ પર ચાલનારા લોકો કરી રહ્યા છે. એઓ જ આજે કુર્આન તથા હદીષના ક઼ાનૂનોમાં ફેરફારની માગણી સાથે દેશમાં અજંપો ફેલાવી રહ્યા છે.

પેજ નં. ૧૮નું ચાલુ...

તેમણે આ બધુ પોતાની આંખોથી જોયું. જેથી તેમને હઝરત અબ્દુલ્લાહથી બહુ મહોબ્બત અને અક઼ીદત થઈ ગઈ અને ઈરાદો કરી લીધો કે પોતાની નૂરે નઝર "આમેના"ની શાદી અબ્દુલ્લાહ સાથે જ કરીશ. તેમણે પોતાની આ દિલી તમન્નાને પોતાના દોસ્તો વડે અબ્દુલ મુત્તલિબ સુધી પહોંચાડી. ખુદાની શાન કે અબ્દુલ મુત્તલિબ પોતાના દીકરા અબ્દુલ્લાહ માટે જેવી દુલ્હન શોધતા હતા તે બધી જ ખૂબીઓ આમેના બિન્તે વહબમાં ઉપસ્થિત હતી. અબ્દુલ મુત્તલિબે આ સંબંધને ખુશી ખુશી કબૂલ કરી લીધો અને ૨૪ વર્ષની ઉંમરે હઝરત અબ્દુલ્લાહનો નિકાહ બીબી આમેનાથી થઈ ગયો. નૂરે મુહમ્મદી હઝરત અબ્દુલ્લાહથી હઝરત આમેનાના પેટ મુબારકમાં જલ્વાગર થઈ ગયું. જ્યારે ગર્ભાવસ્થાના બે મહીના પૂરા થયા ત્યારે અબ્દુલ મુત્તલિબે હઝરત અબ્દુલ્લાહને ખજૂરો લેવા માટે મદીના શરીફ મોકલ્યા અથવા વેપાર માટે મુલ્કે શામ મોકલ્યા. ત્યાંથી પરત ફરતી વખતે મદીનામાં પોતાના પિતાના મોસળ "બનૂ અદી બિન નજ્જાર"માં એક મહીનો બીમાર રહી ૨૫ વર્ષની વયે મૃત્યુ પામ્યા અને ત્યાં જ "દારે નાબેલગા"માં દફન થયા.

Web. www.barkatekhwaja.net

# મદ્રસાના ફારિગોમાં દઅવતી વિચારધારા તથા કિરદારની જરૂરત અને તેના તકાઝાઓ

હપ્તો : પ્રથમ

અઝ : મૌલાના સાજિદઅલી મિસ્બાહી *(ઉસ્તાઝે જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

نَحْمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ

## ઈસ્લામી મદ્રસાઓનો સંક્ષિપ્ત ઈતિહાસ

ઈસ્લામી મદ્રસાઓનો ઈતિહાસ કેટલો રોશન તથા ઉજ્જવળ છે કે જાને રહ્મત ﷺએ ઈસ્લામની દઅવત તથા તબ્લીગની શરૂઆત કરી અને ઈસ્લામી મદ્રસાનો પાયો નંખાય ગયો. હરતો ફરતો મદ્રસો અને ચાલતા ફરતા તલબા, મહબૂબે પરવરદિગાર મુઅલ્લિમ અને આખુ જગત મુતઅલ્લિમ, પઢાવનાર એક અને પઢનારા અનેક. જ્યાં ઉસ્તાદ બેઠેલા હોય ત્યાં જ તલબાની અંજુમન સજી જતી. દારે અરક઼મમાં હાજર હોય તો ત્યાં જ દીની દાનિશગાહ સજતી. કાશાનાએ અક઼દસની બહાર સહાબાએ કિરામના ઝુંડમાં હોય તો તે જ જગા ઈસ્લામી મદ્રસો ઠરતી. સાબિક઼ીને અવ્વલીન એ જ દાનિશગાહના ઉછેર પામેલા અને અસ્હાબે સુફ્ફા એ જ મદ્રસાના ફયઝ પામેલા છે.

ખાનાએ ખુદામાં રબ્બે ઝુલ જલાલની ઈબાદતના માટે તશરીફ લઈ જાય તો ખાલિક઼ે કાઈનાતની ઈબાદત પણ કરે અને મુસલમાનોને ઈસ્લામી તૌર તરીક઼ા શીખવાડે. સુબ્હાનલ્લાહ ! તે કેવું ઈમાન અફરોઝ દર્સનું વર્તુળ છે જેમાં શમ્એ બઝમે હિદાયત ﷺ તદરીસની બેઠક પર જલ્વા અફરોઝ છે અને સહાબાએ કિરામની નૂરાની જમાઅત એક ધ્યાનથી સાંભળી રહી છે. સરકાર ﷺ ઈલ્મો મઆરિફતના મોતી લૂટાવી રહ્યા છે, અને સહાબાએ કિરામ પોતાના દિમાગ તથા ચિંતનના દામનમાં સમેટતા જઈ રહ્યા છે.

આપના બાદ સહાબાએ કિરામ رضوان اللہ تعالٰی علیہم اجمعین એ જ કેડી પર કુર્આન તથા સુન્નતના પ્રચાર તથા પ્રસાર અને દીને ઈસ્લામની તબ્લીગ તથા દા'વતનો ફરીઝો અંજામ આપે છે. જે શહેરમાં વિજયી શાનો શૌકતની સાથે પ્રવેશે છે ત્યાં મસ્જિદો તઅમીર કરાવે છે. એમાં વિવિધ ઈલ્મો ફઝલના માહિર ઉલમાએ કિરામ અને ફિક઼્હ તથા ઈફતાવાળા હઝરાતના થકી કુર્આન તથા હદીષ, તફસીર તથા ફિક઼્હ અને અન્ય ઈસ્લામી ઈલ્મોની તા'લીમ તથા તર્બિયત આપવામાં આવે છે. ચારેવ મઝહબોના ફક઼ીહો (હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા, વફાત : હિ.સ. ૧૫૦, હઝરત ઈમામ માલિક, વફાત : હિ.સ. ૧૭૯, હઝરત ઈમામ શાફઈ, વફાત : હિ.સ. ૨૦૪, હઝરત ઈમામ અહમદ ઈબ્ને હંબલ, વફાત : હિ.સ. ૨૪૧) رحمۃ اللہ علیہم اجمعین ના દર્સના હલકા (વર્તુળો) પણ એ જ તા'લીમ તથા તર્બિયતના તરીક઼ાના ચમકતાં દૃષ્ટાંતો છે.

પછી ક્રમે ક્રમે તા'લીમ તથા તદરીસના

Web.: www.barkatekhwaja.net

મેદાનમાં ઈન્કિલાબ (ક્રાંતિ) આવે છે અને મસ્જિદોની સાથે બીજી ઈમારતો પણ બાંધવામાં આવે છે જે ઈસ્લામી ઈલ્મો તથા વિદ્યાઓ કલાઓની તા'લીમ તથા તર્બિયતના માટે ખાસ હોય છે, અને એનું નામ મદ્રસો રાખવામાં આવે છે. આ પ્રકારના મદ્રસાઓમાં નીશાપૂરના મદ્રસાઓને પ્રથમ પદ હાંસલ છે. મશહૂર ઈતિહાસવેત્તા હાકિમ નીશાપૂરીના પ્રમાણે સૌ પ્રથમ મદ્રસો તે છે જે અબૂ ઈસ્હાક અસ્ફરાની (વફાત : હિ.સ. ૪૧૮)ના માટે બનાવવામાં આવ્યો હતો, જે બાદમાં ''મદ્રસાએ બયહક્રિયહ''ના નામથી મશહૂર થયો.

એ જ શહેરમાં એક બીજો મદ્રસો ઈમામ અબૂ બકર મુહમ્મદ ઈબ્ને હસન ઈબ્ને ફવરક (વફાત : હિ.સ. ૪૦૬)ના માટે બાંધવામાં આવ્યો અને એક મદ્રસો અબૂ બકર સબ્તી (વફાત : હિ.સ. ૪૨૯)એ ખુદ અહલે ઈલ્મના માટે પોતાના ઘરની સામે બંધાવ્યો. એ મદ્રસાઓ ઉપરાંત સુલ્તાન મહમૂદ ગઝનવીએ એક મદ્રસો સ્થાપિત કર્યો જેને ''ફીહા''ના નામથી ઓળખવામાં આવે છે. એ જ પ્રમાણે એના ભાઈ અમીર નસ્ર બિન સબકતગીને નીશાપૂરની ગવર્નરીના જમાનામાં ''મદ્રસાએ સઅદિયહ''નું બાંધકામ કરાવ્યું. એ ઉપરાંત નીશાપૂરમાં અન્ય મદ્રસાઓનો પણ ઉલ્લેખ મળે છે.

આ ઈસ્લામી મદ્રસાઓ લગભગ પચાસ વરસો સુધી ઈસ્લામ તથા મુસલમાનોની ખિદમત અંજામ આપતા રહ્યા, પરંતુ વઝીર તગરલ બકના કત્લ બાદ એ મદ્રસાઓનું અસ્તિત્વ ખત્મ થઈ ગયું. ત્યાર બાદ સલજૂકી સલ્તનતના વઝીર નિઝામુલ મુલ્ક તૂસીના હાથે મદ્રસા સ્થાપવાની ચળવળ ફરીથી શરૂ થઈ અને ખૂબ જ પ્રમાણમાં મદ્રસા બાંધવામાં આવ્યા. ઈસ્લામના દરેક મશહૂર શહેર જેવાં કે બગદાદ, નીશાપૂર તથા અસ્ફહાન વગેરેમાં મદ્રસાઓ સ્થાપવામાં આવ્યા. જે મદ્રસા નિઝામુલ મુલ્કે સ્થાપ્યા હતા તેમને ''મદારિસે નિઝામિયા''ના નામથી ઓળખવામાં આવે છે. જો કે ''મદારિસે નિઝામિયા''ને ઈસ્લામના પ્રથમ સમયના મદ્રસા હોવાનો શરફ હાંસલ નથી, તેમ છતાં તેમને હુકૂમતના હસ્તક ચાલનારા તા'લીમી ઈદારાઓમાં તેમને પ્રથમ કક્ષા જરૂર હાંસલ છે.

ત્યાર બાદ ''મદારિસે નિઝામિયા''ના તરીકા પ્રમાણે દરેક ઈસ્લામી શહેર તથા ઈસ્લમી દેશોમાં મદ્રસા સ્થાપિત કરવાનો ક્રમ ચાલુ થઈ ગયો, જેના પરિણામે પૂરી દુનિયામાં ઈસ્લામી મદ્રસાની એક જાળ જાણે ફેલાય ગઈ. અને આ ક્રમ આજે પણ ચાલુ છે અને ઈન્શાઅલ્લાહ ! ક્યામત સુધી ચાલુ રહેશે.

## ઈસ્લામી મદ્રસાની સ્થાપ્નાનો હેતુ

ઈસ્લામી મદ્રસાની સ્થાપ્નાનો પાયાનો હેતુ કિતાબુલ્લાહ (કુર્આને કરીમ) અને સુન્નતે રસૂલ (મુબારક હદીષો)ની તા'લીમ તથા તેનો પ્રચાર, ઈસ્લામ તથા ઈસ્લામી નિશાનીઓની રક્ષા તથા નિગેહબાની, ઈસ્લામી માન સન્માનની રક્ષા તથા પાસબાની, ઈસ્લામી મિલ્લતની દીની, મિલ્લી, દઅવતી જરૂરતો અને તેના તકાઝાઓની પરિપૂર્ણતા તથા અંજામ આપવું, તથા એવા ઉલમાએ બાઅમલ તથા કાર્યકરોને તૈયાર કરવાનો છે જેઓ એક તરફ ઈસ્લામી ઈલ્મો તથા મઆરિફતોના માહિર તથા ખાદિમ, દીને ઈસ્લામના મુબલ્લિગ તથા દાઈ (નિમંત્રક), કુર્આન તથા હદીષના મુફસ્સિર તથા શારેહ, દીની કિરદારના ધણી, ફિક્રી એતબારથી કામિલ, શરીઅતના હુકમો પર અમલ કરનારા અને સિરાતે મુસ્તકીમ પર ચાલનારા હોય, અને બીજી બાજુ મુસલમાનોની દીની તથા મિલ્લી કયાદત (લીડરશીપ)ની કાબેલિયતોથી સજ્જ અને કૌમ તથા મિલ્લતની સુધારણા તથા ખિદમતના જઝબાથી ચૂર હોય.

આ નેક મકસદની કામયાબીના માટે આપણા

Web: www.barkatekhwaja.net

અસ્લાફ તથા અકાબિર (પૂર્વજ બુઝુર્ગો) رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ એવું સમૃદ્ધ તથા ફાયદાકારક બંધારણ તા'લીમ તથા તર્બિયતનું લાગુ કર્યુ જે ઉપરોક્ત વર્ણવેલ હેતુઓની પરિપૂર્ણતામાં ખૂબ જ પ્રમાણમાં લાભદાયી તથા કામયાબ સાબિત થયું. ભૂતકાળમાં આ ઈસ્લામી મદ્રસાઓએ કિતાબ તથા સુન્નતના ઈલ્મો તથા મઆરિફતના પ્રચાર તથા પ્રસાર, મુસલમાનોના ઈલ્મી, દીની તથા સંસ્કૃતિક વારસાની રક્ષા, મુલ્ક તથા મિલ્લતની તા'મીર તથા તરક્કી અને ઈસ્લામને ઝિંદા કરવાની જિદ્દો જેહદના હવાલાથી જે ક઼દરને પાત્ર કારનામાં અંજામ આપ્યાં છે તે આપણા ઈલ્મી, દીની તથા સાંસ્કૃતિક ઈતિહાસનાં અતિશય ચમકતાં રોશન પ્રકરણો છે.

અધર્મતાના ઘટાટોપ અંધારાંઓ અને મઝહબ બેઝારીના વર્તમાન પુરફિતન માહોલમાં જે ઈસ્લામી સંસ્કાર તથા સામાજિક્તા અને દીની ઈબાદતો તથા રસમો અને મઝહબી, દીની ગૈરત તથા શરમ અને ઈસ્લામી જાગૃતિ જોવા મળે છે તે એ જ ઈસ્લામી મદ્રસાઓ અને તેનાથી સંબંધિત ઉલમાએ કિરામની બેહતરીન કોશિશોની અસરો છે.

## વર્તમાનકાળના મદ્રસાના ફારિગોમાં દા'વતી ઘટક કેમ અદ્રશ્ય થતું જઈ રહ્યું છે ?

વર્તમાનકાળમાં ઈસ્લામી મદ્રસાઓ જો કે પૂર્વજ બુઝુર્ગોના નિશ્ચિત કરેલ બંધારણ તથા નિસાબ (કોર્સ) પ્રમાણે ખિદમત અંજામ આપી રહ્યા છે, પણ તેમ છતાં એ હક઼ીક઼તથી ઈન્કાર નથી કરી શકાતો કે એમાં મોટાભાગની તા'લીમ તથા તર્બિયતમાં અધોગતિ તથા પસ્તી ઉતરી આવી છે જેના પરિણામે આપણા મદ્રસાના ફારિગોમાં ખિદમતે ખલ્ક઼નો જઝબો અદ્રશ્ય થતો તથા દા'વત તથા તબ્લીગનું ઘટક લુપ્ત થતુ જઈ રહ્યું છે. એટલા માટે ઈસ્લમી મદ્રસાના વ્યવસ્થાપકો તથા ઉસ્તાદો, માલદારો તથા સખીદાતાઓ, બલ્કે આપણા સર્વ પર એ જિમ્મેદારી લાગુ થાય છે કે આપણે આપણુ નિરીક્ષણ કરીએ, અધોગતિ તથા પસ્તીના સબબોનું નિરીક્ષણ કરીએ અને હૈસિયત પ્રમાણે સુધારણાની કોશિશ કરીએ.

અમારા ખયાલમાં અત્યારે મદ્રસાના ફારિગોની અંદર ખિદમતે ખલ્ક઼ તથા દા'વતો તબ્લીગના હવાલાથી જે અધોગતિ જોવા મળે છે તેના અમુક સબબો નીચે પ્રમાણે છે :–

**(૧)** આજે ઈસ્લામી મદ્રસાઓમાં સામાન્યતઃ તલબાની ક્ષમતા તથા ક઼ાબેલિયત વધારવા માટે તો અમુક અંશે ધ્યાન આપવામાં આવે છે પરંતુ તેમની અમલી તર્બિયત તથા કિરદારસાઝીની જરા પણ વ્યવસ્થા નથી કરવામાં આવતી. એના પરિણામે તે બાસલાહિયત આલિમ તો બની જાય છે પણ એક સારા ઈન્સાન નથી બનવા પામતા, અને જ્યારે અમલના મેદાનમાં ઉતરે છે તો તે દા'વતો તબ્લીગનું મહત્વ તથા ફાયદાકારક્તાથી બેખબર અને તેના નીતિ નિયમોથી અજાણ હોય છે. એટલા માટે તે દા'વતો તબલીગનો ફરીઝો અંજામ આપવાથી કતરાય છે. કહેવત પ્રમાણે છે : *સૂતેલો શખ્સ સૂતેલા શખ્સને કેવી રીતે જગાડી શકે છે !*

**(૨)** મદ્રસાના વ્યવસ્થાપકો જ્યારે ઉસ્તાદોનું સિલેક્શન કરે છે તો એમની ઈલ્મી સલાહિયત તથા ક઼ાબેલિયતના બારામાં કાંઈક અંશે માલૂમાત હાંસલ કરે છે, પરંતુ તેમના તક઼વા તથા પાકીઝગી અને અખ્લાક઼ તથા કિરદારના બારામાં પતો લગાડવો બેકાર ખયાલ કરે છે, જેના પરિણામે બેઅમલ ઉસ્તાદોની પસંદગી થઈ જાય છે, અને પછી એમના હાથ હેઠળ તલબાની અમલી જિંદગી બર્બાદ થતી જાય છે. સાચુ કહ્યું છે કોઈકે કે : *કોર્સ તો લફ઼્ઝ હી સિખાતે હૈં–આદમી આદમી બનાતે હૈં*

**(૩)** આપણે મુદર્રિસો તથા વ્યવસ્થાપકો અમલી તૌર પર પોતાના તલબાને એ સમજાવવાથી લાચાર રહીએ છીએ કે તે ખૈરે ઉમ્મત (ઉમ્મતોમાં શ્રેષ્ઠ) છે અને તેમનો ફરીઝો જે દઅવત તથા તબ્લીગ છે. જેમ કે અલ્લાહ તબારક

વ તઆલાનો ઈર્શાદ છે :–

كُنْتُمْ خَيْرَ اُمَّةٍ اُخْرِجَتْ لِلنَّاسِ تَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَ تَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَتُؤْمِنُوْنَ بِاللّٰهِ۔

"તમે બેહતરીન (શ્રેષ્ઠ) છો એ સર્વ ઉમ્મતોમાં જે લોકોમાં જાહેર થઈ, ભલાઈનો હુકમ આપો છો અને બુરાઈથી મના કરો છો અને અલ્લાહ પર ઈમાન ધરાવો છો." *(પારા : ૪, આલે ઈમરાન, આ. ૧૧૦, કન્ઝુલ ઈમાન)*

અને આપણે એમના દિમાગ તથા ચિંતનમાં એ હકીકત ઉતારવાની કોશિશ નથી કરતા કે **જો આપણે આપણા આ ફર્ઝે મન્સબી (હોદ્દા)નો લેહાઝ ન રાખ્યો અને દઅવત તથા તબ્લીગનો અમલ ત્યજી આપ્યો તો અલ્લાહ ﷻ આપણા પર અઝાબ નાઝિલ કરશે, અને આપણી દુઆઓ પણ કબૂલ નહીં થાય.**

સરકાર ﷺ ઈર્શાદ ફર્માવે છે : "કસમ છે એ જાતની જેની કુદરતના તાબામાં મારી જાન છે ! તમે ભલાઈનો હુકમ જરૂર આપતા રહો અને બુરાઈથી રોક્તા રહો, નહીં તો નજીક છે કે અલ્લાહ તમારા પર અઝાબ નાઝિલ કરશે, પછી તમે દુઆ કરો તો તમારી દુઆ કબૂલ કરવામાં નહીં આવે." *(અલ હદીષ : ૨૩૨૩)*

**(૪)** ઉસ્તાદો તથા વ્યવસ્થાપકો તા'લીમી પ્રગતિ તથા તેની મજબૂતી માટે સમયાંતરે કાંઈક ચર્ચા વિચારણા કરી પણ લે છે, પરંતુ દા'વત તથા તબ્લીગની ઉન્નતિના માટે સામાન્યતઃ કાંઈક વિચારવાની જેહમત પણ નથી કરતા. અને આ ઉમ્મીદમાં આપણી નિષ્ફળતાનું એક કારણ એ પણ હોય છે કે મોટાભાગે મદ્રસાઓના જિમ્મેદારો અને અમુક મુદર્રિસો પોતે જ બેઅમલ હોય છે ! એમનામાં અમુકને જોઈને લાગતુ જ નથી કે તે કોઈ દીની ઈદારાના જિમ્મેદાર છે અથવા કોઈ જિમ્મેદાર મદ્રસાના મુદર્રિસ કે મુલાઝિમ છે. એટલા માટે એમને દા'વત તથા તબ્લીગનું મહત્વ જ સમજમાં નથી આવતું. તેઓ તો એ જ વાતો પર અધિક ધ્યાન આપે છે જેના પર અમલ કરવાથી આવક તથા ખ્યાતિમાં વધુથી વધુ ઉમેરો થઈ શકે. આપણે અન્યોને તો એ દર્સ આપીએ છીએ કે ખુલૂસથી કામ કરો અલ્લાહ તઆલા જરૂર રોજી આપશે, પરંતુ અમલી રીતે એનો નમૂનો ખુદ પ્રદર્શિત નથી કરતા.

**(૫)** માલદારો તથા ભલાઈ કરનારા હઝરાત પણ સામાન્યતઃ એ નેક બંદાઓની તરફ જોઈએ તેવું ધ્યાન નથી કરવા પામતા જેઓ પોતાને દા'વતો તબ્લીગની કાંટાળી વાદીઓમાં નાખી દે છે અને બેચારો મદદગાર અમુક દિવસોમાં હારી થાકીને બેસી જાય છે અને કોઈ તેમનો હાલ પૂછનાર નથી હોતું. તેમનું જાહેરી નુકસાન અને નિષ્ફળતા જોઈને અન્ય વ્યક્તિઓ એ મેદાનમાં કદમ રાખવાની હિંમત પણ નથી કરવા પામતા, જેનું પરિણામ એ આવે છે કે દઅવત તથા તબ્લીગનું મેદાન તદ્દન ખાલી પડેલું રહે છે.

## મદ્રસાના ફારિગોમાં દા'વતી સોચ તથા કિરદાર જાગૃત તથા મજબૂત કરવા માટે મદ્રસાઓના કોર્સ તથા બંધારણમાં શું તબ્દીલી થવી જોઈએ ?

આપણા મદ્રસાઓનો વર્તમાન નિસાબ (કોર્સ) તો બેહતર છે, એમાં કોઈ ખાસ ફેરફારની કોઈ જરૂરત નથી. હા ! જરૂરત એ વાતની છે કે આપણે તલબાની તા'લીમ તથા તર્બિયતના માટે એ તરીકાઓ અપનાવીએ જે આપણા અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો) તથા અકાબિર (મોટેરાઓ)ના ખાસ અનોખા હતા. દા.ત. :–

**(૧)** તલબાની ઈલ્મી ક્ષમતા તથા કાબેલિયત વધારવાના માટે જેટલા પ્રમાણમાં ધ્યાન આપીએ છીએ એનાથી કેટલાય અંશે અધિક તેમની અમલી કેળવણી (તર્બિયત) તથા કિરદારસાઝીની વ્યવસ્થા કરીએ. તલબાના દિલોમાં ખૌફે ખુદા બેસાડવા કોશિશ કરીએ. હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہ નું

ફર્માન છે : ''એવી તા'લીમ જેમાં તર્બિયત ન હોય એ ફાયદા વિનાની, બલ્કે છેવટે નુકસાનકર્તા છે.''

**(૨)** ઈસ્લામી મદ્રસાઓમાં દાખલ થનાર તલબાની બ્રેઈન વોશિંગ કરવામાં આવે અને પોતાના વાણી તથા વર્તન વડે તેમના દિમાગ તથા સોચમાં એ હક઼ીક઼ત ઉતારી દેવામાં આવે કે, **આ તા'લીમનો હેતુ અલ્લાહની રઝા હાંસલ કરવું છે.** નામના કે વાહ વાહ, ઘમંડ કે બડાઈ, સરકારી નોકરીઓની પ્રાપ્તિ કે કેવળ દુનિયા કમાવું નથી, કેમ કે એ કામોના માટે ઈલ્મે દીન હાંસલ કરવા પર સખત ચેતવણીઓ વર્ણવવામાં આવેલી છે. જેમ કે રહ્મતે આલમ ﷺ ફર્માવે છે : ''જે ઈલ્મ વડે અલ્લાહની રઝા હાંસલ કરવામાં આવે છે, જો તેને કોઈ શખ્સ કેવળ દુનિયા કમાવાના માટે હાંસલ કરશે, તો તે ક઼યામતના દિવસે જન્નતની ખુશ્બુ પામશે નહીં.'' *(સુનને અબૂ દાઊદ, હદીષ : ૩૬૬૬)*

બીજી હદીષમાં છે : ''જે શખ્સ બેવકૂફો સાથે લડવા ઝઘડવા અથવા ઉલમાએ કિરામ પર ફખ્ર તથા ઘમંડ કરવા અથવા લોકોને પોતાની તરફ આકર્ષવા માટે ઈલ્મે દીન હાંસલ કરશે તે જહન્નમમાં જશે.' *(સુનને ઈબ્ને માજહ, હદીષ : ૨૫૩)*

હા ! એ ઈલ્મ પ્રાપ્તિનો પાયાનો હેતુ ખુદા તથા રસૂલને રાજી કરવાનો, ઈસ્લામી અહકામને સમજવાનો, પછી હિકમત તથા દાનાઈ સાથે તેને અન્યો સમક્ષ પહોંચાડવાનો છે. રબ્બે કરીમનો ઈર્શાદ છે :–

**وَمَا كَانَ الْمُؤْمِنُوْنَ لِيَنْفِرُوْا كَآفَّةً ؕ فَلَوْلَا نَفَرَ مِنْ كُلِّ فِرْقَةٍ مِّنْهُمْ طَآئِفَةٌ لِّيَتَفَقَّهُوْا فِى الدِّيْنِ وَلِيُنْذِرُوْا قَوْمَهُمْ اِذَا رَجَعُوْٓا اِلَيْهِمْ لَعَلَّهُمْ يَحْذَرُوْنَ**

''અને મુસલમાનોથી એ તો નથી થઈ શક્તુ કે સૌ તમામે તમામ નીકળે. તો કેમ ન થયું કે એમના દરેક ગિરોહમાંથી એક જમાઅત નીકળે કે દીનની સમજ હાંસલ કરે, અને પરત આવીને પોતાની ક઼ૌમને ડર સંભળાવે, એ ઉમ્મીદ પર કે તેઓ બચે.'' *(સૂરએ તૌબા, આ. ૧૨૨, પારા : ૧૧)*

**(૩)** ઉસ્તાદોની પસંદગીમાં ઈલ્મી ફઝલો કમાલની સાથોસાથ, નેકી તથા તક઼્વાનો જમાલ પણ જુએ. દર્સી કિતાબોની ક઼ાબેલિયતોની સાથે નેક સ્વભાવ, ઉચ્ચ અખ્લાક઼ તથા ઉચ્ચ કિરદાર ધરાવતા ઉસ્તાઝોની પસંદગી કરવામાં આવે, જેથી તેઓ તલબા પર પોતાના અમલ તથા ફઝ્લની સાથે કિરદાર તથા અમલની પણ નોંધપાત્ર અસર છોડે. હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવતા હતા : ''હોશિયાર તલબા તે છે જેઓ ઉસ્તાઝોથી ઈલ્મની સાથે સાથે અમલ પણ શીખે છે.'' હવે જો ઉસ્તાઝો બેઅમલ હોય અને તલબા હોશિયાર, તો તેઓ એમનાથી બદઅમલી જ તો શીખશે. અને એનો વબાલ વ્યવસ્થાપકો પર પણ જશે કે તેમણે જ એવા ઉસ્તાઝોની પસંદગી કરી છે.

**(૪)** અસાતેઝાએ કિરામ (ઉસ્તાદો) એનો ખયાલ રાખે કે તેમના હોદ્દાની જવાબદારી (ફર્ઝ) કેવળ તલબાને દર્સગાહમાં કેવળ પઢાવી દેવાથી અદા નથી થતો, બલ્કે એ પણ એમની જિમ્મેદારી બને છે કે તેઓ તલબાના અમલો તથા અખ્લાક઼ની સુધારણા તથા કેળવણીની પણ કાળજી લે.

**(૫)** ઉસ્તાદો તથા વ્યવસ્થાપકો સૌ એનો લેહાઝ રાખે કે દારુલ ઈક઼ામા (હોસ્ટેલ)ની વ્યવસ્થા ખૂબ જ ચુસ્ત તથા સાફ હોય, નમાઝોની કાળજી તથા તલબાના દેખાવ, પહેરવેશ, હુલિયા પર ખાસ નજર રાખે, તેમનામાં સુન્નતના અનુસરણનો જઝબો જાગૃત કરે, તલબાને મુતાલિઆ તથા મુઝાકેરાના આદી બનાવવાની કોશિશ કરે, અને મહિને બે મહિને એક વાર જરૂર તલબાને નસીહત કરે, દા'વત તથા તબ્લીગનું મહત્વ સમજાવે અને પઢાઈની સાથે સાથે એના પર અમલ કરવાના માટે પણ તૈયાર કરે.

*.........(ક્રમશ:)*

Web: www.barkatekhwaja.net

(વિસાલ : ૯ ઝીલ હજ્જ)

# હઝરત મુફતીએ આ'ઝમ રાજસ્થાન رحمۃ اللہ علیہ

## ઈત્તેહાદ, ખુલૂસ, લિલ્લાહિયત, દર્દમંદી, પ્રેમભાવ, ઈલ્મ દોસ્તી અને દીની જઝબાની કેટલીક બોલતી તસ્વીરો

❑ **અઝ** : મૌલાના અસ્લમ રઝા અશ્ફાક઼ી ❑ **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી

મુફતીએ આ'ઝમ રાજસ્થાન હઝરત અલ્લામા અશ્શાહ મુફતી મુહમ્મદ અશ્ફાક઼ હુસૈન નઈમી رحمۃ اللہ علیہ (વિસાલ : ૯–ઝીલ હજ્જ હિ.સ. ૧૪૩૪ જુ. તા. ૧૫–૧૦–૨૦૧૩)ની તેમના જીવન મુબારકની પળે પળ દીનો સુન્નિયતના પ્રચાર તથા પ્રસાર માટે વક્ફ હતો. રાજસ્થાનના મોટાભાગના જિલ્લાઓમાં આપના સ્થાપિત કરેલ મદ્રસાઓ તથા જામિઆ, મસ્જિદો તથા મકતબો એના બોલતા પુરાવા છે. મુફતીએ આ'ઝમ રાજસ્થાન رحمۃ اللہ علیہએ દરેક કામ ઈખ્લાસ તથા મહોબ્બત, ઈત્તેહાદ તથા ઈત્તેફાક઼ની સાથે કર્યું તો અલ્લાહ તઆલાએ તેમનું નામ તથા કામ ચમકાવી આપ્યું. આપ દરેક સુન્ની ઈદારા સાથે ખૈર ખ્વાહી તથા હુસ્ને ઝન (સારું ગુમાન) ધરાવતા હતા, કદી કોઈ ઈદારાથી વિરોધ તથા દૂરી નથી અપનાવી.

### ★ નિખાલસતા તથા ત્યાગવૃત્તિનું ઉમદા દ્રષ્ટાંત ★

રાજસ્થાનમાં આપના અગણિત મુરીદો, અકીદતમંદો તથા ચાહકો છે જેઓ આપના માટે પલકો બિછાવતા હતા, પણ આપે પોતાની જાતના માટે કદી કોઈને સવાલ નથી કર્યો. કેટલાયે હઝરાતે આપને તબ્લીગી દૌરાઓના માટે ફોર વીલર ગાડી પેશ કરવા ચાહી, પણ આપે ક઼બૂલ ન કરી. એના અનુસંધાનમાં ઉસ્તાદે઼ ગિરામી હઝરત મુફતી મુહમ્મદ ફૈયાઝ સાહબ ક઼િબ્લા રઝવી (ઉસ્તાદે઼ દારૂલ ઉલૂમ ઈસ્હાક઼િયા–જોધપુર) એક બનાવ વર્ણવે છે. જોધપુર જિલ્લામાં ગોટન એક કસ્બો છે જયાં સુન્નિયતના હમદર્દ જનાબ હાજી છોટુખાં હઝરતના ખાસ મુરીદોમાંથી હતા. તેમણે આપના દૂર દરાઝના ખૂબ જ તબ્લીગી દૌરાઓને જોતાં એકવાર અર્ઝ કરી, હુઝૂર ! આપ ફર્માવો તો એક ફોરવીલર ગાડી હાજર કરી દઉં ! આપે ફર્માવ્યું, ચલાવશે કોણ ? અર્ઝ કરી, ડ્રાઈવર પણ આવી જશે ! ફર્માવ્યું, રાખીશું ક્યાં ?! અર્ઝ કરી, એ પણ વ્યવસ્થા થઈ જશે, આપ એની તદ્દન ફિકર ન કરો. બસ આપ હા કહી દો ! તો હઝરત મુફતી સાહબ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, હાજી છોટુખાં ! જ્યારે આપ આટલી જીદ પર છો તો મેં આપનો તોહફો ક઼બૂલ કરીને આપને જ પરત કર્યો ! અલ્લાહ તઆલા તમને ખુશ રાખે, આપની રોજી કારોબારમાં ખૂબ ખૈરો બરકત આપે.

હદીયો તથા તોહફો ક઼બૂલ કરવો સુન્નતે રસૂલુલ્લાહ ﷺ છે. પણ મો'મિન ભાઈનું દિલ ખુશ કરવું પણ ઘણી જ મહાન નેકી છે. જેને હઝરત મુફતી સાહબ ક઼િબ્લાએ પોતાના જીવનના અંતિમ શ્વાસ સુધી નિભાવ્યું. અલ્લાહનો આ મુખ્લિસ તથા બેનફસ બંદો કેટલા પ્રમાણમાં મુબારક છે જેણે પોતાની અંગત જરૂરીયાતના માટે પણ પોતાના મુરીદો તથા અક઼ીદમંદોની સમક્ષ જીભ નથી ખોલી. આપ મુફતીએ આ'ઝમ રાજસ્થાન رحمۃ اللہ علیہનું ઘર આવીને જોઈ લો તો માલૂમ પડશે કે જે શખ્સના પૂરા રાજસ્થાનભરમાં હજારો ચાહવાવાળા છે તેમનું આવું

Web. : www.barkatekhwaja.net

મામૂલી સરખુ ઘર છે ! જેમાં આપે વરસો સુધી જિંદગીનો સમય પસાર કર્યો અને દારૂલ ઉલૂમ ઈસ્હાક઼િયાને ઉચ્ચતાના શિખરે પહોંચાડયો. જાણવા મળ્યું કે તવક્કલતુ અલલ્લાહની મંઝિલ અલગ છે !

## ★ બાતિલ ફિર્ક઼ાઓની રદ એ આપનુ મિશન હતું ★

આપે દરેક વખતે શખ્સિયતના માન સન્માનની તાલીમ આપી. તલબામાં કાંઈક કરી બતાવવાનો હોસલો તથા જઝબો જાગૃત કરવા માટે તેમને ઘણા જ પ્યાર મહોબ્બતથી સમજાવતા હતા. એકવાર અમારી જમાઅતને 'શર્હે અક઼ાઈદ'નો દર્સ આપતી વખતે બાતિલ ફિર્ક઼ાઓ વિશે બતાવતાં ફર્માવ્યું, **શીઆઓના રદમાં હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ હદેલ્વી رحمۃ اللہ علیہની અજોડ કિતાબ "તોહફાએ ઈષ્ના અશરિયહ" જરૂર વાંચી લેવી જોઈએ જે પોતાના લખાણોના એતબારથી અજોડ તથા વિશ્વાસપાસ કિતાબ છે.** આ પ્રમાણે એમણે બાતિલ ફિર્ક઼ાઓની રદને પોતાનું મિશન બનાવ્યું અને પોતાના શાગિર્દો તથા ખલીફાઓને એના માટે પ્રોત્સાહિત કર્યા.

## ★ તે વિસ્તારોની છબી જ બદલાય જતી...! ★

મુફતી આ'ઝમે રાજસ્થાન رحمۃ اللہ علیہ જે ગામ તથા વસ્તીમાં તશરીફ લઈ જતા ત્યાં દીની તથા ઈલ્મી ક્રાંતિ સર્જાઈ જતી ! ચાઉંદિયા ગામ સોજત રોડ જિ. પાલીમાં ઈ.સ. ૨૦૧૦માં એક મદરસાની સંગે બુન્યાદ હતી. તદ્દન અભણ લોકોની આબાદી પણ મહોબ્બતમાં દીવાના અક઼ીદતના ગુલદસ્તાઓ લઈને ખડા પગે ઉભેલા જોવા મળ્યા. બપોરના સમયે અમારો કાફલો મુફતીએ આ'ઝમ રાજસ્થાનની રહબરીમાં ત્યાં પહોંચ્યો. જરૂરતોથી ફારિગ થયા બાદ અમને ત્યાં લઈ જવામાં આવ્યા જ્યાં મદ્રસાનો પાયો રાખવાનો હતો. જઈને જોયું તો જાણવા મળ્યું કે એક નાની સરખી જગા છે જે થોડાક દિવસો પહેલાં ખરીદવામાં આવી છે. મુફતી સાહબ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, આ જગા તો ખૂબ જ થોડી છે જો નજીકની જમીન મળી જાય તો તરત જ ખરીદી લેવામાં આવે. લગભગ એ જ મજલિસમાં એક બંદાએ તે જમીન ખરીદીને મદ્રસાના માટે વક઼ફ કરી આપી. જ્યારે એ દીવાનાઓએ અર્ઝ કરી કે હઝરત ! તમે જ આપના મુબારક હાથો વડે પાયો ખોદો ! તો હઝરતે પોતાના મુબારક હાથોમાં કોદાળી લીધી અને પાયાને ખોદયો, બાદમાં સર્વ હઝરાતે થોડો થોડો હિસ્સો લીધો. આ પ્રમાણે જ્યારે પાયો ખોદી લેવામાં આવ્યો તો મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہએ પોતાના દસ્તે મુબારક વડે મદ્રસાનો પાયો રાખ્યો. પાયો રાખ્યા બાદ ક઼યામગાહ (ઉતારા) પર જઈ રહ્યા હતા એવામાં એક સાહબે હઝરતને પોતાને ત્યાં રોકી લીધા, તો તે શખ્સ દોડતો દોડતો આવ્યો જેને ત્યાં ઉતારો હતો અને કહ્યું, તમે હઝરતને કેવી રીતે રોકી લીધા ?! બહષબાજી થવા લાગી. જ્યારે હઝરતને જાણ થઈ તો તેમને ખૂબ જ મોહબ્બતભેર ફર્માવ્યું, "તમે નારાજ ન થાવ ! તમારા ઘરે પણ આવીશું." આ રીતે હઝરતે બંનેવનાં દિલો લીધાં.

ઈશા બાદ પ્રોગ્રામ શરૂ થયો. "સુન્ની તબ્લીગી જમાઅત–બાંસની"નું પ્રતિનિધિમંડળ હાજર હતું. હઝરતે મને (લખનારને) ફર્માવ્યું, મૌલાના ! જાવ ! તક઼રીર કરો ! મારા પછી અન્ય ઉલમાનાં બયાનો થયાં. જે સમયે મુફતી સાહબ رحمۃ اللہ علیہ સ્ટેજ પર હાજર થયા તો સર્વ હઝરાતના ચહેરા ખુશીથી ખીલી ઉઠયા. દુઆના શબ્દો ઈર્શાદ ફર્માવતાં આપે ફર્માવ્યું, "ઈન્શાઅલ્લાહ ! હવે તમારો મદ્રસો બની જશે, પરંતુ જરૂરી છે કે મદરસો બાળકોથી આબાદ કરવામાં આવે. એનાથી માહોલમાં દીનદારી આવશે. એવું કદાપિ ન થવું જોઈએ કે મદરસો વિરાન રહે." હઝરતના આ નસીહત ભરેલા થોડાક વાક્યો હતાં જેનાથી એ ગામમાં ઈન્કિ઼લાબ આવી ગયો,

Web:-www.barkatekhwaja.net

અલ્હમ્દુલિલ્લાહ ! અત્યારે "સુન્ની તબ્લીગી જમાઅત–બાંસની"ના નિયંત્રણ હેઠળ ત્યાં શાનદાર મદ્રસો ચાલી રહ્યો છે જેમાં લગભગ ૮૦ બાળકો બાળકીઓ દીની તાલીમથી સજ્જ થઈ રહ્યાં છે.

કલ્યાણપુરા જિ. બાડમેરમાં એકવાર અચાનક મુફ્તી સાહબનો દૌરો થયો. જોયું કે અહીં મસ્જિદ નથી તો આપે હઝરત મૌલાના અબૂબક્ર સાહબને બાંસનીથી બોલાવ્યા અને ફર્માવ્યું, મૌલાના ! કલ્યાણપુરામાં મસ્જિદ બનાવવી છે, આપ ચાલો ! ત્યાં જઈને પ્રોગ્રામ કર્યો. મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ ગયા. ખુદાને કરવું અને એવું થઈ ગયું કે મુફ્તી સાહબની બરકતથી એક જ મજલિસમાં પૂરી મસ્જિદ તામીર થઈ ગઈ ! (એટલુ ભંડોળ થઈ ગયું) આવા અનેક બનાવો છે જે મુફ્તી સાહબ رحمۃ اللہ علیہની યાદોથી સંબંધિત છે.

એ જ પ્રમાણે જીતારન જિ. પાલીનો એક બનાવ હઝરત અબૂબક્ર સાહબ વર્ણન કરે છે કે સવારમાં મુફ્તી સાહબ કિ઼બ્લા رحمۃ اللہ علیہ મસ્જિદના ઈફતેતાહના માટે તશરીફ લાવ્યા. જોયું કે મસ્જિદની છત નથી. જ્યારે વ્યવસ્થાપકો ઈસ્તક઼બાલના માટે અમામા લઈને આવ્યા તો મૌલાના અબૂબક્ર સાહબે અમામો બાંધવાથી ઈન્કાર કરી આપ્યો. તે વખતે મુફ્તી સાહબે ફર્માવ્યું, મૌલાના ! આપે એવું શા માટે કર્યું ? અર્ઝ કરી, હઝરત આ ઈન્કાર કરવું જ મસ્જિદની છત બનાવી આપશે ! લોકોને જાગૃત કર્યા અને કહ્યું કે જ્યાં સુધી મસ્જિદની છત બનશે નહીં ત્યાં સુધી અમારા માથાંઓ પર અમામા બાંધીશું નહીં ! સ્થાનિક લોકોએ જોયું કે મુફ્તી સાહબ પણ અમામો નથી બાંધી રહ્યા. પછી તો એટલા પ્રમાણમાં મદદ કરી કે એક જ મજલિસમાં મસ્જિદની છતની સંપૂર્ણ વ્યવસ્થા થઈ ગઈ !

### ★ સ્ત્રીઓની તાલીમમાં પ્રગતિ ★

મુફ્તીએ આ'ઝમ રાજસ્થાન رحمۃ اللہ علیہએ ઈ.સ. ૧૯૭૭માં "મદ્રસાએ ફાતિમી" મુસ્લિમ સ્ત્રીઓમાં દીની ઈલ્મોના પ્રચારના માટે જોધપુરમાં સ્થાપ્યો જ્યાં અત્યારે સંપૂર્ણ પર્દાની સાથે ૩૦૦ બહેનો ઉચ્ચ તાલીમ હાંસલ કરી રહી છે. મુફ્તી સાહબ رحمۃ اللہ علیہની આ પાકીઝા સોચ એટલા પ્રમાણમાં રંગ લાવી કે હવે રાજસ્થાનમાં ઠેક ઠેકાણે તાલીમે નિસ્વાં (બહેનો તાલીમ) માટેના ઈદારા સ્થાપિત થઈ રહ્યા છે.

મુફ્તીએ આ'ઝમ રાજસ્થાન رحمۃ اللہ علیہએ ઈ.સ. ૨૦૦૩માં મદ્રસા ફાતિમીના સહકાર માટે શેરે રાજસ્થાન હઝરત અલ્લામા મુફ્તી શેર મુહમ્મદખાં સાહબ કિ઼બ્લા રઝવી (શયખુલ હદીષ વ સદરુલ મુદર્રિસીન દારૂલ ઉલૂમ ઈસ્હાકિ઼યા–જોધપુર), વાલિદે ગિરામી હઝરત અલ્લામા મુફ્તી વલી મુહમ્મદ સાહબ કિ઼બ્લા રઝવી, સરબરાહે આ'લા સુન્ની તબ્લીગી જમાઅત–બાંસનીને મુંબઈ મોકલ્યા. બંને હઝરાતે ખાસ લોકો પાસેથી "મદ્રસા ફાતિમી" માટે મદદ લીધી. અલ્હમ્દુલિલ્લાહ ! આજે એ ત્રણ માળની ઈમારત જોવા લાયક બની છે.

### ★ ખાનકાહે બરકાતિયા, રઝવિય્યહ તથા અશ્રફિય્યહથી મહોબ્બત ★

મુફ્તીએ આ'ઝમ રાજસ્થાન رحمۃ اللہ علیہ ઈલ્મી તથા રૂહાની ખાનવાદાઓના ક઼દરદાન હતા. ખાનવાદાએ બરકાતિયા, રઝવિય્યહ તથા અશ્રફિયા, ત્રણેવ ખાનવાદાઓ અખંડ ભારતના મહાન ખાનવાદાઓ છે, મુફ્તી સાહબ હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ, હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ, હુઝૂર અહસનુલ ઉલમા બરકાતી رحمۃ اللہ علیہم اجمعین ના મંઝૂરે નઝર હતા. જીવનપર્યંત આ ક્રમ ક઼ાયમ રહ્યો. હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ, હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہماના બારામાં ફર્માવ્યા કરતા હતા : "દારૂલ ઉલૂમ ઈસ્હાકિ઼યાની તરક્કીમાં હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ તથા હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہماની દુઆઓ સામેલ છે." મુજાહિદે દોરાં હઝરત અલ્લામા

સૈયદ મુઝફ્ફર હુસૈન સાહબ કિબ્લા અશરફી કછોછવી رحمۃ اللہ علیہની મહાન કુર્બાનીઓને દર વર્ષે દારૂલ ઉલૂમના સાલાના ઈજલાસમાં યાદ કર્યા કરતા હતા. હું (આ લખનાર) જ્યારે કિછૌછા શરીફ હાજર થયો તો મુજાહિદે દૌરાં رحمۃ اللہ علیہના મઝાર શરીફ પર પણ હાજર થયો. જોયું કે કબ્ર શરીફ પર જે લખાણ અંકિત કરીને લગાડેલ છે એની નીચે લખ્યું હતું : ''મિન જાનિબ મુફતીએ આ'ઝમ–રાજસ્થાન'' સુબ્હાનલ્લાહ ! આને કહે છે સાચી અકીદત તથા મહોબ્બત !

## ★ હઝરત તાજુશ્શરીઅહનું ઐતિહાસિક સ્વાગત ! ★

ઈ.સ. ૧૯૮૬માં હુઝૂર તાજુશ્શરીઅહ કાઝીયુલ કુઝાત ફિલ હિંદ અલ્લામા અશ્શાહ મુફતી મુહમ્મદ અખ્તર રઝાખાં કાદરી અઝહરી دامت برکاتہم العالیہનું જોધપુરની ભૂમિ પર મુફતીએ આ'ઝમ રાજસ્થાન رحمۃ اللہ علیہએ જે અંદાઝમાં સ્વાગત કરાવ્યું તે ઈતિહાસનું એક ઉજ્જવળ પ્રકરણ છે. જોધપુરથી આઠ કિ.મિ. દૂર મંડોરથી લઈને સીટી સુધી લોકોની ભારે ભીડ આપને ઝિયારતથી મુશર્રફ થઈ રહી હતી. **જોધપુરના ઈતિહાસમાં કોઈ પણ મઝહબી શખ્સિયતનું આટલુ શાનદાર સ્વાગત તથા આવો આવકાર નથી કરવામાં આવ્યો.** ઈ.સ. ૧૯૯૬માં દારૂલ ઉલૂમના વાર્ષિક ઈજલાસમાં જ્યારે હુઝૂર તાજુશ્શરીઅહ دامت برکاتہم العالیہ તશરીફ લાવ્યા, એ સમયે પણ આપના હજારો મુરીદો થયા. આ આપની હુઝૂર તાજુશ્શરીઅહ دامت برکاتہم العالیہથી સાચી મોહબ્બત હતી.

## ★ હઝરત સૈયદ અમીને મિલ્લતનું અતિ શાનદાર સ્વાગત ★

ખાનકાહે કાદરિયા બરકાતિયા મારહરા મુતહ્હરાના મહાન સજ્જાદા, હઝરત પ્રોફેસર ડો. સૈયદ અમીન મિયાં સાહબ કિબ્લા બરકાતી دامت برکاتہم العالیہ થી પણ મુફતી સાહબ કિબ્લાના ગાઢ સંબંધો હતા. ઈ.સ. ૨૦૦૧માં દારૂલ ઉલૂમના વાર્ષિક જલસામાં તશરીફ લાવ્યા, તો તેમનું ખૂબ જ શાનદાર સ્વાગત કરવામાં આવ્યું. શેરે રાજસ્થાન અલ્લામા મુફતી શેર મુહમ્મદખાં સાહબ કિબ્લા રઝવી (શૈખુલ હદીષ વ સદરુલ મુદર્રિસીન દારૂલ ઉલૂમ ઈસ્હાકિયા–જોધપુર)એ આપનો ઈલ્મી તથા રૂહાની ખાનવાદા મહાન વ્યક્તિ હોવાની હૈસિયતથી અજોડ તઆરુફ કરાવ્યો. હજારો લોકો દીદારથી મુશર્રફ થયા. દીની તાલીમ તથા મસ્લકે આ'લા હઝરતની જરૂરત તથા મહત્વ પર હઝરત અમીને મિલ્લત دامت برکاتہم العالیہનો લાજવાબ ખિતાબ પણ થયો.

ઈ.સ. ૨૦૦૩માં જ્યારે ખબીબે આ'ઝમે એશિયા વ યૂરપ હઝરત અલ્લામા અશ્શાહ સૈયદ કલીમ અશરફ સાહબ કિબ્લા અશરફી જીલાની دامت برکاتہم العالیہ જાઈસ શરીફનું પાલીથી બાંસની આવતાં જોધપુરના માર્ગમાં એક્સિડન્ટ થયું તો મુફતી સાહબ કિબ્લાએ એ જ વખતે ગાંધી હોસ્પિટલ જોધપુરમાં આપને એડમિટ કરાવ્યા અને ખિદમત માટે ઉસ્તાઝુલ કુર્રા હઝરત કારી ઈકરામ સાહબ નઈમી વગેરેને નિયુક્ત કર્યા. હઝરતથી અર્ઝ કરી, આપ તદન નચિંત રહો, જોધપુર તમારું જ ઘર છે.

ઈ.સ. ૨૦૦૪માં પાલીના માર્ગમાં જ્યારે શાહઝાદએ હુઝૂર તાજુશ્શરીઅહ હઝરત મૌલાના અસ્જદ રઝાખાનનું એક્સિડન્ટ થયું તો મુફતી સાહબ કિબ્લાને જેવી ખબર પડી, તરત સંપર્ક કરીને દારૂલ ઉલૂમ ઈસ્હાકિયા બોલાવી લીધા. સર્વ તલબાને હરાબંધ ઉભા રાખીને શાનદાર સ્વાગત કર્યું. ઉસ્તાઝો તથા તલબાની મજલિસ બોલાવીને ગહરા રંજોગમનો ઈઝહાર કરતાં ફર્માવ્યું, જ્યાં સુધી આપને આરામ ન થઈ જાય ત્યાં સુધી અહીં જ રહો, આ દારૂલ ઉલૂમ ઈસ્હાકિયા આપના જદ્દે અમજદ હુઝૂર મુફતીએ આ'ઝમ હિંદ رحمۃ اللہ علیہની નેક દુઆઓનો સદકો છે.

Web: www.barkatekhwaja.net

ઉપરોક્ત તમામ બનાવોથી એ વાત સ્પષ્ટ રોશન થાય છે કે મુફતીએ આ'ઝમ રાજસ્થાન رحمۃ اللہ علیہના દિલો જિગરમાં ઉલમા તથા સાદાતે કિરામની મહોબ્બત ફૂટી ફૂટીને ભરેલી હતી. આપ જેવી રીતે ખાનવાદાએ અશ્રફિયાના મશાઈખ તથા ઉલમાથી સાદાતથી મહોબ્બત કરતા હતા એ જ પ્રમાણે ખાનવાદાએ બરકાતિયા, મારહરા મુતહ્હરા તથા ખાનવાદએ રઝવિય્યહ, બરેલી શરીફથી અક઼ીદત તથા મહોબ્બત ધરાવતા હતા. એ જ કારણે આપ પોતાના શાગિર્દોને પણ સર્વ તરીક઼તના સિલસિલાઓના એહતેરામની તાલીમ આપતા હતા કે, **દરેક શયખનો અદબ તથા એહતેરામ કરો, દરેક આલિમે દીનની ઈજ્જત કરો, એમાં જ કામયાબી છે.''**

આ અમુક બનાવો મારી યાદદાશતમાં મેહફૂઝ હતા જે ક઼લમને સુપરત કરવામાં આવ્યા. અલ્લાહ તઆલા મુફતીએ આ'ઝમ રાજસ્થાન رحمۃ اللہ علیہની ક઼બ્રે અન્વર પર રહમત તથા મગફિરતનાં ફૂલો વરસાવે અને આપના લગાડેલા ઈલ્મી ગુલિસ્તાનને રોજ બરોજ તરક્કી અતા કરે, હાસિદોના હસદથી બચાવે. આપના ઈલ્મી જાનશીનોને પ્રગતિ તથા તરક્કી બખ્શે. આપણને તૌફીક઼ આપે કે આપણે એમના નક઼શે ક઼દમ પર ચાલતા રહીને ઈત્તેહાદ તથા ઈત્તેફાક઼ની સાથે મસ્લકે અહલે સુન્નતનું કામ કરતા રહીએ. –*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, સપ્ટે.–૨૦૧૬)*

છેવટમાં આ નાચીજ અનુવાદક (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક) પણ પોતાની હઝરત મુફતીએ આ'ઝમ રાજસ્થાન رحمۃ اللہ علیہથી પહેલી તથા છેલ્લી મુલાકાત વિશે બે શબ્દો લખી ખિરાજે અક઼ીદત પેશ કરે છે કે, સહલાવ રાજસ્થાનમાં આપની સદારતમાં એક મસ્જિદ તથા દારૂલ હદીષના મકાનની સંગે બુન્યાદનો પ્રોગ્રામ હતો જ્યાં મુઝ હકીરને હઝરતના દીદારનો તથા મુલાક઼ાતનો શરફ હાંસલ થયો. આટલી મશ્હૂરે ઝમાના તથા મહાન હસ્તી પણ આપની સાદગી પર કુર્બાન થવા દિલ ચાહતું હતું. નાચીઝે અર્ઝ કરી, હઝરત ! નાચીઝના માટે દુઆ કરો !'' તો તરત જ વિના વિલંબે હાથ ઉઠાવ્યા અને લાંબી દુઆ ઘણીવાર સુધી કરતા રહ્યા. આ ફક઼ીર જે કાંઈ તૂટી ફૂટી ખિદમત કરે છે તેને આવા બુઝુર્ગોની દુઆનું પરિણામ જ સમજે છે. રબ્બે કરીમ અહલે સુન્નતના સર્વ બુઝુર્ગો પર રહમો કરમ ફર્માવે. (આમીન)

પેજ નં. ૧૧ નું ચાલુ...

**ફાયદાઓ તથા ખાસિયતો** : એના વિર્દથી બલાઓ દૂર થાય છે. જે શખ્સ સૂર્યોદય પહેલાં એકસો વાર એનું ઝિક્ર કરશે તેને મુસીબત તથા પરેશાની લાગુ થશે નહીં.

اللّٰهُمَّ اجْعَلْنَا مِنَ السُّعَدَاءِ الْمَحْظُوظِيْنَ مِنْ أَسْمَاءِ اللّٰهِ الْحُسْنٰى وَالْمُتَأَسِّيْنَ بِأُسْوَةِ نَبِيِّنَا صلى الله تعالىٰ عليه وسلم بِهٰذَا الصَّدَدِ وَصَلِّ اللّٰهُمَّ عَلٰى حَبِيْبِكَ الْمُصْطَفٰى سَيِّدِنَا مُحَمَّدٍ رَسُوْلِ اللّٰهِ وَعَلٰى آلِهٖ وَصَحْبِهٖ وَسَلِّمْ تَسْلِيْماً كَثِيْراً

**અલ્લાહુમ્મજ અલ્ના મિન્સ્સુઅદાઅિલ્ મહ઼ઝૂઝીન મિન અસ્માઈલ્લાહિલ્ હુસ્ના વલ્મુતાસ્સીન બિઉસ્વતિ નબિય્યિના સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ બિહાઝસ્સદદિ વસલ્લિ અલ્લાહુમ્મ અલા હ઼બીબિકલ્ મુસ્તફા સૈયિદિના મુહમ્મદિર્રસૂલિલ્લાહિ વઅલા આલિહી વ સહબિહિ વ સલ્લિમ તસ્લીમન કષીરા.**

**–ઈફ્તેખાર અહમદ ક઼ાદરી**

*(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*

*૨૩–જમા. અવ્વલ હિ.સ. ૧૪૩૧, તા. ૯–૫–૨૦૧૦)*

❒ ❒ ❒

Web: www.barkatekhwaja.net

# મરાકશના કામિલો (વલીઓ)ના સાત નૂરાની ચહેરા

**અઝ : મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી** (યુ.કે.)
**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

## શૈખ અબૂ યુસૂફ બિન અલી رضی اللہ عنہ

આપનો સંબંધ સનાની કબીલાથી હતો જે પશ્ચિમી દેશોનો એક પ્રસિધ્ધ કબીલો હતો. અને મૂળ યમનના હિમ્યર પ્રાંતના વતની હતા. હઝરત અલી બિન સહ્નૂન ફર્માવે છે કે જ્યારે આપને વિસાલ બાદ ગુસ્લ દેવામાં આવી રહ્યું હતું તો હું તે સમયે હાજર હતો. ગુસ્લ આપનાર અલી બિન સનઅ رضی اللہ عنہ ફર્માવે છે કે હઝરત ગુસ્લ દરમિયાન સ્મિત કરી રહ્યા હતા. હઝરત યુસૂફ બિન મુહમ્મદ رضی اللہ عنہનું બયાન છે કે મેં કસ્રે જદીદની જામા મસ્જિદમાં જુમ્આની નમાઝ હઝરત અહમદ બિન અબ્દુલ અઝીઝ હઝ્ઝાઝ رضی اللہ عنہની સાથે અદા કરી, સલામ બાદ અબુલ અબ્બાસને ઊંઘ આવી ગઈ, થોડીવાર પછી જ્યારે જાગ્યા તો તેમણે કહ્યું, કે મેં સ્વપ્ન જોયુ કે અબૂ યાકૂબનો ઈન્તેકાલ થઈ ગયો છે. તે પછી અમો હઝરતનાં ઘરે ગયા તો હઝરતે સલામ બાદ ફર્માવ્યું કે શું તેં એ સ્વપ્ન જોયું છે કે મારો ઈન્તેકાલ થઈ ગયો છે ? અર્ઝ કર્યું, જી હુઝૂર ! આપે ફર્માવ્યું, હજી ચાલીસ બાકી છે. હઝરત અબૂ યુસૂફ ફર્માવે છે કે બરાબર ચાલીસ દિવસ બાદ આપનો વિસાલ થયો. શૈખે મુહતરમ માહે રજબ હિ. ૫૯૩માં ફાની દુનિયાથી પર્દો ફર્માવી ગયા.

## શૈખ અબુલ અબ્બાસ અહમદ બિન જઅફર ખઝ્રજી رضی اللہ عنہ

આપ સબ્તા (પશ્ચિમમાં એક સ્થળનું નામ)માં હિ. સ. ૫૨૪માં જનમ્યા, અને મરાકશ (મોરોક્કો)માં કયામ ફર્માવ્યો. હઝરત ફસીહુલ્લિસાન તેમજ કાદિરુલ કલામ વ્યક્તિત્વના માલિક હતા. શૈખ અબ્દુર્રહમાન અલ્હસની رضی اللہ عنہ ફર્માવે છે કે મેં ખ્વાબમાં આકા صلی اللہ علیہ وسلمની ઝિયારત કરી અને આપ (શૈખ અબુલ અબ્બાસ) વિશે પૂછયું ? તો આકા صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે, ''આ એ લોકોમાંથી છે જેથી કયામતમાં પુલસિરાત પર વીજળીની જેમ પસાર થશે.'' આપની કરામતનું વર્ણન કરતાં આપના જીવનના હાલાત લખનારે વર્ણન કર્યું છે કે એક ખાતૂન આપની ખિદમતમાં હાજર થયાં અને અર્ઝ કરી કે હુઝૂર મારો એકનો એક પુત્ર છે અને તે કોઢની બીમારીમાં સપડાએલ છે, હુઝૂર દુઆ ફર્માવી દો. હઝરતે ફર્માવ્યું, નજરાણુ ક્યાં છે ? તેણીએ એક દિરહમ કાઢયો. આપે ફર્માવ્યું કે કાકડી ખરીદીને સદકો કરી દો અને એક કાકડી પોતાના પુત્રને ખવડાવી દો, અલ્લાહના હુકમથી બીમારી દૂર થવાની આશા છે. તે સ્ત્રીએ હુકમ અનુસાર કર્યું, કાકડી ખાવાના કારણે બાળ કને જુલાબ થયા અને ખૂબ પસીનો છૂટયો, ત્યાર પછી તેને ઊંઘ આવી ગઈ. જ્યારે જાગ્યો તો તે સંપૂર્ણ સ્વસ્થ હતો. આપે હિ.સ. ૬૦૧માં સોમવારના દિવસે જુમાદિલ ઉખરામાં વિસાલ ફર્માવ્યો.

## શૈખ અયાઝ બિન મૂસા સબ્તી رضی اللہ عنہ

આપ હિ.સ. ૪૭૬, ૧૫ શઅબાનુલ મુઅઝ્ઝમમાં પેદા થયા. ઉન્દુલુસના કુર્તબા શહેરમાં ઉલૂમે અકલિયા તથા નકલિયાની રસ્મી તા'લીમ મુકમ્મલ કરી. આપ બેમિષાલ મુહદિષ, અજોડ ફકીહ, અને મહાન આશિકે રસૂલ صلی اللہ علیہ وسلم હતા. ફકીહ મુહમ્મદ બિન હમ્માદ સબ્તી رضی اللہ عنہ ફર્માવે છે કે હઝરત ઈમામ કાઝી અયાઝ رضی اللہ عنہના જમાનામાં ''સબ્તા''માં આપનાથી અધિક કિતાબો લખનાર કોઈ ન હતુ. આપે પોતાના શહેરમાં તે ઉચ્ચતા પ્રાપ્ત કરી જ્યાં સુધી આપના શહેરવાળાઓમાંથી કોઈ પણ ન પહોંચી શક્યું. પરંતુ ઈલ્મ અને ફઝલએ તેમનામાં આજીઝી અને અલ્લાહનો ખૌફ અધિક કરી દીધો. આપે આશરે બે ડઝન કિતાબો લખી જેમાંથી નિમ્ન લિખિત ખૂબ જ પ્રસિધ્ધ છે : અશિફા બેતઅરીફે હુકૂકિલ મુસ્તફા صلی اللہ علیہ وسلم, મશારિકુલ અન્વાર, ઈકમાલુલ મુઅલ્લિમ, અલ્ઈલ્માઅ્ ફી ઝબ્તિર્રિવાયહ, અસ્સૈફુલ મસ્લૂલ અલા મન સબ્બ અસ્હાબર્રસૂલ.

તેમનામાં શિફા શરીફ અનુપમ છે. દીવાને ઈબ્ને

Web. www.barkatekhwaja.net

મિસ્રી શાફઈમાં છે કે શિફા શરીફ જે સ્થળે હશે ત્યાં કોઈ પરેશાની નહીં થાય, જો હોડીમાં હોય તો તે ડૂબવાથી સુરક્ષિત રહેશે, બીમાર પઢે તો શિફા નસીબ થાય, બેચૈનને તેને પઢવાથી ચૈન અને સુકૂન મળે અને તેને પઢનાર બેખૌફ અને સુરક્ષિત થશે.

હઝરત ઈમામ કાઝી અયાઝ رضی اللہ عنہથી નકલ થયેલ છે કે જ્યારે આપે શિફા શરીફ સંપૂર્ણ કરી તો આકા ﷺએ ખ્વાબમાં ફર્માવ્યું, હે અયાઝ ! તને જન્નતમાં પ્રવેશની બશારત થજો ! અને આ કિતાબ પઢનાર અને સાંભળનારને બશારત આપ કે તે અંધાપાથી સુરક્ષિત રહેશે.

આપના ભત્રીજા બયાન કરે છે કે મેં ઈમામ અયાઝ رضی اللہ عنہને આકા ﷺની સાથે સોનાના તખ્ત પર બેઠેલા જોયા અને આ મર્તબો આપને (આપની લખેલ) કિતાબ શિફાના કારણે મળ્યો. આપે હિ.સ. ૫૪૩માં મરાકશ હિજરત ફર્માવી અને ત્યાં જ જુમાદિલ ઉખ્રા અથવા રમઝાન શરીફમાં હિ. સ. ૫૪૪માં વિસાલ થયો.

## શૈખ મુહમ્મદ બિન સુલૈમાન જઝૂલી હસની શાઝલી رضی اللہ عنہ

આપ મહાન આલિમે બાઅમલ, ઈમામે કામિલ, સૂફીએ બાસફા આશિકે મુસ્તફા ﷺ છે. આપે ચૌદ વરસ એકાંતમાં રિયાઝત અને મુજાહિદામાં વિતાવ્યાં, ત્યાર પછી આપે ખલ્કે ખુદાની રહનુમાઈ ફર્માવી તો આપથી બાર હજારથી અધિક લોકો ફૈઝયાબ થયા. જ્યારે સૂસના વિસ્તારમાં આપનો વિસાલ થયો તો આપનું શરીર મુબારક મરાકશ લાવવામાં આવ્યું, જ્યારે કબ્ર અકદસ ખોલવામાં આવી તો મુબારક શરીરની સાથોસાથ કફન પણ મેલુ ન થયું હતું, એમ લાગતુ કે આજે દફનવિધિ થઈ હોય અને આપની કબ્રે અન્વરથી મુશ્કની ખુશ્બુ આવતી રહે છે જેને અલ્લાહ વાળાઓ મેહસૂસ કરે છે. આપની લખેલ કિતાબ "દલાઈલુલ ખૈરાત" ખાસ તથા આમ લોકોમાં મશહૂર અને મકબૂલ છે. આપની કબ્રે અન્વર પાસે દુઆઓ કબૂલ થાય છે. આપનો વિસાલ હિ.સ. ૮૫૭માં થયો છે.

## શૈખ અબ્દુલ અઝીઝ બિન અબ્દુલહક્ક હર્રાર رضی اللہ عنہ

આપ પોતાના સમયના શૈખે કામિલ અને આરિફ બિલ્લાહ તેમજ કુત્બે ઝમાં હતા. આપની ગણના ઈમામે જઝૂલી رضی اللہ عنہના અનુયાયીઓમાં થાય છે. આપની કરામતોમાંથી એક કરામત એ છે કે એકવાર ખાદિમથી ફર્માવ્યું, જુઓ જરા ! દરવાજા પર કોણ છે ? તેણે જોઈને કહ્યું કે એક યહૂદી છે જે અત્તર વેચી રહ્યો છે. આપે આ રીતે ત્રણવાર જોવાનો હુકમ ફર્માવ્યો અને ખાદિમે જવાબમાં અર્ઝ કર્યું કે એક અત્તર વેચનાર યહૂદી છે. ચોથીવાર ફર્માવ્યું, કે તેને હાજર કરો ! જ્યારે તે સામે આવ્યો અને આપની નજર તેના પડી તો ન કેવળ તે મુસલમાન થયો બલ્કે આપે તેને વલીએ કામિલ પણ બનાવી દીધો. આપનો વિસાલ હિ.સ. ૯૧૪માં મરાકશમાં થયો, આપની કબ્રે અન્વરથી ફૈઝના શ્રોત ફૂટે છે, બીમારો અહિયાં આવી આપના વસીલાથી શિફા પામે છે.

## શૈખ અબ્દુલ્લાહ બિન અહમદ ગઝ્વાની رضی اللہ عنہ

આપ ઈમામે ઝમાના અને વલીએ કામિલ હતા. આપ ગઝવાન કબીલાથી હતા. આપે ફાસ શહેરમાં તાલીમ પ્રાપ્ત કરી. પોતાના ઉસ્તાઝે મુહતરમ અલી સાલેહ رضی اللہ عنہના કહેવા પર મરાકશ ગયા અને હઝરત અબ્દુલ અઝીઝ رضی اللہ عنہથી ફૈઝ હાંસલ કર્યો, આપે હિ.સ. ૯૭૯ સોમવારના રોજ માહે રબીઉન્નૂરમાં મરાકશમાં વિસાલ ફર્માવ્યો. આપની કબ્રે અન્વર અવામ તથા ખવાસની ઝિયારતગાહ છે. અહિયાં અંધ લોકો આપના વસીલાથી દુઆઓ કરે છે અને આંખોની રોશનીની દૌલતથી માલામાલ થઈને પરત આવે છે.

## શૈખ અબ્દુર્રહમાન સુહૈલી رضی اللہ عنہ

આપની વિલાદત હિ.સ. ૫૦૮માં માલેકાના એક ગામ સુહૈલમાં થઈ. આપ આપની મહાન મુહદ્દિષ, અરબી ભાષાના ઉચ્ચ કક્ષાના સાહિત્યકાર અને સાચા આશિકે રસૂલ ﷺ હતા. "અર્રવઝુલ અન્ફ" ફન્ને સીરતની એક અજોડ કિતાબ છે જે આપના કમાલવાળા કલમની મહાન કૃતિ છે. આપે હિ.સ. ૫૮૩માં વિસાલ ફર્માવ્યો. ઉલ્મા ફર્માવે છે કે સુહૈલ 'સહલુન' (સરળ)થી બનેલ છે, એટલા માટે આપના મઝારે અકદસ પર હાજરી આપનારની મુશ્કેલીઓ આસાન થાય છે.

*–(અશ્રફિયા–મુબારકપુર, જાન્યુ–૨૦૧૨)*

Web: www.barkatekhwaja.net



# મુસ્લિમ પર્સનલ લોમેં

## કિસીકી દખલગીરી નહીં ચલેગી ! ક્યૂં ?!

અઝ : મૌલાના ઝહીર મિસ્બાહી દહેગામી *(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)*

***(બયાન : દયાદરા મસ્જિદ, ૧૪-૧૦-૨૦૧૬, જુમ્આ)***

نَحۡمَدُهٗ وَنُصَلِّىۡ عَلٰى رَسُوۡلِهِ سَيِّدِالۡمُرۡسَلِيۡنَ وَعَلٰى اٰلِهٖ وَاَصۡحَابِهٖ اَجۡمَعِيۡنَ ۔ اَمَّا بَعۡدُ فَاَعُوۡذُ بِاللّٰهِ مِنَ الشَّيۡطَانِ الرَّجِيۡمِ ۔ بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ۔ اِهۡدِ نَا الصِّرَاطَ الۡمُسۡتَقِيۡمَ ۔ صِرَاطَ الَّذِيۡنَ اَنۡعَمۡتَ عَلَيۡهِمۡ ۔ غَيۡرِ الۡمَغۡضُوۡبِ عَلَيۡهِمۡ وَلَا الضَّآلِّيۡنَ ۔ صَدَقَ اللّٰهُ الۡعَظِيۡمُ وَصَدَقَ رَسُوۡلُهُ النَّبِىُّ الۡاَمِيۡنُ الۡكَرِيۡمُ ۔ وَنَحۡنُ عَلٰى ذٰلِكَ لَمِنَ الشَّاهِدِيۡنَ وَالشَّاكِرِيۡنَ وَالۡحَمۡدُ لِلّٰهِ رَبِّ الۡعَالَمِيۡنَ ۔

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَارَسُوۡلَ اللّٰهِ ۔

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَاحَبِيۡبَ اللّٰهِ صلى الله عليه وسلم ۔

**તા કયામત કતએ ઈસ્તિબદાદ કર્દ**
**મૌઝે ખૂનેઊ ચમન ઈઝાદ કર્દ**

અઝીઝાને મોહતરમ ! મૈંને જો આયતે તૈયબહ આપકે સામને પળ્હનેકા શરફ હાસિલ કિયા હૈ ઉસ પર કુછ બાતેં અર્ઝ કરના ચાહતા હૂં. આજ જો હાલાત ચલ રહે હૈં ઔર ઈન હાલાતમેં ચારોં તરફ યહ બાત ગુંજ રહી હૈ કે, "ઈસ્લામ ઔર કુર્આનમેં જો તલાક઼ કા નઝરિયા (માન્યતા) હૈ ઉસમેં ચેન્જિંગકી ઝરૂરત હૈ." ઔર યહ બાતેં ઈલેક્ટ્રોનિક મીડિયા, પ્રિન્ટ મીડિયાકે ઝરીઆ મુસલસલ લોગોંમેં ફેલાઈ જા રહી હૈં. ઐસે વક્તમેં જબ કે હુકૂમતકે કુછ કારિન્દે અપની નાપાક સાઝિશોંમેં મશગૂલ હૈં, ઔર વો ચાહતે હૈં કે હમ કિસી ભી બહાનેસે ઈસ્લામકે ઈસ ક઼ાનૂનકો તબદીલ કરેં, ઔર ફિર ઉનકે મનસૂબે આગે બહોત બળે હૈં. ઐસી પોઝિશનમેં હમારા કિરદાર ક્યા હોના ચાહિયે ? ઔર હમ ક્યા કર સકતે હૈં. જહાં તક ક઼ાનૂનકી બોલી બોલનેકી ઝરૂરત હૈ તો હમ દાઈરેમેં રહકર ક઼ાનૂનકી બોલી બોલેંગે ઔર અપના હક઼ ઉન તક પહુંચાએંગે. ઈસી ઝિમ્નમેં કુછ બાતેં આપસે અર્ઝ કરના ચાહતા હૂં તા કે હમારી સોયી હૂઈ ક઼ૌમ ઔર ઝિમ્મેદાર બેદાર હો સકેં.

એક મુસ્લિમ કુર્આનકે હવાલે સે જિતના મુતહર્રિક ઔર ફઅ્આલ (સક્રિય, **Active**) હોતા હૈ, કે કુર્આનકા એક હર્ફ (અક્ષર) તો બહોત બળી બાત હૈ, કુર્આનકા ઝબર, ઝેર ભી બદલા નહીં જા સકતા, જબ તક મોમિન રૂએ ઝમીન પર ઝિંદા રહેગા. હમારી ઝિમ્મેદારિયાં ક્યા હૈં ? મેં કુછ બાતેં ઈસકે હવાલેસે અર્ઝ કરના ચાહુંગા.

### ઈસ્લામ દરમિયાની રાહવાલા મઝહબ

આપ દેખિયે ! અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતને હમેં હુકમ દિયા હૈ કે મેરે બંદો ! જબ મેરી બારગાહમેં આવો તો મુઝસે માંગો તો માંગનેકા તરીક઼ા યહ હૈ કે મેરી બારગાહમેં યૂં કહા કરો :–

اِهۡدِ نَا الصِّرَاطَ الۡمُسۡتَقِيۡمَ ۔ صِرَاطَ الَّذِيۡنَ اَنۡعَمۡتَ عَلَيۡهِمۡ ۔ غَيۡرِ الۡمَغۡضُوۡبِ عَلَيۡهِمۡ وَلَا الضَّآلِّيۡنَ ۔

કે અય અલ્લાહ ! તૂ હમેં સીધે રાસ્તે પર ચલા,

Web.: www.barkatekhwaja.net

રાસ્તા ઉનકા જિન પર તેરા ઈનામ હુવા, ન ઉન લોગોંકા રાસ્તા જો બેહકે હુએ હેં, જો ભટકે હુએ હેં ઔર જિનકે ઉપર ગઝબ હુવા. આપ દેખિયે ! સિરાતલ મુસ્તકીમકા મઅના કયા હે, સિરાતે મુસ્તકીમ કિસે કહતે હે. દર્સગાહમેં પળ્હાઈ જાનેવાલી ઈલ્મે ફિક્હકી હઝરતે મુલ્લા જીવન رحمۃ اللہ علیہકી લિખ્ખી હુઈ કિતાબ નૂરૂલ અન્વારકે ઈબ્તેદાઈ સફહાતકે અંદર સિરાતે મુસ્તકીમકી તારીફ (વ્યાખ્યા) કી ગઈ હે. ઈર્શાદ ફર્માતે હેં :–

**وَالصِّرَاطَ الْمُسْتَقِيمَ : هو الصِرَاطَ الَّذِيْنَ يكون على الشارع العامّ ويسلكه كل واحد من غير ان يكون فيه التفات ألى شعب اليمين والشمال**

''સિરાતે મુસ્તકીમ ઐસે આમ ઔર સીધે રાસ્તે કો કહતે હેં જિસ પર હર બંદા ઈતની આસાનીસે ચલ સકે કે ઉસે દાએં બાએં દેખનેકી ઝરૂરત ન પળ સકે. વો ઐસા સીધા રાસ્તા હે જો હર કિસીકે લિએ આસાન ઔર દાએં બાએંસે કિસી તરહકી તકલીફકી ઉસકો કોઈ ગુંજાઈશ ન હો, જિસ પર આસાની કે સાથ હર એક ચલ સકતા હે. ઔર ઈસ્કા એક મઅના મુલ્લા જીવન رحمۃ اللہ علیہને યહ ભી ફર્માયા :–

**وهو الذى يكون معتدلاً بين الأفراط والطفريط وهذا صادقٌ الى شريعة محمّد ﷺ لأنها متو سطة بين الأفراط الذى فى دين موسى عليه السلام۔ والطفريط الذى فى دين عيسى عليه السلام وعلى وعقائد السنة والجماعة فأنها متو سطة بنى الجبر والقدر، وبنى الرفض والخروج، وبين التشبيه والتعطيل الذى فى غيرها**

''યહ સિરાતે મુસ્તકીમ ઔર યહ દીન ઔર ઈસ્લામ યહ ''ઈફરાત'' ઔર ''તફરીત'' સે પાક હે. 'ઈફરાત' કહતે હેં હદસે ઝયાદા સખ્તીકો, ઔર ''તફરીત'' કહતે હેં હદસે ઝયાદા નરમીકો. તો ઈસ્લામ એક ઐસા કાનૂન, ઝાબ્તા ઔર દસ્તૂર (બંધારણ) હે જો હદસે ઝયાદા બંદો પર સખ્તી ભી નહીં કરતા ઔર હદસે ઝયાદા બંદો પર નરમી ભી નહીં કરતા. એક એઅતેદાલ પસંદાના (મધ્યમ માર્ગી) રાહ, એક બીચકી રાહ ઈસ્લામ બંદોંકો અતા કરતા હે, જિસકો સિરાતે મુસ્તકીમ કહતે હેં, જિસકો દીન કહતે હેં, જિસકો ઈસ્લામ કહતે હેં.

## હઝરત મૂસા علیہ السلام કે દીનમેં કયા સખ્તિયાં થીં ?

અબ આપ ગૌર કરેં, યહ જો ઈફરાત ઔર તફરીતસે પાક હે, ઈસકા કયા મતલબ હે ? મુલ્લા જીવન رحمۃ اللہ علیہ ઈર્શાદ ફર્માતે હે :–

**كفر موضع النجاسة، وأداء المال فى الزكاة، وقتل النفس فى التوبة۔**

વો સખ્તી જો હઝરત મૂસા علیہ السلام કે દીનમેં થી ઉસ સખ્તીસે અલ્લાહને ઈસ્લામકો પાક રખ્ખા હે. વો સખ્તી કૌનસી હે ? વો સખ્તી યહ હે કે હઝરત મૂસા علیہ السلام કી શરીઅતમેં હુકમ થા કે નજાસત કપળે પર જિસ જગહ લગે કપળેકે ઉતને હિસ્સેકો કાટ લિયા જાએ. ઔર કાટ લેંગે તો સમઝા જાએગા કે અબ વો પાક હો ગયા. મૂસા علیہ السلام કે મઝહબમેં હુકમ યહ થા ઝકાત દેને કે લિએ ચલેં તો ૪૦વાં હિસ્સા (૨.૫%) નહીં, બલ્કે ચોથા હિસ્સા (૨૫%) દેના હે ! યઅની ચાર રૂપિયા હો તો એક રૂપિયા દેના હે, ૪૦ રૂપિયોંમેંસે ૧૦ રૂપિયા દેના હે. ઔર અબ દેખેં કે ઉનકે મઝહબમેં યહ ભી હુકમ થા : અગર કિસીસે ગુનાહ હુવા હે તો તૌબાકા ઉસૂલ યહ હે કે ઉસકી ગરદન ઉળા દી જાએ. યહ બળે સખ્તીવાલે કાનૂન થે. અગર કિસીને કિસીકો કત્લ કર દિયા તો કેસાસ કે અંદર (ખૂનકા બદલા ખૂન) દિયત (ખૂનના બદલે માલ) કી ગુંજાઈશ મૂસા علیہ السلام કે મઝહબમેં નહીં થી. ઔર કેસાસમેં જાનકા બદલા

Web: www.barkatekhwaja.net

જાન હી થી. યહ સખ્તિયાં હઝરતે મૂસા علیہ السلام કે દીનમેં થીં.

## હઝરત ઈસા علیہ السلام કે દીનમેં નરમી ક્યા થી ?

હઝરત ઈસા علیہ السلام કે દીનમેં ક્યા હે ? હઝરત ઈસા علیہ السلام કે દીનમેં ઈતની નરમી હૈ કે :

**أن الخمر والخنزير كانا حلالين** વહાં શરાબકો હલાલ કર દી ગઈ, ઔર ઉસ મઝહબ મેં ઈતની નરમી હે કે વહાં ખિન્ઝીર (સુવ્વર)કો ભી હલાલ કર દિયા ગયા. ઉસ મઝહબમેં ઈતની નરમી હૈ કે ક઼ેસાસ (ખૂનકા બદલા ખૂન) મેં દિયત (ખૂનના બદલે માલ) કા લેના ભી ફર્ઝ ક઼રાર દે દિયા ગયા. મગર ઈસ્લામ કહતા હે કે ન મૂસા علیہ السلام કે મઝહબવાલી ઈસ્લામમેં સખ્તી હે ન ઈસા علیہ السلام કે મઝહબવાલી ઈસ્લામમેં નરમી હે. બલ્કે ઈસ્લામ ઈન દોનોં કે દરમિયાનીવાલી રાહ બંદો કો અતા ફર્મા રહા હે. ઈસકો સિરાતે મુસ્તક઼ીમ (સીધો માર્ગ) કહતે હે. જિસકો દીને ઈસ્લામ કહતે હૈં. વો હઝરતે મૂસા علیہ السلام કી ઉમ્મતકો હુકમ થા કે નજાસત કપળે કો લગે તો કાટ લો તો વો પાક હોગા. ઉમ્મતે મુસ્તફા ﷺ કી ઉમ્મતકો યહ હુકમ હે : આસ્માનસે જો પાની ઉતારા હે ઈસ પાનીસે તુમ નજાસતકો ધો દેં તો કપળા કાટનેકી ઝરૂરત નહીં, ધોતે હી અલ્લાહ તુમ્હારે કપળોંકો પાક કર દેગા. ઉધર મૂસા علیہ السلام કી ઉમ્મતકે લિયે હુકમ હે કે ગુનાહ કિયા ઔર તૌબા કરના ચાહતા હે, તો ગરદન ઝુકાયે ગરદન કટાએ તો તૌબા કુબૂલ હો. યહાં હુકમ હે કે કિસીકો ન ભી બતાએ, મસ્જિદમેં ન ભી આએ, ઘરકે કૌનેમેં બૈઠકર અપને ગુનાહોંસે શર્મિંદા હો, તબ ભી તુમ્હારી તૌબા કો ક઼બૂલ કર લિયા જાએગા. હઝરત મૂસા علیہ السلام કી ઉમ્મતકો હુકમ યહ થા કે ઝકાત ચોથા હિસ્સા દો, તબ ક઼બૂલ હોગી ઔર નહીં દોગે તો ક઼ાનૂનકે તહત ધસા દિયે જાઓગે, મગર ઈસ ઉમ્મતકે લિએ હુકમ આ ગયા, ચોથા હિસ્સા નહીં દેના, હર એક કો નહીં દેના હોગા, સિર્ફ સાહિબે માલકો, સિર્ફ સાહિબે ઈસ્તેતાઅતકો (માલદારે), વો ભી સાલમેં એક મર્તબા ઔર ચોથા હિસ્સા નહીં ચાલીસવાં હિસ્સા દેના હે.

## ઈસ્લામ પર કોઈ ભી આસાનીસે ચલ સક્તા હૈ

ઔર જો સખ્તી હઝરત મૂસા علیہ السلام કે દીનમેં થી વો ઈસ દીનમેં નહીં હે, ઔર હઝરતે ઈસા علیہ السلام કે દીનમેં જો નરમી થી હદસે ઝયાદા જિસકી વજહસે લોગ બહક ગએ, કે શરાબ હલાલ થા, યહાં ઈસ પર ભી પાબંદી લગા દી ગઈ. ખિન્ઝીર (સુવ્વર) હલાલ થા ઈસ્લામ મેં ઉસ પર ભી પાબંદી લગા દી ગઈ. ક઼ેસાસમેં (ખૂનના બદલે) દિયત (ખૂનના બદલામાં માલ)કા લેના વાજિબ ઔર ઝરૂરી થા, ઈસ્લામમેં ઉસ પર ભી પાબંદી લગા દી, ઔર ઈસ્લામને ક્યા ઝાબ્તા (બંધારણ) દિયા ? યહ મઝહબ ઐસા મઝહબ હે કે જિસમેં ન સખ્તી હે ન નરમી હે. યહ ઐસા રાસ્તા હે જિસ પર જો ભી ઈન્સાન ચલના ચાહે વો આસાની સે ઈત્મિનાનસે ચલ સકતા હે. ઉસે દાએં બાએંકી જરૂરત નહીં હે, ઉસે કિસીસે કુછ લેનેકી ઝરૂરત નહીં હે, યહ જો કહા ગયા કે ઉસે દાએં બાએં ઝાંકનેકી ઝરૂરત નહીં, ઈસકા મતલબ યહ હે કે ન ઉસે કિસી દાએં વાલેસે તઆવુન (સહાય) લેનેકી ઝરૂરત હે ન બાએંવાલેસે તઆવુન લેનેકી ઝરૂરત હે. જો રબ બંદોકા ખાલિક઼ હે ઉસને ઉનકે લિએ ઈસ્લામકો ઔર મઝહબ કો કમ્પલિટ ફર્મા દિયા, ઔર મુકમ્મલ દીન દિયા. યહ ઐસી શાહે રાહ હે જિસ પર હર એક આસાનીસે ચલ સકતા હે. ઔર ફિર ઈસ મઝહબકો ઈફરાત વ તફરીત સે પાક ભી રખ્ખા ગયા, સખ્તી ઔર નર્મીકે દરમિયાનમેં રખ્ખા ગયા. ઔર ફિર ક઼ાનૂન ભી કિસ તરહ દિયે ગયે આપકો પતા હે ? અબ મૈં જિસ નહઝ પર જાકે બાત કર રહા હૂં ઉસ

Web: www.barkatekhwaja.net

નહઝકો (એંગલકો) સમઝનેકી કોશિશ કરના. આપ દેખો, એક તો મૂસા વ ઈસા (علیہما السلام) કે દીનસે દરમિયાની રાહ હૈ જો અલ્લાહને અપને હબીબ ﷺકી ઉમ્મતકો અતા ફર્માઈ. દૂસરી બાત યહ કે અગલી ઉમ્મતોં પર હુકમ આતે તો દફઅતન્ (એકાએક) હુકમ નાઝિલ હો જાતે. મૂસા علیہ السلام ગયે તૂર પહાળ પર કલામ કરને કે લિએ, તો ચાલીસ રાત એતેકાફ કિયા. છટ્ટા પારાકા સાતવાં રૂકૂઅ ઉઠાકર દેખિયે :

وَوٰعَدۡنَا مُوۡسٰى ثَلٰثِيۡنَ لَيۡلَةً وَّ اَتۡمَمۡنٰهَا بِعَشۡرٍ
فَتَمَّ مِيۡقَاتُ رَبِّهٖۤ اَرۡبَعِيۡنَ لَيۡلَةً۔ الاعراف۔۱۴۲

ચાલીસ રાતેં હઝરત મૂસા علیہ السلام રહે ઔર ચાલીસ રાતકે બાદ આયે તો પૂરી કિતાબ લેકે ઉતરે. શુરૂ સે લેકર આખિર તક પૂરી કિતાબ કૌમકો સુના દી. યહ ભી નહીં કરના, યહ ભી નહીં કરના, યહ ભી નહીં કરના... યહ ભી કરના, યહ ભી કરના, યહ ભી કરના... કરનેકી બાતેં ઔર ન કરનેકી બાતોં કી સારી લિસ્ટ એક હી સાથમેં સુના દી ગઈ ! અબ વો કૌમ જિસે આદત હી નહીં થી ઐસે અહકામ પર અમલ કરનેકી, ઉનકી તબીઅત હી ન થી, તો ઉન્હોંને ક્યા કહા : سَمِعۡنَا وَعَصَيۡنَا મૂસા ! હમને સુન લિયા મગર માનેંગે નહીં ! *(સૂ. બકરહ, આ. ૯૩)* ફર્માંબરદારી નહીં કરેંગે. ઔર ઉન્હોંને ઈન્કાર કર દિયા. ફિર હુવા યહ કે وَرَفَعۡنَا فَوۡقَكُمُ الطُّوۡرَ ફિર ઉનકે સરોં પર તૂર પહાળકો લાકર રખ દિયા ગયા. ઔર કહા ગયા : خُذُوۡا مَآ اٰتَيۡنٰكُمۡ بِقُوَّةٍ وَّاسۡمَعُوۡا પકળો ! ઈસ પર અમલ કરો જો ઈસ કિતાબમેં હૈ વરના ઈસ પહાળ કો તુમ્હારે ઉપર ગિરા દિયા જાએગા.

## ઇસ ઉમ્મત પર રહમતકા આલમ ક્યા રહા ?

અગલી ઉમ્મતોં કે લિયે સખ્તી કી યહ ભી બાત થી કે એક હી વક્ત સબ કુછ સુના દિયા ગયા, ઔર સબ કુછ કરનેકો, ન કરનેકો કહ દિયા ગયા. મગર ઈસ ઉમ્મત ઔર ઈસ દીનકે અંદર ઈતની નરમી હૈ કે યહ અહકામ ૨૩ સાલ તક મુસલસલ ઉતરતે રહે. એક હુકમ ઉતરા, ફિર બાદમેં ઉતરા, ફિર બાદમેં ઉતરા. જૈસે જૈસે લોગોંકી તબીઅતેં દીનકી તરફ આતી ગઈ વૈસે વૈસે રબકે અહકામ ઉતરતે ગયે, તાકે લોગોં તબીઅતેં દીનકી તરફ માઈલ હોં. ક્યૂં કે એક હી મર્તબામેં પૂરે મઝહબ પર અમલ કરના મુશ્કિલ હો જાએગા, પહલે તબીઅતેં ઈસ્લામકી તરફ માઈલ તો હોં. તો તદરીઝન (ક્રમે ક્રમે) ઈસ્લામકે અહકામ ઉતરે.

દૂસરી રહમત ઈસ ઉમ્મતકે ઉપર યહ ભી હૈ કે જો અહકામ તદરીઝન ઉતરે. ઉસમેં ભી મેરે રબને મન્સૂખકા હુકમ રખ્ખા કે જહાં કહીં રબકે ઈલ્મે અજલીકે મુતાબિક જો રબને પેહલે ફૈસલે કર દિયે થે, અબ ઉસ પોઝિશનકે મુતાબિક જહાં કહીં હુકમ બદલને કી બાત આઈ તો વો હુવા. એક સહાબી કહતે હૈં કે રાતકો વો તહજ્જુદ કે લિયે ઉઠતે તો રોઝાના સૂરએ ફાતિહાકે સાથ એક સૂરત પળ્હતે. આજ રાતકો વો સૂરએ ફાતિહા પળ્હે મગર બાદમેં વો સૂરત (જો પળ્હતે થે) ઝબાન પર આયી હી નહીં. સુબ્હ દુસ્રે સહાબીસે યહ કહા કે રાતકો તહજ્જુદ કે લિયે ઉઠા, સૂરએ ફાતિહાકે બાદ વો સૂરત પળ્હની ચાહી મગર ઝબાન પર જારી હી નહીં હૂઈ ! દૂસરે સહાબીને કહા, કે મૈં ભી વોહી પળ્હતા થા, મગર આજ મૈંને પળ્હના ચાહા તો વો સૂરત મેરે ઝહનસે ભી ગાઈબ રહી ! તીસરેને કહા, યહ મેરે ઝહનસે ભી ગાઈબ હો ગઈ ! જબ મેરે નબી ﷺકી બારગાહમેં હાઝિર હૂએ, તો સરકારે દો આલમ ﷺને ફર્માયા, આજ કી રાત હી વો સૂરત ભી ઔર ઉસ્કા હુકમ ભી અલ્લાહને ઉઠા લિયા.

તો મતલબ જો બંદો કે મિજાઝ ઔર તખ્લીક કે અયન મુતાબિક થા, ઈસ્લામ ચૂં કે ગૈર ફિતરી

મઝહબ નહીં હૈ કે જિસકે અંદર ફિતરતસે ખિલાફ હુકમ દિયે જાએઁ તો ઈન્સાન કર ન સકેં. ઈસ્લામ ઈન્સાન કે અયન ફિતરતકે મુતાબિક્ ઉતરા હૈ, તો રબ્બે ઝુલ જલાલને તદરીઝન (ક્રમે ક્રમે હુકમ નાઝિલ થાય) કા ઉસૂલ ભી ઈસ ઉમ્મત પર રખ્ખા, હુકમ આહિસ્તા આહિસ્તા ઉતરે. ઔર જહાં નસ્ખ કરના હુવા વહાં રબને પેહલા હુકમ ઉઠા લિયા ઔર અપને હબીબ ﷺકી ઉમ્મતકે લિયે બાદમેં નર્મીકા હુકમ નાઝિલ ફર્મા દિયા. યહ કુર્આન કહતા હૈ.

## યહ કમ્પલિટ દીન હૈ, કોઈ બદલાવ કર હી નહીં સકતા

અબ જો મઝહબ ઈતના કમ્પલિટ હો ગયા તો હુકમ આ ગયા કે **اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ** ''હબીબ ! હમને આજ તુમ્હારે લિયે તુમ્હારે દીનકો મુકમ્મલ કર દિયા.'' *(સૂ. માઈદા, આ. ૩)* **وَرَضِيْتُ لَكُمُ الْاِسْلَامَ دِيْنًا** ''હબીબ ! તેરા રબ તુઝે ઈસ્લામ દેકર રાઝી હો ચૂકા હૈ ! ''રબ યહ એલાન કર રહા હૈ કે હબીબ ! તુઝે ઈસ્લામ દેકર રબ રાઝી હો ચૂકા હૈ.'' અબ આજ ઈસ્લામકો યહ કહે કે ઈસમેં તરમીમ કી ઝરૂરત હૈ ! ઈસમેં ચેન્જિંગકી ઝરૂરત હૈ. અબ કોઈ નામ નેહાદ ઈસ્લામકા દાવેદાર ઈસ્લામકા નામ લેકર યહ બાત કરે, હમ ઉસે કુર્આનકા યહ ભી પયગામ સુનાના ચાહેંગે :–

**وَمَنْ يَّبْتَغِ غَيْرَ الْاِسْلَامِ دِيْنًا فَلَنْ يُّقْبَلَ مِنْهُ ۚ وَهُوَ فِى الْاٰخِرَةِ مِنَ الْخٰسِرِيْنَ**

''જો ઈસ્લામકે અલાવા કિસી ઔર મઝહબકી બાત કબૂલ કરેગા ઉસકે લિયે ઈસ્લામમેં કોઈ હિસ્સા હી નહીં હૈ ! ઔર વો આખેરત કે અંદર ખસારે ઔર ખસારે (ખૂબ જ નુકસાન) કી અંદર હૈ, વો નુકસાન હી નુકસાન કે અંદર હૈ.'' *(આલે ઈમરાન–૮૫)*

## અબૂબક્ર رضی اللہ عنہકા દીન પર ઈસ્તિક઼ામત (અડગતા)

યહ ઈસ્લામ મુખાલિફ કહ રહે હૈં કે અબ હાલાત બદલ ચૂકે હૈં ઈસ લિએ અબ મઝહબમેં ઝરૂરત હૈ કે તલાક઼વાલા ક઼ાનૂન બદલ દિયા જાએ, ખુલઅવાલી બાત બદલ દી જાએ, હલાલાવાલા ઈસ્લામકા જો ક઼ાનૂન હૈ ૧૪૫૦ સાલસે જો કુર્આન કા દિયા હુવા ઝાબ્તા હૈ વો બદલ દિયા જાએ. સુનો ! ઈસ પર ઉમ્મતકા ઉસૂલ કયા હૈ ? મેરે આક઼ા ﷺ દુન્યાસે વિસાલ કર ગયે અભી થોળા હી ટાઈમ ગુઝરા થા. સૈયદના સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ ખિલાફતકે તખ્ત પર બૈઠે. હર સહાબી સરકાર ﷺ કે વિસાલકે ગમમેં જુદાઈમેં નિઢાલ હૈ. હર એકકા યહ મામલા હૈ કે બહુત પરેશાન હાલ હૈ. સરકાર ﷺ નિગાહોંસે રૂ પોશ હો ગયે. ક્યા કરેં ઈતની બળી તક઼લીફ ઉન પર આ ગઈ. મગર સિર્ફ ઈતની હી બાત નહીં થી, કુછ વો લોગ ભી થે જો મુર્તદ હોને લગે થે જો ઈસ્લામ છોળને લગે થે, કુછ વો લોગ થે જો ઝકાત દેનેસે ઈન્કાર કરને લગે થે, એક તરફ મેરે આક઼ા ﷺને હુકમ દેકર ઓસામા બિન ઝયદકો રવાના કિયા થા, તુમ્હેં જેહાદમેં જાના હૈ. સરકાર ﷺને અપની ઝાહિરી હયાતમેં ઉનકા ઝંડા બુલંદ કર દિયા થા, અલમ બાંધ દિયા થા કે તુમ્હેં જાના હૈ. ચોથી તરફ ઝુટે નબુવ્વતકે દાવેદાર ૪૦–૪૦ હઝારકી ફૌજ જમા કરકે બૈઠે હૈં ઔર મદીને પર હમ્લેકી તૈયારીયોંમેં મસરૂફ હૈં. ચારોં તરફ હાલાત ઐસે હૈં.

સહાબા આતે હૈં હઝરત અબૂબક્ર કે પાસ, હઝરત અબૂબક્ર رضی اللہ عنہ કો મશ્વરા દેતે હૈં કે, હુઝૂર ! ઓસામા બિન ઝયદકે લશ્કર કો બાહર રવાના ન કરેં, ઈસ વક્ત હાલાત ઐસા બતા રહે હૈં કે હમેં ખૂદ

Web: www.barkatekhwaja.net

મદીનેમેં ફૌજકી ઝરૂરત હૈ, તો હમ મદીનેમેં રખ્ખેં કે કુછ બાત હો જાએ તો યહ ફોજ હમારે કામ લગ જાએ. હમ કિસી પર હમ્લા કરેં ઈસસે બેહતર કમસે કમ અપને આપકા દેફઅ કરેં. ફોજકો મદીનેમેં રખ્ખા જાએ. હઝરત અબૂબક્ર સિદ્દીક઼ને કહા, ખુદાકી કસમ ! જંગલ કે દરિન્દે ભી મદીનેમેં આ જાએં ઔર અબૂબક્રકી ટાંગોં કો ખીંચકર કે ભી લે જાએં તબ ભી જિસ ફોજકો નબી ﷺને ભેજા હૈ, અબૂબક્ર ઉસે વાપસ નહીં પલટા સકતા. મૈં ઉસે વાપસ નહીં બુલાઉંગા, ઔર મૈં ઉસી મુહીમ પર હી ઉસે રવાના કરુંગા. યહ નબી ﷺકે હુકમ પર ઉન્હેં કિતના યક઼ીન થા, સરકાર ﷺકે હુકમ પર અમલ કરને કે ઉનકે જઝબાત કૈસે થે ? કે મેરી રાનેં ભી જંગલી જાનવર આકર લે જાએં, અબૂબક્રકી મજાલ નહીં કે વો લશ્કરકો પલટાએં !

ઔર લશ્કર કે જાનેકે બાદમેં ભી સહાબા જમા હો ગયે. હઝરત ઉમર ભી આયે ! હઝરતે ઉમરને કહા, હુઝૂર ! જો લોગ ઝકાત દેનેસે ઈન્કાર કર રહે હૈં, તો કમ અઝ કમ વો કલ્મા તો પઢતે હૈં, વો નમાઝ ભી પઢતે હૈં, વો રોઝા ભી રખતે હૈં, વો દીનકી બાક઼ી બાતોં કો ભી માનતે હૈં, સિર્ફ ઝકાત હી કા તો ઈન્કાર કર રહે હૈં ! ઉનકે સાથ કુછ નરમી કર લી જાએ. સૈયદના અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہને ઈર્શાદ ફર્માયા, અય ઉમર ! તુમ ઝમાનએ જાહિલિયતમેં કિતને સખ્ત થે, ઔર ઈસ્લામમેં ઈસ નરમીકા મશ્વરા દે રહે હો ?! યહ કભી નહીં હો સકતા કે ઝકાત ઔર નમાઝમેં ફર્ક઼ કર દિયા જાએ ! અબ ઈસ્લામ મુકમ્મલ હો ચૂકા હૈ, અબ વહી આના બંદ હો ચૂકી હૈ, અબ જો નમાઝકા ઈન્કાર કરેગા, અબૂબક્ર ઉસસે ભી જેહાદ કરેગા ઔર જો ઝકાતકા ઈન્કાર કરેગા, અબૂબક્ર ઉસસે ભી જેહાદ કરેગા. જો સરકાર ﷺની બારગાહમેં બકરીકા એક બચ્ચા ભી ઝકાતમેં દેતા થા, ઔર અબ નહીં દેગા તો અબૂબક્ર ઉસે ભી માફ નહીં કરેગા. ઉસકે ખિલાફ ભી હમારી તલ્વાર બેનિયામ (નંગી) હોગી ઔર ઉસકે લિયે ભી હમ ચલેંગે ઔર ઉસકો ઈસ્લામકે સામને ઝુકાએંગે. ઔર ફિર બાદમેં હાલતને બતાયા કે સૈયદના અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ હક્ક઼ પર હૈં. બઝાહિર સહાબા યહ સમઝતે રહે થે કે ક્યા હો જાએગા, મગર જિસે પેહલે ખલીફાકે લિયે મુન્તખબ કિયા ગયા થા, ફિર ગારે થૌરમેં યહી રાઝ તો ઉસકે સીનેમેં ડાલે ગયે થે, ફિર યહી બાદમેં હાલાતસે નિપટનેકે લિયે સરકાર ﷺને ઉન્હેં ઈસ લાઈક઼ બનાયા થા. હાલાત બદલતે હૈં તો પતા ચલતા હૈ કે ફૈસલા વહી હક્ક઼ હૈ જો સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہને કિયા થા.

## મુસલમાનોંકો ક્યા કરના ચાહિએ ?

અબ મૈં યહ પૂછના ચાહતા હૂં કે એક ક઼ાનૂન જો સિર્ફ ઝકાતકી તબદીલીકા થા કે ઉન્કે સાથ નરમી કર લી જાએ, મગર સૈયદના સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہને કહા કે હમ નરમી નહીં કરેંગે, ક્યૂં કે દીન અબ મુકમ્મલ હો ચૂકા હૈ, તલાક઼ કે ક઼ાઈદે ભી કમ્પલિટ હો ચૂકે હૈં, યહ સેક્યુલર (બિનસાંપ્રદાયિક) મુલ્ક હૈ, યહાં હર મઝહબ અપને અપને ક઼ાનૂનકે મુતાબિક઼ ચલતા હૈ ઔર મુસ્લિમ પર્સનલ લો કે અંદર જહાં બાઝાબ્તા મુસલમાનોં કે અપને ક઼ાનૂન હૈં જિન ક઼ાનૂનોં પર ફૈસલા હોતા થા, અબ કુછ લોગ યહ ચાહતે હૈં કે ઉન ક઼ાનૂનોંકો બદલ દિયા જાએ ?! આજ જો એક ક઼ાનૂનનો બદલને કી તરફ ચલે હૈં, કલ ઔર બઢેંગે. કલ ઉનકી હિંમતેં ઔર આગે ચલેગી. મુસલમાનોં પર ફર્ઝ હૈ આજ કે વક઼્ત કે અંદર વો અપને ઘરોંસે નિકલેં, રેલિયાં ભી નિકાલે. ઔર મૈંને મુસ્લિમ પર્સનલ લો બોર્ડકા વો ખત ભી પઢા હૈ, ઉસ ખતકે અંદર લિખ્ખા ગયા કે બાઝાબ્તા હર ઈદારા, હર મસ્જિદ, હર મદ્રસા, હર

સુન્ની આલિમ, હર સુન્ની પીરે તરીક્ત, હર ખાનકાહ ઔર હર તન્ઝીમસે ઈસ બાત કી આવાઝ ઉઠની ચાહિયે ઔર હર જગહસે ઈસ બાતકા પયગામ આના ચાહિયે કે હમેં વહી મંઝૂર હૈ જો હમારે રબને કુર્આનમેં કહ દિયા. અગર યહ આવાઝ મુત્તફિક઼ા તૌર પર ઉઠેગી તભી ઈસ ક઼ાનૂન કે તહફફૂઝ (રક્ષા) કી સૂરતેં નિકલ સકતી હૈં.

ઉસ ખતકે અંદર જો મુસ્લિમ પર્સનલ લો બોર્ડકી તરફસે શાએઅ કિયા ગયા હૈ કે ૧૨ નવેમ્બર ૨૦૧૬ કે પહલે પહલે જો લોગ કુર્આન કે ઉસૂલોં પર રાઝી હૈં, જો હદીષોં કે ઉસૂલ પર રાઝી હૈં વો મુસ્લિમ પર્સનલ લો બોર્ડ કે ઉપર અપને અપને ખૂતુત ભેજેં, અપની રાય ભેજેં, અપને મશ્વરે ભેજેં કે વો કિસ બાત પર મુત્મઈન હૈં. ઈસકે ઉપર સબસે પહલે મૈં દાદો તહસીન પેશ કરતા હૂં હઝરત મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી સાહબકો કે જિન્હોંને દેહલીકી સરઝમીન પર સબસે પેહલે ક઼દમ ઉઠાયા. મુફ્તી નિઝામુદ્દીન સાહબ મુબારકપુરને ઉઠાયા, દિગર ઉલમાને ભી ઉઠાયા હોગા, હમારી નઝરમેં નહીં હૈં. મગર યહ સરે ફેહરિશ્ત વો મુક઼્તદા ઔર પેશવા હૈં જિન્હોંને ઈસ મુહીમ (ચળવળ)કો અચ્છે અંદાઝમેં સમઝા ભી, તેહરીરી એતબારસે ભી જવાબ દિયા, ઔર ઈસ મુહીમમેં સબસે આગે બળ્હકરકે ચલ રહે હૈં. ઉમ્મત પર લાઝિમ હૈ કે જો મુક઼્તદા આગે ચલ ચૂકે હૈં ઉનકા સાથ દો, ઉનકે પીછે પીછે ચલો, તાકે કમ અઝ કમ ઈસ ક઼ાનૂનની તબદીલીકી લોગ બાત કર રહે હૈં, ઉસ ક઼ાનૂનકી હિફાઝતમેં હમ અપના ક઼દમ તો લિખા સકેં.

ઔર બાઝાબ્તા મૈં ગુઝારિશ કરુંગા યહાંકી અવામસે જો બુઝુર્ગ લોગ હૈં વો ઈસ સિલસિલેમેં કોશિશ કરેં. જંબુસરમેં પેમ્ફલેટ શાએઅ કિયે ગયે હૈં ઔર આજ બાઝાબ્તા મદ્રસા મસ્જિદોંમેં ઈસ બાતકે એલાનાત હોંગે ઔર બિલ આખિર વો રાય પહુંચાઈ જાએગી વહાં પર. મૈં આપ સે ગુઝારિશ કરતા હૂં ઈસ સિલસિલેમેં કે આપ ખામોશ ન રહેં, ઔર યહ ન સમઝેં કે યહ કોઈ નોર્મલ બાત હૈ, મામૂલી બાત હૈ. મામૂલી બાત નહીં હૈ ! લોગ હમારે જઝબોંકો નાપ રહે હૈં, લોગ હમારે એહસાસતકો દેખના ચાહતે હૈં, કે યહ સિર્ફ નામલેવા હૈં ઈમામ હુસૈન رضی اللہ عنہ કે યા ફિર કિરદારે હુસૈન કો ઝિંદા કરને કે લિએ તૈયાર હૈં. તો વક્ત વો આ ગયા.

ઈમામે હુસૈનકી ભી ઝિંદગીકો દેખો. વહી બાત જો અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہ કી ઝિંદગીમેં થી, પલટકરકે વહીં બાત હિ.સ. ૬૦કે બાદ સૈયદના ઈમામે હુસૈન رضی اللہ عنہ કે સાથ ભી પેશ આઈ. યઝીદ કે સાથ કયા કોઈ પર્સનલ મામલા થા ? કયા કોઈ ખાનદાની લળાઈ થી ? કયા કોઈ ઝમીન જાઈદાદ કે મસ્અલે થે ? કોઈ બાત નહીં થી ! ઈમામ હુસૈન رضی اللہ عنہ ને યહી કહા થા :–

انهو لاقد لزم اطاعة السيطن وتركا واظهر الفساد
يشرال خمر ويترك الصلوة

ઈમામ કે યહ ખુત્બે તારીખે તિબરી વગૈરામેં મૌજૂદ હૈં કે યઝીદ કે ખિલાફ ઈસ લિયે હૈં કે વો ઔર ખરાબિયોં કે સાથ સાથ મહરમાતસે નિકાહ જાઈઝ બતા રહા થા ! ફૂફીસે, ખાલાસે, બહન બેટીસે નિકાહકો જાઈઝ ક઼રાર દે રહા થા ! *(ગુલઝારે શોહદા, ૨/૪૩૫)* યહી તો બાત થી નિકાહવાલી !

حُرِّمَتْ عَلَيْكُمْ اُمَّهٰتُكُمْ وَبَنٰتُكُمْ وَاَخَوٰتُكُمْ وَ
عَمّٰتُكُمْ وَخٰلٰتُكُمْ وَبَنٰتُ الْاَخِ وَبَنٰتُ الْاُخْتِ----

*(સૂરએ નિસાઅ, આ. ૨૩)*કા હી તો ઈન્કાર હો રહા થા ! ઔર આજ ઉસી નહઝ પર ફિર ઝાલિમ ઉઠ રહે હૈં. મગર હમ પર લાઝિમ હૈ કે ક઼ાનૂનકે દાઈરેમેં રહકર કે હમ અપની આવાઝ ઉસ જગહ પર પહુંચાએંગે, જહાં હમારી આવાઝકો સુના જાએ. ઔર ઈસ સિલસિલેમેં અવામ બિલ્કુલ મુત્તહિદ હો,

Web: www.barkatekhwaja.net

ઔર હો સકે તો પ્લાન બનાકરકે બાઝાબ્તા ઔરતોંકી ભી ઔર મર્દોંકી ભી ઈસ સિલસિલેમેં રેલિયાં ભી નિકલની ચાહિયે. ઔર ઈસ રેકોર્ડકો કોડ કરાએં કે તીન તલાક઼કે ક઼ાનૂનકી તબદીલીવાલી જો બાત હૈ યહ હમેં ક઼બૂલ નહીં, હમેં મંઝૂર નહીં હૈ. ચાહે કુછ ભી હો જાએ હમ વહી માનેંગે જો હમારે રબને હમેં કુર્આનમેં કહા હૈ, હમ વહી માનેંગે જો હમારે નબી ﷺને હમેં કહા હૈ. ઔર હમ ઉસ ક઼ાનૂનમેં સરે મુંહ તેહરીફ (રજમાત્ર ફેરફાર)કે કાઈલ (સ્વીકાર નાર) નહીં હો સકતે હૈં.

## ઈસ્લામકે ખિલાફ યહ બાતેં ક્યૂં ઉઠાઈ જાતી હૈં ?

અબ દેખિયે ! યહ ઈસ્લામ જો ઈત્ના કમ્પલિટ મઝહબ હૈ, જો ઈતના મુકમ્મલ મઝહબ હૈ. હક઼ીક઼તમેં સારી બાતેં ઉઠાઈ ઈસ લિયે જાતી હૈં કે લોગોંને અચ્છી તરહસે ઈસ્લામકો જાન લિયા. હમ અપને ઘરકો ઈતના ગૌરસે નહીં દેખતે જિતના ચોર તુમ્હારે ઘરકો દેખ રહા હૈ ! ઈસ લિયે કે ચોરી જો ઉસે કરની હૈ. વો ડકૈતી કરના ચાહતા હૈ આપકે ઘરમેં, ઈસ લિયે વો ગૌરસે દેખતા હૈ કે કિસ જગહસે નકબ લગાયા જાએ (બાકોરૂ પાડવામાં આવે), કિસ જગહસે ઘૂસા જાએ, કહાંસે ચોરી કરની આસાન હોગી. વો જાનતે હૈં કે ઈસ્લામકા હુસ્ન ઐસા હૈ કે પર્દે ઉઠ ગયે તો દુન્યા પૂરી ઈસ્લામકી તરફ આ જાએગી ! વો ઈસલિએ ઈસ્લામકો બદનામ કરના ચાહતે હૈં, ઔર ઈસ્લામકે ક઼ાનૂનોં પર એતરાઝ કર રહે હૈં. વરના હક઼ીક઼ત બાત દેખી જાએ તો મામલા યહ હૈ કે મુલ્કમેં કઈ ક઼ાનૂન ઐસે ભી હૈં કે પૂરે મુસલમાનોંકો મંઝૂર નહીં, ઔર અગર વો એહતેજાઝ કરેં તો ક્યા યહ ક઼ાનૂન તબદીલ કર દેંગે ? કઈ ક઼ાનૂન ઐસે હોંગે જો મંઝૂર નહીં, તો હમ ભી ઉસ પર એહતેજાઝ કરેં તો ક્યા બદલ દિયે જાએંગે વો ક઼ાનૂન ?! હર ચાર પાંચ આદમી, ઔરતેં બૈઠકર ટીવીઓં પર બાત કરેં ઔર કહને લગે કે યહ ઈન્સાફકે ખિલાફ હૈ ! હમારે ઉલમાને કિતાબોંમેં લિખકર, બયાનાત કે ઝરીઆ વાઝેહ (સ્પષ્ટ) કર દિયા હૈ કે તલાક઼કા જો હુકમ ઈસ્લામને દિયા હૈ વહી ઈન્સાની ફિતરત (માનવ પ્રકૃતિ)કે અયન મુતાબિક઼ હૈ, ઔર વહી ઈન્સાફ હૈ, ઔર ઉસી ઈન્સાફકે લિયે ઈસ્લામને યહ ઝાબ્તા ક઼ાઈમ કિયા હૈ.

ઔર યહી બાત નહીં હૈ કે સિર્ફ મર્દ હી તલાક઼ દે સકતા હૈ, 'ખુલઅ'કી સૂરત ઈસ્લામમેં કયૂં રખ્ખી ગઈ ?! ખુલઅકી જો સૂરત હૈ, ઉસ સૂરતમેં બાઝાબ્તા ઔરત હી કો તો ઈખ્તિયાર દિયા ગયા હૈ કે વો અપની તરફસે તલાક઼કી જો સૂરત હૈ વો પેશ કર સકતી હૈ. ઔર 'તફવીઝે તલાક઼' (તલાક઼નો હક્ક઼ પત્નીને સોંપવો) કી જો સૂરત હૈ, તલાક઼ સુપરત કરનેકી બાત, તો યહ ભી ઈસ્લામને ઔરત કો હક્ક઼ દિયા હૈ. મગર યહ મુખાલિફ બાઝાબ્તા ઉન સૂરતોંકો હાઈલાઈટ કરતે હૈ જિસમેં વો ઈસ્લામકો બદનામ કર સકે. ઔર ઉન સૂરતોંકો લોગોં કે સામને પેશ નહીં કરતે જિનકો પેશ કિયા જાએ તો ઈસ્લામકા ચહેરા નિખર કર સામને આ જાએ ! મગર હમ પર તો લાઝિમ હૈ કે વો જો વો નહીં પેશ કરતે હૈં વો હમ તો પેશ કરેં ! જો વો દુન્યાકો નહીં બતાતે, હમ તો બતાએં. જો ઈલાહી ક઼ાનૂન વો બદલના ચાહતે હૈં, હમ તો બતાએં કે હમેં યહ મંઝૂર નહીં હૈ. ઈસલિયે યાદ રખ્ખો કે અગર ઈસ તરહકી મુહીમ ચલતી રહી ઔર હમ દુઆ કરતે હૈ ઈન્શાઅલ્લાહુલ્ અઝીમ ! અલ્લાહ ઝરૂર મુસલમાનોં કો ઈસ પર ગલ્બા અતા ફર્માએગા, અલ્લાહ ઉનકી શરારતોંકો તોળ દેગા. મગર હમ પર ભી કુછ લાઝિમ હૈ, હમારે ઉપર ભી કુછ ઝિમ્મેદારિયાં આઈદ હોતી હૈં કે જો ઝિમ્મેદારાન હૈં વો ઈસ પર તવજ્જેહ દેં ઔર જો ફોર્મ હૈ ઉસે ઘર ઘર બાટેં ઔર ઉસ પર મા બહેનોં કે દસ્તખત લેં ઔર ૧૨ નવેમ્બર ૨૦૧૬ કે પહલે પહલે ખતકો બતાએ હુએ પતે પર રજી. યા Emailસે પહોંચાએં. وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْن

## ★ દયાદરામાં મુહર્રમ શરીફના પ્રોગ્રામો ★

**દયાદરા** : ખાતે ૧–મુહર્રમ શરીફથી ઈશા બાદ મેહફિલે દુરૂદે પાક પછી યાસીન શરીફનો ખત્મ જારી રહ્યો. ૫–મુહર્રમના રોજ ખત્મે યાસીન બાદ મસ્જિદમાં મૌલાના તૌસીફ રઝા હલદરવીએ શહીદની ફઝીલત પર બયાન કરી ઈમામે હુસૈન رضی اللہ عنہની આ'લા ફઝીલત વર્ણવી હતી. ૬–મુહર્રમ વાડી સ્ટ્રીટના જુવાનો તરફથી મસ્જિદમાં મૌલાના ઝહીર મિસ્બાહીએ શહાદતે હુસૈન رضی اللہ عنہ પર શાનદાર બયાન કર્યુ. ૮–મુહર્રમના રોજ મૌલાનાએ અહલે બયતની ફઝીલત પર શાનદાર બયાન કર્યુ. ૯–મુહર્રમના મોટા ચકલા પર ઈશા બાદ જશ્ને શોહદાએ કર્બલા મનાવાયો જેમાં હાફિઝ ઝયનુલ આબિદીન તથા કારી મકસૂદ સાહબે નઅતો મન્કબતના ગુલદસ્તા પેશ કર્યા, બાદમાં મૌલાના તૌસીફ રઝા હલદરવી સાહબે શાને હુસૈન رضی اللہ عنہ તથા અહલે બયતમાં ઈમાન અફરોઝ બયાન કર્યુ. ૧૦–મુહર્રમની રાત્રે મોટા ચકલા પર મૌલાના ઝહીર મિસ્બાહી સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ સબ્રની ફઝીલત અને ઈમામે હુસૈન رضی اللہ عنہ તથા અહલે બયતની આ'લા સબ્ર પર બયાન કરીને, અકીદા તથા અમલની ઈસ્લાહ કરતું બયાન કર્યુ. ૧૦–મુહર્રમના સવારે ૮–વાગ્યાથી મસ્જિદમાં યાદે શોહદાએ કર્બલામાં પ્રોગ્રામ થયો. જેમાં મૌલાના ઝહીર સાહબે કર્બલાવાળાઓ શું પયગામ આપી ગયા તેના પર શાનદાર બયાન કર્યુ હતું. બાદમાં વ્યક્તિગત નફલો પઢાવીને દુઆએ આશૂરા પઢવામાં આવી. સલાતો સલામ દુઆ બાદ પ્રોગ્રામ ખત્મ થયો.

**દયાદરા** : ખાતે જ ૬–મુહર્રમના ઝહોર બાદથી 'ઉર્સે અઝીઝી' ઉર્ફ સૈયદ અઝીઝ અહમદ બડાસાહબ તિર્મિઝી رحمۃ اللہ علیہના ઉર્સ નિમિત્તે સંદલનું જુલૂસ હાફિઝ અશરફ ભટાના ઘરેથી ખાનકાહે સાબરી પહોંચ્યું. અસર બાદ સંદલવિધિ, ગુલપોશી, ચાદરપોશી તથા સજ્જાદાનશીન હઝરત સૈયદ નૂરાનીબાવા તેમજ જાનશીન સૈયદ ફરીદબાવાની દુઆઓ સાથે કરવામાં આવી. બાદમાં આમ ન્યાઝનો દૌર ચાલ્યો જેમાં ગામના બહારના બહોળી સંખ્યામાં આવેલા લોકોએ ન્યાઝ જમી. રાત્રે ઈશા બાદ "જશ્ને હુસૈન رضی اللہ عنہ" ઉર્સે અઝીઝીમાં દરગાહ કંપાઉન્ડમાં મનાવાયો જેમાં મૌલાના મુબારક મછાસરવીએ શાને અહલે બયત પર કુર્આન હદીષની રોશનીમાં ઈમાન અફરોઝ બયાન કર્યુ. છેવટે સલાતો સલામ દુઆ બાદ પ્રોગ્રામ ખત્મ થયો, અંતમાં ખીરની ન્યાઝ વહેંચવામાં આવી.

## ★ જશ્ને ઉષ્માન વ ઉમર વ મુસ્તફા રઝા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ★

**જૂનાગઢ** : અહીં સ્ટાર સોશ્યલ ટ્રસ્ટ તરફથી કોર્ટ સામે, શાહી જુમ્મા મસ્જિદના કંપાઉન્ડમાં તા. ૨૨–૯–૨૦૧૬, જુમેરાતે ઈશાની નમાઝ બાદ અમીરુલ મો'મિનીન હઝરત સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ તથા અમીરુલ મો'મિનીન હઝરત ઉષ્માને ગની رضی اللہ عنہની યૌમે શહાદત તથા હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની યૌમે વિલાદતના મૌકા ઉપર એક શાનદાર જલ્સાનું આયોજન પીરે તરીકત, ગુલઝારે મિલ્લત, હઝરત અલ્લામા ગુલઝાર અહમદ સાહબ નૂરી (સજ્જાદાનશીન ખાનકાહે રઝવિય્યહ, જૂનાગઢ)ની સદારતમાં કરવામાં આવેલ. આ જલ્સામાં ખાસ કરીને મહારાષ્ટ્રના મશહૂર આલિમ ખતીબે ઝીશાન હઝરત મૌલાના સૈયદ અમીનુલ કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ ખાસ હાજરી આપી શાનદાર તકરીર ફર્માવી હતી. તેમજ બુલબુલે બાગે મદીના શાઈરે ઈસ્લામ જનાબ કારી મિનહાઝ રઝા સાહબે તેમના મધુર કંઠે નઅતે રસૂલ તથા મનકબત પેશ કરેલ. આ જલ્સામાં મુફતી હઝરત મૌલાના હસીબુર્રહમાન સાહબ, સૈયદ સાજિદ બાપુ, ધોરાજીના મુફતી મુનવ્વર રઝા (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) તેમજ જૂનાગઢ શહેરના ઉલમાએ કિરામ, સાદાતે એઝામે ખાસ હાજરી આપી હતી. જલ્સો પૂર્ણ થતાં સલાતો સલામ બાદ હઝરત અલ્લામા ગુલઝાર અહમદ નૂરીએ વજદ આફરીન અંદાઝમાં દુઆ કરી હતી. *–અસ્લમ જમાલ કુરૈશી*

## સુન્ની દા'વતે ઈસ્લામીની ગતિવિધિઓ

**પાલેજ** : થી મુબલ્લિગો ઈમરાન નૂરી, યુસૂફ નૂરી એક એક દિવસના કાફલાની શક્લમાં વેલુગામ, નેત્રંગ, રાજપારડી, વણાકપોર, શીનોર, ઉતરાજ, માંડવા, મેસરાડ, રહાડપોર, અઝીમ નગર, સલાદરા, કારવણ, જીયા તલાવડી, ડભોઈ, સૂરા સામન, કુકસ, ઉતરાજ, અવાખલ, ગરાદી, મોતીપૂરા, માલપુર, કનાયડા....વગેરેના દૌરા ઉપરાંત સાધલી દર શનિવારે હપ્તાવારી ઈજતેમા તેમજ તા. ૧૨–૧૦–૨૦૧૬ના રોજ સાધલી મસ્જિદમાં ઝહોરથી અસર સુધી હાફિઝ અ.રહીમ બરકાતી તેમજ ઈમરાન નૂરીએ તર્બિયતી ઈજતેમામાં વિવિધ મસાઈની તર્બિયત કરી જેમાં સાધલી ઉપરાંત આસપાસના ગામોથી પણ મોટી સંખ્યામાં યુવાનો વડીલોએ હાજરી આપી દીની મસાઈલ શીખ્યા.

**ડભોઈ** : થી તા. ૧૬–૧૦–૨૦૧૬ રવિવારે ઝહોર બાદ છીપવાડથી નૂરી કાફલો મોતીપુરા ગયો. અસર બાદ ત્યાં તર્બિયતી ઈજતેમા મસ્જિદમાં થયો. દર શનિવારે કાઝી મસ્જિદમાં હપ્તાવારી ઈજતેમા થયા જેમાં હાફેઝ અફઝલ સરનારવીએ નઅત તથા સુન્નતનો દર્સ, મૌલાના અ.રઊફે મસાઈલનો દર્સ, મૌલાના તૌસીફ પાલેજવાળાએ ઈસ્લાહી બયાન કર્યા. દર રવિવારે અલગ અલગ મસ્જિદોમાં ચિશ્તિયા મસ્જિદ, ફયઝે રઝા મસ્જિદ વગેરેમાં તર્બિયતી ઈજતેમા થયા. તથા ભરૂચ ઈજતેમા ૫–૬ નવે.ની દાવત માટે આસપાસ દૌરા ચાલુ છે.

**દયાદરા** : ખાતે દરરોજ અસર બાદ દર્સ તંત્રી બરકાતે ખ્વાજા થકી 'બરકાતે શરીઅત'માંથી આપવામાં આવ્યો જેમાં બિસ્મિલ્લાહની, તિલાવતે કુર્આનની, દુરૂદ શરીફની ફઝીલતો વર્ણવવામાં આવી. દર રવિવારે હપ્તાવારી ઈજતેમામાં મૌલાના ઝહીર મિસ્બાહી, હાફેઝ અ.રહીમ, મૌલાના સાબિર મિસ્બાહી વગેરે મુબલ્લિગોએ તર્બિયતી ઈજતેમા કર્યા.

**વાગરા** : ખાતે નૂરાની મસ્જિદમાં પેશ ઈમામ મૌલાના ઈબ્રાહીમ જંબુસરી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) થકી ડેઈલી અસર બાદ અખ્લાક્યાત તથા સુન્નતોનો દર્સ અને ઈશા બાદ દર્સે કુર્આન તથા ૧૦ દિવસ મુહર્રમમાં "યાદે શોહદાએ કર્બલા"ના પ્રોગ્રામો થયા.

**ભરૂચ** : ખાતે ફયઝાને રઝા ઈબાદતગાહ વ નૂરી તર્બિયતી સેન્ટર (પાંચબત્તી) ખાતે અસર બાદ ડેઈલી દર્સ જનાબ તારીક્ભાઈ શેખ થકી અપાયો. તેમજ ૫–૬ નવેમ્બર ભરૂચ ઈજતેમાને લગતી એક મિટિંગ "સુન્ની દા'વતે ઈસ્લામી"ના મુબલ્લિગો, ઉલમા, મુઆવિનોની તા. ૯–૧૦–૨૦૧૬ના રાખવામાં આવી જેમાં મૌલાના ઝહીર મિસ્બાહી, મૌલાના અલ્તાફ ચાંચવેલી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ શહેર), મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી, હાફિઝ અ. રહીમ બરકાતી તેમજ અન્ય હાજરજનોમાંથી સાથીઓએ ઈજતેમાની કામયાબી તથા તબ્લીગના કામના વધારા માટે સારા એવા મશ્વરા તથા સૂચનો આપ્યાં અને ઈજતેમાના કામની વહેંચણી કરવામાં આવી. અંતમાં પટેલ શબ્બીર અલી રઝવીએ હાજરી આપનાર સૌનો વિશેષતઃ ઉલમાનો ખૂબ આભાર માન્યો હતો. આ ઉપરાંત વિવિધ મસ્જિદોમાં હપ્તાવારી ઈજતેમા તથા દર્સ આપવામાં આવ્યો.

**બોડેલી** : ખાતે દર રવિવારે ઈશા બાદ રઝા મસ્જિદ (કુબેર નગર) ખાતે તર્બિયતી ઈજતેમા થાય છે જેમાં મકામી મુબલ્લિગો ઉપરાંત મૌલાના ઝહીર મિસ્બાહી, હાફિઝ અ. રહીમ બરકાતી વગેરે હાજરી આપે છે. તે ઉપરાંત આસપાસનાં ગામો જબુગામ, ઊંચાપાન, રઝા નગર–બોડેલી, તેજગઢ, શેખ મહોલ્લા–બોડેલી, ગંભીરપુરા, (રૂસ્તમપુરા પાસે) વગેરે અઠવાડિક તેમજ અન્ય દિવસોમાં ઈજતેમા થતા રહ્યા.

**આમોદ** : દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદથી તલબા ઉસ્તાદોની રહબરીમાં નૂરી કાફલા દર જુમેરાતે વિવિધ ગામો બુવા, કેરવાડા, પુરસા, સૂડી તેમજ આમોદ શહેરમાં પણ જતા રહ્યા અને દીનની તાલીમ તથા તર્બિયત માટે ઈજતેમા થયા. તલબા સાથે સર્વ ઉસ્તાદો વારાફરતી નૂરી કાફલામાં ગયા હતા.

**કોસંબા** : ખાતે મુબલ્લિગો મક્બૂલભાઈ, ખલીલભાઈ કુરૈશી તેમજ સાથીઓ થકી ઈજતેમા, ચોક દર્સ વગેરે તર્બિયતી કામો દર અઠવાડિયે તેમજ અન્ય દિવસોમાં ચાલુ રહ્યા.

એ જ પ્રમાણે જંબુસર, સૂરત, વડોદરા, બાસ્કા, ભાવનગર, ધોરાજી વગેરે સુન્ની દા'વતે ઈસ્લામીની શાખોએ અઠવાડિક ઈજતેમા તેમજ અન્ય દર્સ વગેરેનાં કામો, પબ્લિકની ઈસ્લાહનાં જારી રાખ્યાં.

**મેઘરજ** : થી હાજી અ. રઝઝાકભાઈ હાજી અહમદભાઈ ખભરાટના પુત્ર મુહમ્મદ રયહાનને ચાલુ વરસે N.H.L. મ્યુનિસિપલ મેડિકલ કોલેજ અમદાવાદમાં એમ.બી.બી.એસ.માં એડમિશન મળેલુ છે, જેની ખુશીમાં રૂા. ૫૦૦/– ''ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા''ને મોકલ્યા છે. મુબારકબાદ ! જઝાકલ્લાહ ! અલ્લાહ દીન વ દુનિયામાં ઔર તરક્કી આપે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ ચાંચવેલમાં શાદીના મૌક઼ા પર સુન્ની ઈજતેમા ★

**ચાંચવેલ** : ખાતે તા. ૨૩–૯–૨૦૧૬ જુમ્આના રોજ ઈશા બાદ ઈકબાલ હાજી ઈબ્રાહીમ ઘેલા શેઠની શાદીના મોકા પર ''સુન્ની દા'વતે ઈસ્લામી''નો અઝીમુશ્શાન ઈજતેમા રાખવામાં આવ્યો. જેમાં હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ શાદીની ગલત રસ્મો વિશે નિર્દેશ કરીને તથા નવયુવાનોને દીન પ્રતિ આકર્ષતુ બયાન પોતાના અનોખા અંદાઝમાં કર્યું હતું. બહોળી સંખ્યામાં મક઼ામી તથા આસપાસના તથા દૂર દૂરના નવ યુવાનોએ હાજરી આપી હતી.

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ! ::

**બ્લેકબર્ન** : હઝરત મૌલાના ઈકબાલ મિસ્બાહી વોરાસમનીવાળાના વેવાઈ જનાબ મૂસાભાઈ માંચવાળા (હાફેઝ મકસૂદના વાલિદ–બ્લેકબર્ન) તા. ૧૬–૮–૨૦૧૬ના રોજ અલ્લાહ તઆલાની રહ્‌મતમાં પહોંચી ગયા છે. اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ મર્હૂમ ઘણા જ નેક પરહેઝગાર, ક઼ૌમના હમદર્દ, નેક નમાઝી હતા. અલ્લાહ તઆલા તેના પ્યારા હબીબ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺના સદક઼ામાં મર્હૂમની મગફિરત ફર્માવી જન્નતુલ ફિરદૌસમાં આ'લા મક઼ામ અતા ફર્માવે. (આમીન)

**કલમ** : (તા. વાગરા) ખાતે અઝીઝભાઈ ઈબ્રાહીમ ઝંઘારીઆના વાલિદા આઈશા ઈબ્રાહીમ ઝંઘારીઆનો તા. ૨૦–૯–૨૦૧૬ મંગળવારના દિવસે આશરે ૭૫ વરસની વયે ઈન્તેક઼ાલ થયો છે.

**આમોદ** : ખાતે મૌલાના ઈકબાલ શમ્સીના વાલિદ સાહબ પટેલ અબ્દુલ્લાહ અલી ઉમરજી દુકાનવાલાનો હાર્ટ એટેકમાં હજ્જના સફર દરમિયાન મક્કા શરીફમાં ૧ ઝીલ હજ્જ હિ.સ. ૧૪૩૭, તા. ૪–૯–૨૦૧૬ રવિવારના રોજ ઈન્તેક઼ાલ થયો છે. સરાયા ક઼બ્રસ્તાનમાં મર્હૂમની દફનવિધિ થઈ. નમાઝે જનાઝા હાફેઝ ઈકબાલ થામવાળાએ પઢાવી હતી.

**ટસા** : (જિ. અમરેલી)થી ગનીભાઈ લતીફભાઈ જણાવે છે કે તેમના પત્ની સાહેબા એમણાબાઈ ૭૫ વરસની વયે તા. ૩૦–૮–૨૦૧૬ મંગળવારે ખુદાની રહ્‌મતમાં પહોંચી ગયાં છે.

**દયાદરા** : ખાતે ઈબ્રાહીમ વલી ધનીઆવીવાળાનો લગભગ ૬૦ વરસની વયે ૩–૧૦–૨૦૧૬ સોમવારના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે. તેમજ યૂસુફ ઈસા લશ્કરીનો ૭૫ વરસની વયે ઈન્તેકાલ થયો છે.

**વીરપુરશરીફ** : (તા. બાલાશિનોર) ખાતે હઝરત સૈયદ કાલુબાવા દરિયાઈનાં વાલિદા મોહતરમા હજીયાણી સૈયદા ઝોહરાબીબી ગુલામ અહમદનો તા. ૨૩–૯–૨૦૧૬ જુમ્આના રોજ, ૨૩ ઝીલ હજ્જ હિ.સ. ૧૪૩૭ના રોજ ઈન્તેક઼ાલ થયો છે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નેહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*